| અપીલ નં. /વર્ષ | માહિતીનું વિષય વસ્તુ | હુકમ નં.તારીખ |
|---|---|---|
| ૧ તા.૩૦/૦૪/૧૨ | આરટીઆઈ એક્ટ હેઠળ શ્રી પીંકલ પ્રફુલચંદ્ર ઘીવાળાની તા.૦૯/૦૩/૨૦૧૨ની અરજીથી (૧)સુરત જીલ્લા ડીસ્ટ્રીકટમાં પાણીનો વેપાર કરતી ટોટલ સંસ્થા કેટલી દરેક સંસ્થાના નામ–એડ્રેસ જણાવવા.(૨)પાણીનો વ્યવસાય કરવા માટે કેટલા લાયસન્સ લેવા પડે છે. એના માટે કયા કયા કાયદાનું પાલન કરવાનું રહે છે.(૩)પાણીના ધંધો કરતા કેટલી સંસ્થા પાસે આઈએસઆઈ માર્કો નથી અને આઈએસઆઈ માર્ક લેવા માટે કયા કયા કાગળીયાની જરૂર રહે છે વિગેરે બાબતની માહિતી આપવા બાબત. | પીએચડી/પીઓ/આરટીઆઈ/અપીલ/૧૬ તા.૧૬/૦૭/૧૨ |
| ૨ તા.૧૫/૦૫/૧૨ | આરટીઆઈ એક્ટ હેઠળ શ્રી પીંકલ પ્રફુલચંદ્ર ઘીવાળાની તા.૧૦/૦૪/૨૦૧૨ની અરજીથી તૃપ્તિ એન્ટરપ્રાઈઝ, પ્લોટ નં. ૫૪–૫૫,સી. કે. પાર્ક, હરિપાર્ક રોડ, સુરતના પાણીના પ્લાન્ટ પરથી લીધેલ સેમ્પલોના આવેલ રીપોર્ટ તે અંગે થયેલ કાયદાકીય કાર્યવાહી, તપાસ દરમ્યાન રજુ કરેલ લાયસન્સ, પ્લાન્ટ પર સીલ મારવામાં આવેલ કે કેમ? આવી સંસ્થાઓને આપવામાં આવેલ લાયસન્સ વિગેરે બાબતે મુદ્દા. નં (૧)થી(૯)ની માહિતી આપવા બાબત. | પીએચડી/પીઓ/આરટીઆઈ/અપીલ/૧૭ તા.૧૬/૦૭/૧૨ |
| ૩ તા.૧૮/૦૫/૧૨ | આરટીઆઈ એક્ટ હેઠળ શ્રી મુકેશકુમાર જે. માલીની તા.૧૬/૦૩/૧૨ ની અરજીથી મ્યુનિ. કેસ નં.૧૦૭૭/૧૦ થી મ્યુની. કોર્ટમાં દાખલ કરેલ ફરિયાદ તથા તેના આનુસાંગિક પુરાવાઓ તથા ફરિયાદ દાખલ કરવા માટે નાયબ આરોગ્ય અધિકારી અથવા આરોગ્ય અધિકારી અથવા સક્ષમ ઓથોરીટીએ આપેલ મંજુરી તથા ઉપરોકત ફરીયાદના કામે તા.૩૧/૦૩/૨૦૧૦ ના રોજ સાઉથઝોન /આરોગ્ય/૧૦૫૧ની નોટીસ તથા સી.સ્થા .સ./૭૧૧ કમિશનર કચેરી સહીથી ધી.બી.પી.એમ.સી. એક્ટ કલમ ૩૧૩ના પત્રો ઉપરોકત તમામની નકલો આપવા બાબત. | પીએચડી/પીઓ/આરટીઆઈ/અપીલ/૩૪ તા.૧૬/૦૮/૧૨ |
| ૪ તા.૨૫/૦૫/૧૨ | આરટીઆઈ એક્ટ હેઠળ શ્રી નરેશભાઈ નાનજીભાઈ બથવારની તા.૨૯/૦૩/૧૨ ની અરજીથી કુલ ૨૨૪ હેવી વ્હીકલ ડ્રાયવરોની જાહેરાત નં. પી.આર.ઓ./૫૯૭ તા.૧૯/૦૩/૨૦૦૭ ડ્રાયવરો તરીકે નિમણુંક આપેલ છે જેના અનુસંધાનમાં નામ, કર્મચારી નંબર, જન્મતારીખ લાયસન્સ નંબર, અનુભવોના પ્રમાણપત્રોની, શૈક્ષણિક લાયકાત, જાતિ, ઝોન/વિભાગ ,વ્હીકલ્સના નામ, નંબર સહિતની પારદર્શી માહિતી ફકત મહેકમ તથા રીક્રુટમેન્ટ વિભાગમાંથી ઉપલબ્ધ રેકર્ડ આધારીત સંપૂર્ણ સહી –સિકકા સહિતની માહિતી આપવા બાબતે. | પીએચડી/પીઓ/આરટીઆઈ/અપીલ/૩૨ તા. ૦૮/૦૮/૧૨ |
| ૫ તા.૨૮/૦૫/૧૨ | આરટીઆઈ એક્ટ હેઠળ શ્રી સ્વપનીલ સોની તા.૧૨/૦૪/૨૦૧૨ની અરજીથી સુરત મ્યુ. કોર્પો.ના હદ વિસ્તારમાં હોટલો, રેસ્ટોરન્ટ, બરફ ફેકટરી, આઈસક્રીમ બનાવવાની ફેકટરી, ફરકી, જનતા આઈસક્રીમ, સાયબરકાફે, યુ.એસ.ફીઝા, મેકડોનેલ્સ, ડોમીનોઝ,ચોકલેટ– બીસ્કીટના વેપારીઓ અને સુરતમાં કેરીના રસનો વેચાણ કરતા તમામ વેપારીઓ જયુસ અને શરબતવાળા , તમામ મીઠાઈવાળા, તમામ મોલ્સ તેઓના નામ અને સ્થળની વિગત આપવી. (૨) ઉપરોકત સંસ્થા પાસે હેલ્થનું લાયસન્સ છે? કયા નિતીનિયમને આધારે આપવામાં આવેલ, કંઈ તારીખે ઈસ્યુ કરવામાં આવેલ વિગેરેની માહિતી આપવા બાબત. | પીએચડી/પીઓ/આરટીઆઈ/અપીલ/૨૪ તા.૨૧/૦૭/૧૨ |
| ૬ તા.૩૦/૦૫/૧૨ | આરટીઆઈ એક્ટ હેઠળ શ્રી મહેન્દ્રસિંહ એ બ્રહમભટ્ટની તા.૨૩/૦૪/૧૨ની અરજીથી (૧) કમિશનરશ્રીના હુકમ/પરિપત્રો/આદેશ મુજબ દરેક ફુડ ઈન્સ્પેકટરે માસિક ઓછામાં ઓછા ૨૦ સેમ્પલ લાવવાનું જણાવેલ તે મુજબ છેલ્લા છ માસમાં તમામ ૧૧ ફુડ ઈન્સ્પેકટરો ૨૦–૨૦ સેમપલો લાવ્યા હોય કે ન લાવ્યા હોય તેની સંપુર્ણ માહિતી આપવી.(૨)જે જે સંસ્થાના લીધેલ સેમ્પલો તથા પૃથ્થકકરણ રીપોર્ટ તથા મ્યુનિ. કોર્ટમાં દાખલ કરેલા કેસ સહિતની વિગતવાર માહિતી આપવી.(૩)સેમ્પલો ન લાવ્યા હોય કે અન્ય બાબતે જે જે ફુડ ઈન્સ્પેકટરો ધ્વારા નિયમોનું ઉલ્લંઘન કરાયુ હોય તેઓ વિરુધ્ધ થયેલ કાર્યવાહીની માહિતી આપવા બાબત. | પીએચડી/પીઓ/આરટીઆઈ/અપીલ/૧૯ તા.૧૬/૦૭/૧૨ |
| ૭ તા.૦૬/૦૬/૧૨ | આરટીઆઈ એક્ટ હેઠળ શ્રી માધુભાઈ ડી.ચાંચીયાની તા.૨૧/૦૫/૧૨ ની અરજીથી ખાનગી સંસ્થાના દાખલા (મરણના) માન્ય થતા હતા? અને એ દાખલા આધારે મરણ સર્ટીફીકેટ એસ.એમ.સી. એ પુરા પાડેલા? વિગેરે બાબત ની માહિતી. | પીએચડી/પીઓ/આરટીઆઈ/અપીલ/૧૮ તા.૧૬/૦૭/૧૨ |
| ૮ તા.૧૨/૦૬/૧૨ | આરટીઆઈ એક્ટ હેઠળ શ્રી નરેશભાઈ નાનજીભાઈ બથવારની તા.૧૦/૦૪/૧૨ ની અરજીથી (૧) એસએમસીના સાત ઝોન વિસ્તારમાં કુલ કેટલી સંખ્યામાં અર્બન હેલ્થ સેન્ટર બનાવવામાં આવેલ છે. જેના નામ સરનામાં અને સંખ્યા સહિતની માહિતી.(૨) સાત ઝોન વિસ્તારમાં અર્બન હેલ્થ સેન્ટરની ગુજરાત સરકારની ફાળવવામાં આવેલ ગ્રાન્ટની માહિતી. (૩) સાત ઝોન વિસ્તારના અર્બન હેલ્થ સેન્ટરની એસ.એમ.સી.એ ફાળવેલ રકમ અંગેની ઉપયોગીતા–ખર્ચ સહિતની માહિતી આપવા બાબતે. | પીએચડી/પીઓ/આરટીઆઈ/અપીલ/ ૨૦ તા.૧૭/૦૭/૧૨ |
| ૯ તા.૦૪/૦૭/૧૨ | આરટીઆઈ એક્ટ હેઠળ શ્રી ભૂપેન્દ્ર સી પટેલની તા. ૨૫/ ૦૫/૧૨ ની અરજી થી (૧)કર્મ. નં. ૧૦૮૯૧ લોપા ધનસુખલાલ શાહ, મધ્યસ્થ આરોગ્ય મહેકમ વિભાગ કલાર્ક તરીકે ફરજ બજાવે છે. જેમના બાળકો અને પતિના નામ/સરનામા બાબતે સર્વિસ બુકમાં નોંધવામાં આવેલ વિગતોની કોપી બાબતે (૨)લોપા ધનસુખલાલ શાહના બાળકોના પિતાના નામ અને સરનામાની વિગત બાબતે. | પીએચડી/પીઓ/આરટીઆઈ/અપીલ/૨૮ તા. ૦૧/૦૮/૧૨ |
| ૧૦ તા.૧૬/૦૭/૧૨ | આરટીઆઈ એક્ટ હેઠળ શ્રી વિનોદ પી. કંટારીયાની તા.૨૦/૦૬/૧૨ ની અરજી થી (૧) પાંજરાપોળના મરેલ ઢોર, પાડા, પાડી,ભેંસ, ગાય, વાછરડાનો ઈજારો કોને આપવામાં આવેલ છે ? તેમજ મરેલા ઢોરોની અંતિમ ક્રિયા કયા સ્થળે કરવામા આવે છ? (૨) રોડ, શેરી અને મહોલ્લામાં મરેલા બિલાડી, બિલાડા, કુતરા–કુતરી, ગલુડીયા, બકરા–બકરી,હાથી,ઊંટ મરેલાનો ઈજારો કોને આપવામાં આવેલ છે?(૩) મુદ્દા નં. ૧ અને ૨ નો ઈજારો ફાળવવા અંગેની (૪)સુરતની મટન માર્કેટનો ઈજારો આપવામાં આવેલ તેઓના નામ, સરનામા, મોબાઈલ નંબર વિગેરેની માહિતી બાબત. | પીએચડી/પીઓ/આરટીઆઈ/અપીલ/ ૨૭ તા.૩૦/૦૭/૧૨ |
| ૧૧ તા.૧૬/૦૭/૧૨ | આરટીઆઈ એક્ટ હેઠળ શ્રી નરેશભાઈ નાનજીભાઈ બથવારની તા.૧૨/૦૬/૧૨ ની અરજીથી(૧) વરાછા કચરા સ્ટેશનથી કેટલા ટન કચરો જીગર વેસ્ટ મેનેજમેન્ટ, ઈજારદાર ખજોદ કચરા સ્ટેશને ટ્રાન્સફર કરેલ જેની તથા કચરા ટ્રાન્સફરના અંગેના ડેવીએશનના રૂા.૩૨/– લાખ સ્થાયી સમિતિના અધ્યક્ષશ્રી પાસે જેની રજુઆત કરનાર કચરા અધિકારીશ્રીની સંપૂર્ણ પારદર્શિ માહિતીની | પીએચડી/પીઓ/આરટીઆઈ/અપીલ/૨૫ તા. ૨૪/૦૭/૧૨ |

| | | |
|---|---|---|
| | નકલ.(૨) ગ્લોબલ વેસ્ટ મેનેજમેન્ટના ઈરાજદારનાં ડેવીએશનનાં સ્થાયી સમિતિનાં અધ્યક્ષશ્રીને રૂા.૩૫/–લાખ તા.૬/૬/૧૨ નાં રોજ મંજુર કરેલ આધાર–પુરાવા ઠરાવની માહિતીની નકલ. (૩)વરાછા કચરા સ્ટેશનના અને ખજોદ કચરા સ્ટેશનનાં કર્મચારી જીગર અને ગ્લોબલ વેસ્ટ મેનેજમેન્ટના કચરાના ટ્રાન્સફરની દિવસ અને સમય સાથેની માહિતીની નકલ.(૪) કાલે જીગર વેસ્ટ મેનેજમેન્ટ ઈજારદારે વધારે કચરો ઉઠાવાયા અંગેના ડેવીએશન પેટે રૂા.૩૨/– લાખ લઈ ગયા આજે ગ્લોબલ વેસ્ટ મેનેજમેન્ટ રૂા.૩૫/– લાખ લઈ જશે. આજ વરાછા વિસ્તારના જ બંને ઈજારદાર હોય આવતી કાલે ત્રીજો ઈજારદાર ડેવીએશનની માંગણી કરશે તેનો વિચાર કર્યા વગર સ્થાયી સમિતિના અધ્યક્ષશ્રી સદર સમક્ષ સત્તા સમિતિને ચલાવતા હોય જે અંગેની શું આયોજન, નિયમ કે જોગવાઈ કરેલ હોય જેની માહિતીની નકલ. (૫)સુરત શહેરમાં આ ૬૭/– લાખ રૂપિયા સુરતીઓના પસીનાના હોય, જેનો ઉપયોગ શહેર હિતના કામમાં ન કરતા આ રીતે વધારે કચરાનું ડેવીએશન રજુ કરી અને ચુકવવા અંગેના આધાર પુરાવાની પારદર્શી માહિતી આપવા બાબત. | |
| ૧૨<br>તા.૨૭/૦૭/૧૨ | આરટીઆઈ એકટ હેઠળ શ્રી વિનોદ પી. કંટારીયાની તા.૦૬/૦૭/૧૨ ની અરજીથી(૧) નિર્મલ નગર એસ.એમ.સી.ના આવાસ ધારા કે વેચાણની પુરી રકમ ભરી દીધી હોય તેઓના દસ્તાવેજ આપવા અંગેની માહિતીની નકલ. (૨)વેચાણની રકમ ભરપાઈ કરેલી હોય તેમ છતાં ન આપવા અંગેની માહિતી આપવા બાબત. | પીએચડી/પીઓ/આરટીઆઈ/અપીલ/૩૧<br>તા. ૦૭/૦૮/૧૨ |
| ૧૩<br>તા.૨૭/૦૭/૧૨ | આરટીઆઈ એકટ હેઠળ શ્રી રમેશ કે. જાંગીડની તા.૨૭/૦૬/૧૨ ની અરજીથી(૧)તા.૦૭/૦૬/૧૨ નો બિડાણ કરેલ પત્રના અનુસંધાનમાં ડે. કમિશનરે (હે. અને હો.) જે પત્રો પર નોંધ કરી હોય તે નોંધવાળા તમામ પત્રોની નકલો (૨) ડે. કમિશનરે (હે. અને હો.) ની નોંધ થયા બાદ વિભાગ ધ્વારા જે જે કાર્યવાહી કરવામાં આવી હોય તે કાર્યવાહીને નકલો વિગેરેમાહિતી આપવા બાબતે. | પીએચડી/પીઓ/આરટીઆઈ/અપીલ/૩૭<br>તા. ૨૭/૦૮/૧૨ |
| ૧૪<br>તા.૩૧/૦૭/૧૨ | આરટીઆઈ એકટ હેઠળ શ્રી રમેશ કે. જાંગીડની તા.૨૭/૦૬/૧૨ ની અરજી સાથે તા. ૨૪/૦૫/૧૨ ના બિડાણ કરેલ પત્રના અનુસંધાનમાં મ્યુનિ. કમિશનરના વિભાગ તરફથી કરવામાં આવેલ નોંધની નકલ તથા કચેરીની નોંધ થયા બાદ વિભાગ ધ્વારા સંસ્થાઓ વિરુધ્ધ કરેલ કાર્યવાહીની નકલો વિગેરે માહિતી આપવા બાબતે. | પીએચડી/પીઓ/આરટીઆઈ/અપીલ/ ૩૬<br>તા. ૨૭/૦૮/૧૨ |
| ૧૫<br>તા.૦૬/૦૮/૧૨ | આરટીઆઈ એકટ હેઠળ શ્રી અરુણભાઈ એસ પાઠકની તા. ૦૧/૦૬/૧૨ ની અરજીથી (૫) સુરત શહેરમા ૦૧/૦૧/૧૧ થી ૦૧/૦૬/૧૨ સુધીમા આપેલ ખાદ્ય પદાર્થ સેલ્સના પરવાના અંગેની મંજુરી તેમજ પરવાનેદારોને સ્થળ ફેરફાર માટે આપેલ મંજુરીની માહિતી.(૬) સુરત શહેરમા ૦૧/૦૧/૧૧ થી ૦૧/૦૬/૧૨ સુધીમા આપેલ ખાદ્ય પદાર્થ ઉત્પાદક પેઢીઓને આપવામાં આવેલ પરવાનાઓની યાદી તેમજ કેટલા ખાદ્ય પદાર્થ ઉત્પાદક પેઢીઓને જગ્યા ફેરફાર અંગેની મંજુરી તેમજ જગ્યા ફેરફાર,નામ સરનામાની માહિતી (૭) સુરત શહેરમાં ખોરાક અને ઔષદ સેલ્સ તથા ઔષધ પરવાનેદારોની તથા ખાદ્યપદાર્થ સેલ્સ અને ઉત્પાદક પેઢીઓના ઈન્સ્પેકશન માટેની કામગીરી માટે મુકેલ ડ્રગ ઈન્સ્પેકટરો તથા અન્ય અધિકારીઓના કાર્યક્ષેત્ર તથા નોકરીના સમય તથા મોબાઈલ નં. સાથે વિસ્તાર મુજબ વિગતવાર માહિતી.(૮)આપની કચેરીએ સુરત શહેરના છેલ્લા એક વર્ષમા ઔષદ તથા ખોરાક બાબતેની ફરીયાદ બાબતે કેટલી અરજીઓ નોંધાયેલ છે તથા તે ઉપરોકત અરજીઓ ઉપર આપની કચેરીએથી જે કઈ પણ કાર્યવાહી કરવામાં આવેલ હોય તેની સંપૂર્ણ વિતવાર માહિતી | પીએચડી/પીઓ/આરટીઆઈ/અપીલ/ ૪૨<br>તા.૨૧/૦૯/૧૨ |
| ૧૬<br>તા.૦૪/૦૯/૧૨ | આરટીઆઈ એકટ હેઠળ શ્રી મહેન્દ્રભાઈ ડી. પંચાલની તા. ૨૨/૦૫/૧૨ ની અરજીથી મુદા નં. ૫ થી સુરત શહેરી વિસ્તારમાં આવેલ મહાનગર સેવાસદન સાર્વજનિક તેમજ ખાનગી ટ્રસ્ટ દ્વારા સંચાલિત દવાખાનાઓ તેમજ હોસ્પીટલો પૈકી કેટલા દવાખાનાઓ તેમજ હોસ્પીટલોમાં સાંઠ વર્ષથી ઉપરની વયના વરિષ્ઠ નાગરીકો, વિધવાઓ, ત્યકતાઓ, વિકલાંગો તેમજ આર્થિક રીતે અત્યંત ગરીબ જરુરીયાતમંદોને તમામ પ્રકારની સરવાર સંપુર્ણપણે વિનામૂલ્યે કોઈપણ પ્રકારના ભેદભાવ વિના આપવામાં આવે છે તેની સંખ્યા સહિત વિગત આપવા બાબતે. | પીએચડી/પીઓ/આરટીઆઈ/અપીલ/૪૩<br>તા.૨૧ /૦૯/૧૨ |
| ૧૭<br>તા.૦૯/૦૮/૧૨ | આરટીઆઈ એકટ હેઠળ શ્રી પીંકલ પ્રફુલચંદ ઘીવાળા ની તા.૨૦/૦૬/૧૨ ની અરજીથી તૃપ્તિ એન્ટરપ્રાઈઝને સુ.મ.પા. ધ્વારા ખાદ્ય સુરક્ષા અધિનિયમ હેઠળ કલમ નં.૪૭,૫૦,૫૯,૬૩,સંદર્ભે કરવામા આવેલ ર્કાવાહીની દરેક કાગળની ૭(૩) મુજબ તપાસણીની પરમીશન તેમજ તૃપ્તિ એન્ટરપ્રાઈઝને આપેલ પાણીનું કનેકશન ખાનગી કે કોમર્શિયલ છે, વિગેરે બાબતની માહિતી આપવા બાબત. | પીએચડી/પીઓ/આરટીઆઈ/અપીલ/૪૯<br>તા. ૦૪/૧૦/૧૨ |
| ૧૮<br>તા.૧૨/૦૯/૧૨ | આરટીઆઈ એકટ હેઠળ શ્રી મનસ્મિતા નાયકની તા.૩૦/૦૩/૧૨ ની અરજીથી અશોકભાઈ નહાક (બંછાનીધી બેગ નાહકના પુત્ર)નું સાયણ ખાતે મરણ થયેલ હોય પોલીસ તરફથી કરવામાં આવેલ મુજબ મરણનું પ્રમાણપત્ર સુ.મ.પા.માંથી કાઢી આપવા બાબત. | પીએચડી/પીઓ/આરટીઆઈ/અપીલ/૪૫<br>તા. ૨૮/૦૯/૧૨ |
| ૧૯<br>તા.૦૩/૧૦/૧૨ | આરટીઆઈ એકટ હેઠળ શ્રી કિશોરભાઈ દેસાઈની તા.૨૭/૦૬/૧૨ ની અરજીથી અનરજીસ્ટર્ડ સોસાયટીઓએ સહકારી મંડળી અંગેનુ રજીસ્ટ્રેશન કરાવેલ ન હોય તેવી સોસાયટીઓને કાયદેસર માન્ય ગણવામાં આવેલ હોય એવી સોસાયટીના પ્રમુખ (હોદ્દેદારો) એનઓસી રજુ કરે તેને સોસાયટીના આંતરીક રોડની સફાઈ માટે દર મહિને સોસાયટીના પ્રમુખને ગ્રાંટ ફાળવવામાં આવે છે.તે અંગેની માહિતી આપવા બાબત. | પીએચડી/પીઓ/આરટીઆઈ/અપીલ/૫૪<br>તા. ૨૯/૧૦/૧૨ |
| ૨૦<br>તા.૦૫/૧૦/૧૨ | આરટીઆઈ એકટ હેઠળ શ્રી હેમંત એન. દેસાઈની તા.૨૧/૦૮/૧૨ ના અરજીથી સુરત મહાનગરપાલિકાના હદ વિસ્તારના(રહેઠાણવાળા) જરી, ગીલીટના બાંકડાવાળાના એકમો(કારખાના)માં સેલો, લેકર, સ્પીરીટ, એસીડ વિગેરેનો વપરાશ પરવાનગી વગર કરતા માલુમ પડે તો તે જથ્થો સીલ કરવા કે કબજામાં લેવા કયા વિભાગની જવાબદારી આવે તે બાબત અથવા સરકારશ્રીના કયા વિભાગની જવાબદારી આવે જે અંગેની માહિતી આપવા બાબતે. | પીએચડી/પીઓ/આરટીઆઈ/અપીલ/૫૨<br>તા. ૧૮/૧૦/૧૨ |

| | | |
|---|---|---|
| ૨૧<br>તા.૦૫/૧૦/૧૨ | આરટીઆઈ એક્ટ હેઠળ શ્રી આશીત ગાંધી ની તા. ૨૨/૦૮/૧૨ ની અરજીથી સને ૨૦૧૧/૨૦૧૨ માં વેજ/નોનવેજની ખુલેલી હોટલ /રેસ્ટોરન્ટોનાં નામ/ સરનામાં/ માલિકોના નામ, પરવાનગીની છેલ્લી તારીખ, કયા પ્રકારનું નોનવેજ વેચવુ તેની સ્પેશ્યલ પરવાનગી લીધી હોય તો તેની માહિતી, તેમજ સને – ૨૦૧૧ અને ૨૦૧૨ માં(તારીખ પ્રમાણે) કતલ કરેલા પ્રાણીઓનીસંખ્યા /જાતી/ કતલ માટે નકારેલા પ્રાણીઓની સંખ્યા, અને સુ.મ.પા.ની મટન માર્કેટોમાં ભાડે આપેલી તમામ દુકાનોમાંથી મેળવેલ ભાડાની વર્ષની–૨૦૧૧ ની કુલ રકમ તેમજ વર્ષ–૨૦૧૧ દરમ્યાન આ માર્કેટોની જાળવણી– સફાઈ– પગાર વિગેરેમાં થયેલ કુલ ખર્ચની વિગત આપશો. | પીએચડી/પીઓ/આરટીઆઈ/અપીલ/૫૩<br>તા.૨૨/૧૦/૧૨ |
| ૨૨<br>તા.૨૨/૧૦/૧૨ | આરટીઆઈ એક્ટ હેઠળ શ્રી રમેશ કે. જાંગીડ ની તા.૧૭/૦૯/૧૨ ની અરજીથી લીંબાયત ઝોનમાં ગેરકાયદે ધમધમતી પેકેજ ડ્રીંકીંગ વોટરની સંસ્થાઓ વિરુધ્ધ કરેલ કાર્યવાહી/સંસ્થાઓ બંધ કરાવતી વખતે લીધેલ ફોટોગ્રાફસ અને સદર સંસ્થાઓની ડે.કમિશનરશ્રી (હે અને હો) તથા ફુડ ઈન્સ્પેકટર શ્રી કે.જી. પટેલ ધ્વારા જેટલીવાર વીઝીટ કરેલ હોય તેની નકલો સહિતની માહિતી આપશો | પીએચડી/પીઓ/આરટીઆઈ/અપીલ/૫૭<br>તા.૦૭/૧૧/૧૨ |
| ૨૩<br>તા.૨૨/૧૦/૧૨ | આરટીઆઈ એક્ટ હેઠળ શ્રી રમેશ કે. જાંગીડ ની તા.૧૭/૦૯/૧૨ ની અરજીથી લીંબાયત ઝોનમાં મંજુરી વિના ગેરકાયદે ધમધમતી સ્વીટ વોટર, ઓમ એન્ટરપ્રાઈઝ તા.૧૬/૦૭/૧૨ ના રોજ જે જે સંસ્થાઓ બંધ કરાવી ફરીથી શરૂ થઈ હોવા અંગે મૌખીક રજુઆત ડે.કમિશનરશ્રી (હે અને હો) સાથે થયા બાદ સદર સંસ્થાઓ વિરૂધ્ધકરેલ કાર્યવાહીની નકલો સહિતની માહિતી તેમજ તે અંગેની નોંધ સહિતના પત્રો ડો.હેમંત દેસાઈએ તેમના નેજા હેઠળનાં અધિકારીઓને પાઠવ્યા હોય તે તમામની માહિતી આપશો. | પીએચડી/પીઓ/આરટીઆઈ/અપીલ/૫૮<br>તા.૦૭/૧૧/૧૨ |
| ૨૪<br>તા.૨૫/૦૫/૧૨ | આરટીઆઈ એક્ટ હેઠળ શ્રી સુરેશ એમ. પટેલ ની તા.૦૭/૦૪/૧૨ ની અરજીથી સુરત મહાનગરપાલિકા તરફથી કરદાતાઓના ઘરેઘરેથી પર ડે ૧૨૫૦ ટન કચરો ઉઘરાવવામાં આવે છે તે મુજબ ૩૬૫ દિવસનો ટોટલ કચરો ૪,૫૬,૨૫૦ ટન કચરો ભેગો થાય છે. આ કચરામાંથી સુરત મહાનગરપાલિકાને છેલ્લા ત્રણ વર્ષમાં કેટલી આવક થઈ તેની આંકડાકીય માહિતી આપો. | પીએચડી/પીઓ/આરટીઆઈ/અપીલ/૯૫<br>તા.૧૬/૦૩/૧૩<br><br>પીએચડી/પીઓ/આરટીઆઈ/અપીલ/૧૬<br>તા.૦૮/૦૫/૧૩ |
| ૨૫<br>તા.૨૦/૧૨/૧૨ | આરટીઆઈ એક્ટ હેઠળ શ્રી નરેશભાઈ એન. બથવાર ની તા.૧૫/૧૦/૨૦૧૨ ની અરજીથી ૧૨/૩૦૮૨, શિવમ ટ્રેડર્સમાં અખાધ ગોળનું સારા ગોળ સાથે વેચાણ થતું હોય આરોગ્ય નોંધણીનું, ગુમાસ્તાનું, વ્યવસાય વેરો, તેમજ અખાધ ગોળ વેચવા અંગેના વિગેરે લાયસન્સની માહિતી. | પીએચડી/પીઓ/આરટીઆઈ/અપીલ/૬૭<br>તા.૦૧/૦૧/૧૩ |
| ૨૬<br>તા.૨૬/૧૨/૧૨ | આરટીઆઈ એક્ટ હેઠળ શ્રી પ્રકાશભાઈ સી. મિસ્ત્રી ની તા.૨૯/૧૦/૨૦૧૨ ની અરજીથી સુરત મ્યુનિસિપલ કોર્પોરેશનના દરેક વોર્ડમાં "ફુડ સેફટી એન્ડ સ્ટાન્ડર્ડ એક્ટ ૨૦૦૬" મુજબ રજીસ્ટ્રેશન, દરેક વોર્ડના આરોગ્ય અધિકારીઓના નામો, તેમજ વોર્ડમાં લેવામાં આવેલ ખાધ પદાર્થના લીધેલ સેમ્પલોની માહિતી, ઈન્સ્ટીટયુટ લેબોરેટરીના નામો તેમજ ખાધ પદાર્થ માટે કરવાની થતી ફરીયાદ અંગેની વિગેરે માહિતી આપશો. | પીએચડી/પીઓ/આરટીઆઈ/અપીલ/૭૬<br>તા.૩૦/૦૧/૧૩ |
| ૨૭<br>તા.૦૪/૦૧/૨૦૧૩ | આરટીઆઈ એક્ટ હેઠળ શ્રી અરૂણભાઈ એસ. પાઠક ની તા.૩૧/૦૮/૨૦૧૨ ની અરજીથી સુરત શહેરના ભાઠેના રોડ ઉપર આવેલ મસ્તી વોટર (હર્ષ બ્રિવેજર્સ) પાણીનું વેચાણ કરતી પેઢી ધ્વારા ફુડ એન્ડ સેફટી એકટનો ભંગ કરી મંજુરી વગર આરોગ્ય કર્મચારીની મીલી ભગતથી ગેરકાયદેસર પ્લાસ્ટીકના પાઉચમાં પાણીનું વેચાણ કરતાં હોય તેમની તપાસ કરી કાયદેસરની કાર્યવાહી કરવા બાબતે. | પીએચડી/પીઓ/આરટીઆઈ/અપીલ/૮૪<br>તા.૦૭/૦૨/૧૩ |
| ૨૮<br>તા.૧૬/૦૧/૨૦૧૩ | આરટીઆઈ એક્ટ હેઠળ શ્રી નરેશભાઈ એન બથવારની તા.૨૭/૧૨/૨૦૧૨ ની અરજીથી ગોવિંદ ખોડા વાઢેળે નિર્મળનગર આવાસ પીપલોદમાં એસ.એમ. સી.માંથી કવાટર્સ મેળવેલ છે તે અંગેની રૂમ સીહતની માહિતી આપશો. | પીએચડી/પીઓ/આરટીઆઈ/અપીલ/૦૪<br>તા.૧૮/૦૪/૧૩ |
| ૨૯<br>તા.૨૯/૦૧/૨૦૧૩ | આરટીઆઈ એક્ટ હેઠળ શ્રી નરેશભાઈ એન. બથવાર ની તા.૦૭/૧૨/૨૦૧૨ ની અરજીથી વ્હીકલ ડ્રાઈવર કમ લોડર ઓપરેટર કમ રીપેરર, મીલર મીક્ષર રોલર, બુલડોઝર કમ પંપ ઓપરેટર, હાઈડ્રોલીક પ્લેટફોર્મ કમ પંપ ઓપરેટર, ક્રેઈન ઓપરેટર ડ્રાઈવરોની માહિતી, તેઓના લાયસન્સની માહિતી, તેઓના નામ, કર્મચારી નંબર, કયા વિભાગમાં ફરજ બજાવે છે, તેઓના ભરેલ અરજી પત્રક વિગેરેની માહિતી આપશો. | પીએચડી/પીઓ/આરટીઆઈ/અપીલ/૯૬<br>તા.૨૫/૦૩/૧૩ |
| ૩૦<br>તા.૨૫/૦૨/૧૩ | આરટીઆઈ એક્ટ હેઠળ શ્રી અરૂણ એસ. પાઠક ની તા.૦૯/૦૮/૨૦૧૨ ની અરજીથી તા.૧૫/૦૩/૧૨ અને ૦૬/૦૬/૧૨ના રોજ કરેલ અરજીના અનુસંધાને આપની કચેરી ધ્વારા જે કંઈપણ કાર્યવાહી કરવામાં આવી હોય તેની માહિતી આપશો. | પીએચડી/પીઓ/આરટીઆઈ/અપીલ/૧૫<br>તા.૦૮/૦૫/૧૩ |
| ૩૧<br>તા.૨૫/૦૨/૧૩ | આરટીઆઈ એક્ટ હેઠળ શ્રી વિનોદ પ્રેમજીભાઈ કંટારીયા ની તા.૧૫/૦૧/૧૩ની અરજીથી કુતરાઓના ખસીકરણના પશુ વિરુધ્ધ અત્યાચાર, કુતરાઓની મેલ ફીમેલની સંખ્યા, તેઓના કલર ખસીકરણના ટાંકા તુટયા બાદ એનીમલ સારવાર કરવા, વિગેરે ૧૦ મુદ્દાઓની માંગેલ માહિતી બાબતે. | પીએચડી/પીઓ/આરટીઆઈ/અપીલ/૯<br>તા.૨૦/૦૪/૧૩ |
| ૩૨<br>તા.૧૩/૦૩/૧૩ | આરટીઆઈ એક્ટ હેઠળ શ્રી સુરેશ એમ. પટેલ ની તા.૨૩/૦૧/૨૦૧૩ ની અરજીથી સુરત મહાનગરપાલિકાના હદવાળા વિસ્તારમાં આવતી તમામ વોર્ડ ઓફિસમાં ફરજ બજાવતાં કર્મચારીઓની માહિતી, તેમજ તેઓ એકજ વોર્ડમાં કેટલા વર્ષથી ફરજ બજાવે છે તે તમામની નામ જોગ સંપુર્ણ માહિતી આપશો. | પીએચડી/પીઓ/આરટીઆઈ/અપીલ/૧૦<br>તા.૨૦/૦૪/૧૩ |
| ૩૩<br>તા.૨૦/૦૩/૧૩ | આરટીઆઈ એક્ટ હેઠળ શ્રી સુરેશ એમ. પટેલ ની તા.૨૦/૦૩/૨૦૧૩ ની અરજીથી સુરત મહાનગરપાલિકાના કમિશનરશ્રી તરફથી બી.પી.એમ.સી. એક્ટની કલમોનો અમલ કરાવવા માટે કયા–કયા વિભાગોના અધિકારીઓને પાવર આપવામાં આવેલ છે. તેની સંપુર્ણ માહિતી આપશો. | પીએચડી/પીઓ/આરટીઆઈ/અપીલ/૧૨<br>તા.૨૬/૦૪/૧૩ |

# સુરત મહાનગરપાલિકા

અપીલ અરજી
આઈ.ડી.નં.૭૯૧
તા.૩૦/૦૪/૨૦૧૨

અરજદાર ::– શ્રી પિંકલ પ્રફુલચંદ્ર ધીવાલા.
સામાવાળા ::– ચીફ ફુડ ઈન્સ્પેકટર અને જાહેર માહિતી અધિકારી, સુરત મહાનગરપાલિકા.

ફરિયાદની હકીકત ::–

વિષય ::– આરટીઆઈ એકટ હેઠળ તા.૦૯/૦૩/૨૦૧૨ની અરજી પરત્વે શ્રી કે.જી પટેલ ધ્વારા એ સાવલ નં. ૩ નો જવાબ આપવામાં આવેલ છે બાકીના દરેક જવાબ લાગતા વળગતા તમામ ડીપાર્ટમેન્ટ ધ્વારા પુરે પુરે સવાલના જવાબ આપવાના બાકી બોલે છે વિગરે.
સંદર્ભ ::– અરજદાર મજકુરની અપીલ તા.૩૦/૦૪/૨૦૧૨

આરટીઆઈ એકટ હેઠળ તા.૦૯/૦૩/૨૦૧૨ ના રોજ અરજદારે કુલ ૯ મુદ્દાની માહિતી માંગેલ હતી. તે પૈકી મુદ્દા નં.૧, ૨, ૫, ૭, ૮ અને ૯ સુરત મહાનગરપાલિકાના આરોગ્ય ખાતાને લાગત જણાતા નથી. જયારે મુદ્દા નં. ૩, ૪ અને ૬ આરોગ્ય ખાતા હસ્તકના ફુડ વિભાગને લાગત જણાય છે. જે મુદ્દાથી માંગેલ માહિતી ની વિગત નીચે મુજબ છે.

મુદ્દા નં. ૩ :– સુરત જીલ્લા ડીસ્ટ્રીકમાં પાણીનો વેપાર કરતી ટોટલ સંસ્થા કેટલી દરેક સંસ્થાના નામ–એડ્રેસ જણાવવા.
મુદ્દા નં. ૪ :– પાણીનો વ્યવસાય કરવા માટે કેટલા લાયસન્સ લેવા પડે છે. એના માટે કયા કયા કાયદાનું પાલન કરવાનું રહે છે.
મુદ્દા નં. ૬ ::–પાણીના ધંધો કરતા કેટલી સંસ્થા પાસે આઈએસઆઈ માર્કો નથી અનેઆઈએસઆઈ માર્ક લેવા માટે કયા કયા કાગળીયાની જરુર રહે છે.

ચીફ ફુડ ઈન્સ્પેકટરશ્રી, સુરત મહાનગરપાલિકા તરફથી નં.પીએચડી/ફુડ/૧૭૧૮ તા.૩૧/૦૩/૨૦૧૨ થી ઉપરોકત મુદ્દા નં.૩ પરત્વે સુરત જીલ્લા ડીસ્ટ્રીકમાં પાણીનો વેપાર કરતી દરેક સંસ્થાના નામ–એડ્રેસ જણાવવામાં આવેલ છે. અને ૪ પરત્વે પણ માંગ્યા મુજબની સંપુર્ણ માહિતી પુરી પાડવામાં આવેલ છે. જયારે મુદ્દા નં.૬ બાબતે રેકર્ડ આધારીત માહિતી ઉપલબ્ધ નથી.

આમ સમય મર્યાદામાં લાગત મુદ્દાની માહિતી પુરી પાડવામાં આવેલ હોવા છતા મજકુર અરજદારે આપવામાં આવેલ માહિતીથી નારાજ થઈ તા.૩૦/૦૪/૨૦૧૨ ના રોજ અપીલ અરજી કરેલ છે.

## –:: હુકમ ::–

અરજદારની મુળ અરજી, અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતા નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૦૯/૦૩/૨૦૧૨ ની અરજીથી માંગવામાં આવેલ માહિતીના આરોગ્ય ખાતા હસ્તકના ફુડ વિભાગને લાગત મુદ્દા નં.૩,૪ અને ૬ ની માહિતી સમયમર્યાદામાં ચીફ ફુડ ઈન્સ્પેકટ અને જાહેર માહિતી અધિકારી તરફથી પુરી પાડવામાં આવેલ હોય અપીલ અરજી પરત્વે કોઈ કાર્યવાહી કરવાની થતી નહી હોય, અરજી દફતરે કરવામાં આવે છે.

નં.પીએચડી/પીઓ/આરટીઆઈ/અપીલ
તા. /૦૭/૨૦૧૨

આરોગ્ય અધિકારી અને
એપેલેટ ઓફિસર
સુરત મહાનગરપાલિકા

પ્રતિ,

(૧) ચીફ ફુડ ઈન્સ્પેકટર અને જાહેર માહિતી અધિકારીશ્રી.... જાણ તથા અમલ માટે.

# સુરત મહાનગરપાલિકા

RIGHT TO INFORMATION

અપીલ અરજી
આઈ.ડી.નં.૪૮
તા.૧૫/૦૫/૨૦૧૨

અરજદાર ::– શ્રી પિંકલ પ્રફુલચંદ્ર ઘીવાલા.
સામાવાળા ::– ચીફ ફુડ ઈન્સ્પેકટર અને જાહેર માહિતી અધિકારી, સુરત મહાનગરપાલિકા.

ફરિયાદની હકીકત ::–

વિષય::–આરટીઆઈ એકટ હેઠળ તા.૧૦/૦૪/૨૦૧૨ની અરજી આઈ.ડી.નં.૪૮ થી માંગવામાં આવેલ માહિતી સંદર્ભે સુ.મ.ન.પાના ફુડ ડીપાર્ટમેન્ટ તરફથી અને લાગતા તમામ ડીપાર્ટમેન્ટ તરફથી કોઈ પણ જવાબ આપવામાં આવેલ નથી વિગરે.
સંદર્ભ ::– અરજદાર મજકુરની અપીલ અરજી તા.૧૫/૦૫/૨૦૧૨ SMC/WZ/FAP/NO.09 DT.15/05/2012

આરટીઆઈ એકટ હેઠળ તા.૧૦/૦૪/૨૦૧૨ ના રોજ અરજદારે કુલ ૯ મુદ્દાની માહિતી માંગેલ હતી. તે સંદર્ભે સુ.મ.ન.પાના ફુડ ડીપાર્ટમેન્ટ તરફથી અને લાગતા તમામ ડીપાર્ટમેન્ટ તરફથી કોઈ પણ જવાબ આપવામાં આવેલ નથી વિગરે સંદર્ભે અરજદાર મજકુરે તા.૧૫/૦૫/૨૦૧૨ ના રોજ અપીલ કરેલ છે.સદરહુ અરજીના તમામ મુદ્દા આરોગ્ય ખાતા હસ્તકના ફુડ વિભાગને લાગત છે. જે મુદ્દાથી માંગેલ માહિતી ની વિગત નીચે મુજબ છે.

| મુદ્દા નં. | માંગેલ માહિતી |
|---|---|
| ૧ | તૃપ્તી એન્ટરપ્રાઈઝ, ૫૪–૫૫, સી.કે.પાર્ક, ન્યુ ગોકુલ રો હાઉસની બાજુમા, હનીપાર્ક, પાણીના પ્લાન્ટ પર સુ.મ.પા. ધ્વારા કોઈ પણ કાયદાકીય તપાસ કરવામાં આવેલ |
| ૨ | તૃપ્તી એન્ટરપ્રાઈઝ, ૫૪–૫૫, સી.કે.પાર્ક, ન્યુ ગોકુલ રો હાઉસની બાજુમા, હનીપાર્ક, પાણીના પ્લાન્ટ પર સુ.મ.પા. ધ્વારા કોઈ પણ કાયદાકીય તપાસ દરમ્યાન શું શું કાર્યવાહી કરવામાં આવેલ. |
| ૩. | તૃપ્તી એન્ટરપ્રાઈઝ, ૫૪–૫૫, સી.કે.પાર્ક, ન્યુ ગોકુલ રો હાઉસની બાજુમા, હનીપાર્ક, પાણીના પ્લાન્ટ પર સુ.મ.પા. ધ્વારા પાણીના સેમ્પલ લેવામાં આવેલ, તેનો રીપોર્ટ શું આવેલ ત્યાર બાદ કોઈ પણ કાયદાકીય કાર્યવાહી કરવામાં આવી હોય તો તે જણાવવું તે દરેકની નકલ આપવી. |
| ૪. | તૃપ્તી એન્ટરપ્રાઈઝ, ૫૪–૫૫, સી.કે.પાર્ક, ન્યુ ગોકુલ રો હાઉસની બાજુમા, હનીપાર્ક, પાણીના પ્લાન્ટ પર સુ.મ.પા. ધ્વારા તપાસ દરમ્યાન કયા કયા લાયસન્સ પાર્ટી ધ્વારા રજુ કરેલ હતા અને કુલ્લે કેટલા લાયસન્સ હોવા જરૂરી છે. |
| ૫. | તૃપ્તી એન્ટરપ્રાઈઝ, ૫૪–૫૫, સી.કે.પાર્ક, ન્યુ ગોકુલ રો હાઉસની બાજુમા, હનીપાર્ક, પાણીના પ્લાન્ટ વિરુધ્ધ આજદીન સુધી કેટલી અરજી સુ.મ.પા. પર આવેલ હતી તે દરેકની નકલ આપવી. |
| ૬. | તૃપ્તી એન્ટરપ્રાઈઝ, ૫૪–૫૫, સી.કે.પાર્ક, ન્યુ ગોકુલ રો હાઉસની બાજુમા, હનીપાર્ક, પાણીના પ્લાન્ટ પર તપાસ દરમ્યાન કુલ કેટલા મ.ન.પા.ના અધિકારી(વ્યકિત) હાજર હતા અને તેમાંથી કેટલી વ્યકિતએ કાર્યવાહી દરમ્યાન આઈસ્ક્રીમ ખાવામાં આવેલ. |
| ૭. | તૃપ્તી એન્ટરપ્રાઈઝ, ૫૪–૫૫, સી.કે.પાર્ક, ન્યુ ગોકુલ રો હાઉસની બાજુમા, હનીપાર્ક, પાણીના પ્લાન્ટ પર સીલ મારવામાં આવેલ કે નહિ. નહિ મારવામાં આવેલ તો કયા કયા કાયદાને ધ્યાનમાં લઈ સીલ ન મારવામાં આવેલ. |
| ૮. | પાણીની ગેરકાયદેસર વેપાર કરતી સંસ્થા કે વ્યકિત પકડાય તો તેની વિરુધ્ધ શું જોગવાઈ છે તેની નકલ આપવી. |
| ૯. | આજદીન સુધીમાં રાંદેર ઝોન ધ્વારા પાણીનો વેપાર કરતી કેટલી સંસ્થા કે વ્યકિતને લાયસન્સ આપવામાં આવેલ. તે દરેકના નામ એડ્રેસ જણાવવા. |

ચીફ ફુડ ઈન્સ્પેકટરશ્રી, સુરત મહાનગરપાલિકા તરફથી ઉપરોકત મુદ્દા નં.૧ થી ૯ પરત્વે માંગ્યા મુજબની માહિતી નં.પીએચડી/ફુડ/૪૧૯ તા.૨૨/૦૫/૨૦૧૨ થી પુરી પાડવામાં આવેલ છે. પરંતુ મુદ્દા નં.૪ તૃપ્તી એન્ટરપ્રાઈઝ, ૫૪–૫૫, સી.કે.પાર્ક, ન્યુ ગોકુલ રો હાઉસની બાજુમા, હનીપાર્ક, પાણીના પ્લાન્ટ પર સુ.મ.પા. ધ્વારા તપાસ દરમ્યાન કયા કયા લાયસન્સ પાર્ટી ધ્વારા રજુ કરેલ હતા અને કુલ્લે કેટલા લાયસન્સ હોવા જરૂરી છે તે બાબતે ફુડ ઈન્સ્પેકટર અને જાહેર માહિતી અધિકારી તરફથી તપાસ દરમ્યાન સદર સંસ્થાના માલિક ધ્વારા બી.આઈ.એસ.સર્ટીફીકેટર રજુ કરેલ છે મુજબની માહિતી આપવામાં આવેલ છે. પરંતુ કુલ્લે કેટલા લાયસન્સ હોવા જરૂરી છે તેની માહિતી જાહેર માહિતી અધિકારી કક્ષાએથી પુરી પાડવામાં આવેલ હોવાનું જણાતુ નથી. તેમજ મુદ્દા નં.૭ થી તૃપ્તી એન્ટરપ્રાઈઝ, ૫૪–૫૫, સી.કે.પાર્ક, ન્યુ ગોકુલ રો હાઉસની બાજુમા, હનીપાર્ક, પાણીના પ્લાન્ટ પર સીલ મારવામાં આવેલ કે નહિ. નહિ મારવામાં આવેલ તો કયા કયા કાયદાને ધ્યાનમાં લઈ સીલ ન મારવામાં આવેલ. તે બાબતે ફુડ ઈન્સ્પેકટર અને જાહેર માહિતી અધિકારી તરફથી અત્રેથી આવી કોઈ કાર્યવાહી કરવામાં આવેલ નથી. તેવી માહિતી પુરી પાડવામાં આવેલ છે. પરંતુ સદર સંસ્થાને કયા કયા કાયદાને ધ્યાનમાં લઈ સીલ મારવામાં આવેલ નથી તેની વિગત જણાવવામાં આવેલ નથી. તદઉપરાંત મુદ્દા નં.૮ થી પાણીની ગેરકાયદેસર વેપાર કરતી સંસ્થા કે વ્યકિત પકડાય તો તેની વિરુધ્ધ શું જોગવાઈ છે તેની નકલ આપવી તે બાબતે પેકેજ્ડ ડીંકીંગ વોટર અથવા મીનરલ વોટરનો ધંધો કરતી સંસ્થાએ ફુડ સેફટી એન્ડ સ્ટાન્ડર્સ (પ્રોહીબીશન એન્ડ રીસ્ટ્રીકશન ઓન સેલ્સ) ની કલમ–૨.૩.૧૪(૧૭) (૧૮) મુજબ બી.આઈ.એસ. સર્ટીફીકેટ મેળવ્યા વગર ધંધો કરી શકે નહી અવી જોગવાઈ છે મુજબની માહિતી આપવામાં આવેલ છે. પરંતુ પાણીની ગેરકાયદેસર વેપાર કરતી સંસ્થા કે વ્યકિત પકડાય તો તેની વિરુધ્ધ શું જોગવાઈ છે તેની નકલ જાહેર માહિતી અધિકારી કક્ષાએથી અપાયેલ હોવાનું જણાતુ નથી.



–:: હુકમ ::–

અરજદારની મુળ અરજી, અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતા નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૧૦/૦૪/૨૦૧૨ ની અરજીથી કુલ ૯ મુદ્દાની માંગવામાં આવેલ માહિતી અંતર્ગત આરોગ્ય ખાતા હસ્તકના ફુડ વિભાગ તરફથી માંગ્યા મુજબની માહિતી પુરી પાડવામાં આવેલ હોવાનું જણાય છે. પરંતુ મુદ્દા નં.૪ બાબતે કુલ્લે કેટલા લાયસન્સ હોવા જરૂરી છે તેની માહિતી તેમજ મુદ્દા નં.૭ બાબતે તૃપ્તી એન્ટરપ્રાઈઝ, ૫૪–૫૫, સી.કે.પાર્ક, ન્યુ ગોકુલ રો હાઉસની બાજુમા, હનીપાર્ક, પાણીના પ્લાન્ટ પર સીલ કયા કયા કાયદાને ધ્યાનમાં લઈ ન મારવામાં આવેલ તેવી માહિતી તેમજ મુદ્દા નં.૮ બાબતે પાણીની ગેરકાયદેસર વેપાર કરતી સંસ્થા કે વ્યકિત પકડાય તો તેની વિરુધ્ધ શું જોગવાઈ છે તેની નકલ જાહેર માહિતી અધિકારી અને ફુડ ઈન્સ્પેકટરશ્રીએ દિન–૭ માં અત્રેની કચેરીની જાણ હેઠળ વિના મૂલ્યે અરજદારને પુરી પાડવા જણાવવામાં આવે છે.

નં.પીએચડી/પીઓ/આરટીઆઈ/અપીલ
તા. /૦૭/૨૦૧૨

આરોગ્ય અધિકારી અને
એપેલેટ ઓફિસર
સુરત મહાનગરપાલિકા

પ્રતિ,

(૧) ચીફ ફુડ ઈન્સ્પેકટર અને જાહેર માહિતી અધિકારીશ્રી.... જાણ તથા અમલ માટે.

# સુરત મહાનગરપાલિકા

RIGHT TO INFORMATION

અપીલ અરજી
આઈ.ડી.નં.૨૦૩૨
તા.૩૦/૦૪/૨૦૧૨

અરજદાર::– શ્રી મુકેશકુમાર જે માલી.
સામાવાળા ::– જાહેર માહિતી અધિકારી અને સેનીટરી ઈન્સ્પેકટર(પ્રોસીકયુશન), સુરત મહાનગરપાલિકા.

ફરિયાદની હકીકત ::–

વિષય ::– આરટીઆઈ એકટ હેઠળ તા.૧૬/૦૩/૨૦૧૨ની અરજી પરત્વે પીએચડી/આઅ/પીઆઈ/૨૭ તા.૧૮/૦૪/૨૦૧૨ થી માંગેલ માહિતી અધિનિયમની કલમ ૮ હેઠળ મુકિત આપેલા વર્ગમાં આવતી હોવાનું જણાવી માંગેલ જરૂરી માહિતી ન આપવાના કારણે તેઓનો સદર હુકમ ખોટો, ગેરકાયદેસરનો અને પરવર્સ છે.

સંદર્ભ ::– અરજદાર મજકુરની અપીલ તા.૧૮/૦૫/૨૦૧૨ C.C.C./C.Zone/out/192 Dt.18/05/2012

આરટીઆઈ એકટ હેઠળ તા.૧૬/૦૩/૨૦૧૨ની અરજી પરત્વે માંગેલ જરૂરી માહિતી ન આપવાના કારણે તથા તેઓનો સદર હુકમ ખોટો, ગેરકાયદેસરનો અને પરવર્સ હોવાનુ જણાવી તા.૧૮/૦૫/૨૦૧૨ ના રોજ અપીલ અરજી કરેલ છે. મજકુર અરજદાર તરફથી તા.૧૬/૦૩/૨૦૧૨ ના રોજ કુલ ૨ મુદ્દાની માહિતી માંગેલ હતી. તે પૈકી મુદ્દા નં.૧ સુરત મહાનગરપાલિકાના આરોગ્ય ખાતાને લાગત જણાતા નથી. જયારે મુદ્દા નં. ૨ આરોગ્ય ખાતા હસ્તકના પ્રોસીકયુશન વિભાગને લાગત જણાય છે. જે મુદ્દાથી માંગેલ માહિતી ની વિગત નીચે મુજબ છે.
મુદ્દા નં. ૨ :– મ્યુનિ. કેસ નં.૧૦૭૭/૧૦ થી મ્યુની. કોર્ટમાં દાખલ કરેલ ફરિયાદ તથા તેના આનુસંાગિક પુરાવાઓ તથા ફરિયાદ દાખલ કરવા માટે નાયબ આરોગ્ય અધિકારી અથવા આરોગ્ય અધિકારી અથવા સક્ષમ ઓથોરીટીએ આપેલ મંજુરી તથા ઉપરોકત ફરીયાદના કામે તા.૩૧/૦૩/૨૦૧૦ ના રોજ સાઉથઝોન/આરોગ્ય/૧૦૫૧ની નોટીસ તથા સી.સ્થા.સ./૭૧૧ કમિશનર કચેરી સહીથી ધી. બી.પી.એમ.સી. એકટ કલમ ૩૧૩ના પત્રો ઉપરોકત તમામની નકલો આપવી.

જાહેર માહિતી અધિકારી અને સેનીટરી ઈન્સ્પેકટર(પ્રોસીકયુશન) તરફથી જાવક નં.પીએચડી/આઅ/પીઆઈ/૨૭ તા.૧૮/૦૪/૨૦૧૨ થી માંગેલ માહિતી અધિનિયમની કલમ ૮ હેઠળ મુકિત આપેલા વર્ગમાં આવે છે તે મુજબ માહિતી આપવાની ના મંજુરી માટે હુકમ નિયમ ૪(૧) હેઠળ આપવામાં આવેલ છે. આ બાબતે અપીલ અરજી સંદર્ભે જાહેર માહિતી અધિકારી અને સેનીટરી ઈન્સ્પેકટર(પ્રોસીકયુશન) તરફથી નં.પીએચડી/આઅ/પીઆઈ/૮૧ તા.૨૫/૦૬/૨૦૧૨ થી સ્પષ્ટતા/પુર્તતા પણ કરવામાં આવી છે કે મ્યુનિ.કેસ નં.૧૦૭૭/૧૦ જે હાલમાં મ્યુનિ.કોર્ટમાં બોર્ડ ઉપર ચાલુ હોય માહિતી અધિકારની કલમ ૮(૧)(ખ) મુજબ મુકિત આપેલા વર્ગમાં આવતી હોય જવાબ આપેલ નથી. પરંતુ મુદ્દા નં. ૨ બાબતે મજકુર અરજદારને તા.૨૭/૦૭/૧૨ ના રોજ આરોગ્ય અધિકારી અને અપીલ અધિકારી સુરત મ.ન.પા.ની આરોગ્યખાતાની મુગલીસરા,સુરત ની કચેરીમાં રૂબરૂ હાજર થવા જણાવવામાં આવેલ હતું તે મુજબ અરજદાર ઉકત સ્થળે રૂબરૂ હાજર રહયા હતા.

## –:: હુકમ ::–

૧. અરજદારની તા.૧૬/૦૩/૨૦૧૨ ની અરજીના આરોગ્ય ખાતા હસ્તકના પ્રોસીકયુશન વિભાગને લાગત મુદ્દા નં. ૨ થી માંગવામાં આવેલ માહિતી બાબત મ્યુનિ.કેસ નં.૧૦૭૭/૨૦૧૦ થી મ્યુનિ. કોર્ટમાં દાખલ કરેલ ફરીયાદ તથા તે કેસ દાખલ કરવા માટે સક્ષમ ઓથોરીટીએ આપેલ મંજુરીની નકલો વિનામુલ્યે અત્રેની કચેરીની જાણ હેઠળ મજકુર અરજદારને પુરી પાડવા જાહેર માહિતી અધિકારી અને સેનીટરી ઈન્સ્પેકટર(પ્રોસીકયુશન) ને જણાવવામાં આવે છે.

૨. મુદ્દા નં. ૨ થી માંગેલ સી.સ્થા.સ./૭૧૧ કમિશનર કચેરી સહિથી ધી બી.પી.એન.સી. એકટ કલમ ૩૧૩ ના પત્રોની માંગણી બાબતેના રેકર્ડ આપવા બાબતે મજકુર અરજદારની તા. ૧૬/૦૩/૧૨ ની મુળ અરજી ઓફિસ સુપ્રિન્ટેન્ડન્ટશ્રી (મધ્યસ્થ કચેરી) ને તબદીલ કરવામાં આવે છે.

(ડો.એચ. એસ. દેસાઈ)
આરોગ્ય અધિકારી અને
એપેલેટ ઓફિસર
સુરત મહાનગરપાલિકા

નં.પીએચડી/પીઓ/આરટીઆઈ/અપીલ
તા. /૦૮/૨૦૧૨

પ્રતિ,
૧. ઓફિસ સુપ્રિન્ટેન્ડન્ટશ્રી(મધ્યસ્થ કચેરી) પ્રતિ.... જાણ તથા હુકમના પેરા નં. ૨ સંદર્ભેની લાગત માહિતી પુરી પાડવા બાબત.
૨. ચીફ સેનીટર ઈન્સ્પેકટરશ્રી (પ્રોસીકયુશન) અને જાહેર માહિતી અધિકારીશ્રી.... જાણ તથા અમલ માટે.

RIGHT TO INFORMATION

# સુરત મહાનગરપાલિકા

અપીલ અરજી
આઈ.ડી.નં.૨૧૧૬
તા.૨૮/૦૫/૨૦૧૨

અરજદાર::– શ્રી નરેશભાઈ નાનજીભાઈ બથવાર.

સામાવાળા ::–(૧)જાહેર માહિતી અધિકારી અને નાયબ આરોગ્ય અધિકારી વેકસીનેશન બ્રાંચ ,સુરતમહાનગરપાલિકા

ફરિયાદની હકીકત ::–

વિષય ::– – આરટીઆઈ એકટ હેઠળ તા.૨૯/૦૩/૨૦૧૨ની અરજી આઈ.ડી.નં.૨૧૧૬
– જાહેર માહિતી અધિકારી અને નાયબ આરોગ્ય અધિકારી વેકસીનેશન બ્રાંચના પત્ર નં.પીએચડી/વી.એસ.સી/આ.નં. ૧૦૫ તા.૨૦–૨૫/૦૪/૨૦૧૨ થી આપેલ માહિતી બાબતે

સંદર્ભ ::– અરજદાર મજકુરની અપીલ CCC/C.ZONE/OUT/221 Dt.25/05/2012

આરટીઆઈ એકટ હેઠળ અરજદારની તા.૨૯/૦૩/૨૦૧૨ ની અરજી પરત્વે અધુરી અને અપુરતી તથા બોગસ ફી ભરવાનું જણાવેલ હોય નારાજ થઈ તા.૨૮/૦૫/૨૦૧૨ ના રોજ અપીલ અરજી કરેલ છે. મજકુર અરજદાર તરફથી કુલ ૨૨૪ હેવી વ્હીકલ ડ્રાયવરોની જાહેરાત નં. પી.આર.ઓ./૫૯૭ તા.૧૯/૦૩/૨૦૦૭ ડ્રાયવરો તરીકે નિમણૂંક આપેલ છે જેના અનુસંધાનમાં નામ, કર્મચારી નંબર, જન્મતારીખ લાયસન્સ નંબર, અનુભવોના પ્રમાણપત્રોની, શૈક્ષણિક લાયકાત, જાતિ, ઝોન/વિભાગ ,વ્હીકલ્સના નામ, નંબર સહિતની પારદર્શી માહિતી ફકત મહેકમ તથા રીક્રુટમેન્ટ વિભાગમાંથી ઉપલબ્ધ રેકર્ડ આધારીત દફતરી રેકર્ડ પર હોય જે સંપૂર્ણ સહી –સિકકા સહિતની માહિતી આપવા જણાવેલ છે.

ઉપરોકત વિગતે ચકાસણી કરતા જાહેર માહિતી અધિકારી અને નાયબ આરોગ્ય અધિકારી વેકસીનેશન બ્રાંચના પત્ર નં.પીએચડી/વી.એસ.સી/આ.નં.૧૦૫ તા.૨૦–૨૫/૦૪/૨૦૧૨ થી લાગત મુદ્દા અંગે વેકસીન વિભાગમાં ફરજ બજાવતાં ડ્રાયવરોના નામ, કર્મચારી નંબર, વ્હીકલના નામ તથા નંબર, જન્મ તારીખ, લાયસન્સ નંબર, નિમણૂંક તારીખ તથા ફરજના સ્થળની માહિતી પુરી પાડવામાં આવેલ છે. તે ડ્રાયવરોની ફકત જાતી અને અનુભવની માહિતી પુરી પાડવામાં આવેલ હોવાનું જણાતુ નથી વેકસીન વિભાગમાંથી પત્ર નં. પીએચડી/વીએસસી/૨૯૦ તા.૨૫/૦૬/૧૨ થી મળેલ પત્રમાં જણાવ્યા અનુસાર અનુભવ અંગેની માહિતી ઉપલબ્ધ ન હોય જે રીક્રુટમેન્ટ વિભાગમાંથી મળી શકે તેમ છે. આથી ફકત વેકસીન વિભાગ હેઠળના ડ્રાયવરોની જાતી અંગેની માહિતી અરજદારને પુરી પાડવાની બાકી જણાય છે. જે માહિતી અરજદારને પુરી પાડવા જોગ જણાય છે.

**–:: હુકમ ::–**

અરજદારની મુળ અરજી, અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતા નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે. અરજદારની તા.૨૯/૦૩/૨૦૧૨ ની અરજી પરત્વે વેકસીન વિભાગના ફરજ હેઠળના ડ્રાયવરોની પુરી પાડવામાં આવેલ માહિતી પૈકી તેઓને જાતી અંગેની માહિતી આપવાની બાકી જણાતી હોય તે માહિતી અત્રેની કચેરીની જાણ હેઠળ અરજદારને દિન– ૭ માં પુરી પાડવાની રહેશે.

(ડો. એચ. એસ. દેસાઈ)
આરોગ્ય અધિકારી અને
એપેલેટ ઓફિસર
સુરત મહાનગરપાલિકા.

નં.પીએચડી/પીઓ/આરટીઆઈ/અપીલ/
તા. /૦૮/૨૦૧૨

પ્રતિ,
(૧) જાહેર માહિતી અધિકારી અને નાયબ આરોગ્ય અધિકારી વેકસીનેશન બ્રાંચ, સુરતમહાનગરપાલિકા પ્રતિ... જાણ તથા અમલ સારૂ.

# સુરત મહાનગરપાલિકા

RIGHT TO INFORMATION

અપીલ અરજી
આઈ.ડી.નં. –
તા.૨૮/૦૫/૨૦૧૨

અરજદાર ::–શ્રી સ્વપ્નીલ સોની.
સામાવાળા ::– જાહેર માહિતી અધિકારી,અપીલ અધિકારી સુરત મ્યુનિસીપલ કોર્પોરેશન.

ફરિયાદની હકીકત ::–

વિષય ::– આરટીઆઈ એકટ હેઠળ તા.૧૨/૦૪/૨૦૧૨ની અરજી સવાલ નં. ૧અને ૨ સંદર્ભે જાહેર માહીતી અધિકારી આરોગ્ય વિભાગની મળેલ માહીતી અંગે અસંતોષ હોવા બાબતે.

સંદર્ભ ::–અરજદાર મજકુરની અપીલ અરજી તા.૨૮/૦૫/૨૦૧૨

શ્રીસ્વપનીલ સોની, પો.બોકસ નં. ૯૦૨૨, મણીનગર પોસ્ટ ઓફિસ, મણીનગર, અમદાવાદ તરફથી તા.૧૨/૦૪/૨૦૧૨ ના રોજ કુલ ૭ મુદ્દાની માહિતી માંગેલ હતી. તે પૈકી જાહેર માહીતી અધિકારી આરોગ્યખાતાને લાગત મુદા નં. ૧ અને ૨ નો જવાબ આપવામાં આવેલ છે. જે અંગે અસંતોષ હોવાનું જણાવી જવાબથી સંપુર્ણ નારાજ અને અસહમત હોવા બાબતે તા.૨૮/૦૫/૨૦૧૨ ના રોજ મજકુર અરજદારે પ્રથમ અપીલ અરજી કરેલ છે. મુદ્દા નં. ૧ પરત્વે સુરત શહેરની અંદર મ્યુનીસીપલ કોર્પોરેશનના હદ વિસ્તારમાં કેટલી હોટલો, રેસ્ટોરન્ટ, બરફ ફેકટરી, આઈસક્રીમ બનાવવાની ફેકટરી, ફરકી, જનતા આઈસક્રીમ, સાયબરકાફે, યુ.એસ.ફીઝા, મેકડોનેલ્સ, ડોમીનોઝ,ચોકલેટ– બીસ્કીટના વેપારીઓ અને સુરતમાં કેરીના રસનો વેચાણ કરતા તમામ વેપારીઓ જયુસ અને શરબતવાળા , તમામ મીઠાઈવાળા, તમામ મોલ્સ તેઓના નામ અને સ્થળની વિગત આપવી.મુદ્દા નં. ૧ પરત્વે ચીફ ફુડ ઈન્સ્પેકટર સુરત મહાનગર પાલિકાના પત્ર નં. પીએચડી/ફુડ/૩૩૭ તા.૦૭/૦૫/૧૨ થી સુરત શહેરની અંદર મ્યુનીસીપલ કોર્પોરેશનના હદ વિસ્તારમાં આવેલ ખાદ્યપદાર્થોની સંસ્થાઓ જેવી કે હોટલો, રેસ્ટોરન્ટ, આઈસક્રીમ, કરીયાણા–પ્રોવીઝનને આપવામાં આવેલ પી.એફ.એ.એકટ હેઠળના લાયસન્સ અંગેની માહીતી અંગે કુલ – ૨૬૯૫ પાનાનાં પાના દીઠ રૂપિયા ૨/– લેખે રૂપિયા ૫૩૯૦/– જેટલી રકમ કચેરીમાં જમા કરાવ્યા બાદ નકલ મેળવવા જણાવવામાં આવેલ હતું અથવા ઉપલબ્ધ રેકર્ડ ચકાસણી માટે અગાઉથી સમય લઈ આવી શકો છો તેમ જણાવવામાં આવેલ હતું.

મુદ્દા નં. ૨ પરત્વે શું તેઓ પાસે હેલ્થનું લાયસન્સ છે? જો હા તો તે કયા નીતિ નિયમને આધારે આપવામાં આવેલ હતું? કંઈ તારીખે ઈસ્યુ કરવામાં આવેલ હતું? કયારે રીન્યુ કરવામાં આવેલ હતું તેની સવિસ્તર માહિતી આપવી.

મુદ્દા નં. ૨ પરત્વે ચીફ ફુડ ઈન્સ્પેકટર સુરત મહાનગર પાલિકાના પત્ર નં. પીએચડી/ફુડ/૩૩૭ તા.૦૭/૦૫/૧૨ થી પી.એફ.એ.એકટ હેઠળ લાયસન્સ આપવામાં આવેલ હતા તેવુ જણાવેલ છે. પરંતુ સદરહું હેલ્થનું લાયસન્સ કઈ તારીખે ઈસ્યુ કરવામાં આવેલ હતુ તેમજ કયારે લાયસન્સ રીન્યુ કરવામાં આવેલ હતુ તેની વિગત જાહેર માહીતી અધિકારી અને ચીફ ફુડ ઈન્સ્પેકટરશ્રીએ આપેલ હોય તેમ જણાતું નથી.

**–:: હુકમ ::–**

અરજદારની મુળ અરજી, અપીલ અરજીના તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતા નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૨૮/૦૫/૨૦૧૨ ની અરજી બાબતે આરોગ્યખાતાના હસ્તકના ફુડ ખાતાને લાગત મુદા નં. ૧ અને ૨ પૈકી મુદ્દા નં. ૧ પરત્વે કુલ ૨૬૯૫ પાનાના રૂા.૨/– લેખે કુલ રૂા. ૫૩૯૦/– ભરપાઈ કરી માહીતી મેળવવા અથવા ઉપલબ્ધ રેકર્ડ ચીફ ફુડ ઈન્સ્પેકટર અને જાહેર માહિતી અધિકારી પાસેથી અગાઉથી તારીખ અને સમય મેળવી નિદર્શન કરી જરૂરીયાત મુજબની માહીતી મેળવવા અરજદારને જણાવવામાં આવે છે તથા મુદ્દા નં. ૨ પરત્વે મુદ્દા નં. ૧ માં જણાવેલ વિવિધ સંસ્થાઓને હેલ્થનું લાયસન્સ કયારે ઈશ્યુ કરવામાં આવેલ, કયારે રીન્યુ કરવામાં આવેલ હતું તે અંગેની સમગ્ર માહિતી પણ ચીફ ફુડ ઈન્સ્પેકટર અને જાહેર માહિતી અધિકારીશ્રી પાસેથી અગાઉથી તારીખ અને સમય મેળવી નિયમાનુંસાર નિદર્શન કરી જરૂરીયાત મુજબની માહીતી મેળવવા અરજદારને જણાવવામાં આવે છે.

(ડાૅ. એચ.એસ.દેસાઈ)
આરોગ્ય અધિકારી અને
એપેલેટ ઓફિસર
સુરત મહાનગરપાલિકા

નં.પીએચડી/પીઓ/આરટીઆઈ/અપીલ/
તા. /૦૭/૨૦૧૨

પ્રતિ,

(૧) ચીફ ફુડ ઈન્સ્પેકટર અને જાહેર માહિતી અધિકારીશ્રી આરોગ્ય વિભાગ પ્રતિ.... જાણ માટે.

# સુરત મહાનગરપાલિકા

અપીલ અરજી
આઈડી–૧૪૪
તા.૩૦/૦૪/૨૦૧૨

અરજદાર::– શ્રી મહેન્દ્રસિંહ એ બ્રહમભટ્ટ.
સામાવાળા ::– જાહેર માહિતી અધિકારી અને ચીફ ફુડ ઈન્સ્પેકટર, સુરત મહાનગરપાલિકા.

ફરિયાદની હકીકત ::–

વિષય ::–આરટીઆઈ એકટ હેઠળ તા.૨૩/૦૪/૨૦૧૨ની અરજી પરત્વે પીએચડી/ફુડ/૩૩૫ તા.૦૭/૦૫/૨૦૧૨ થી માંગેલ માહિતી પુરી પાડવામાં આવેલ ન હોવા બાબતે.
સંદર્ભ ::– અરજદાર મજકુરની અપીલ તા.૩૦/૦૫/૨૦૧૨ PHD/RTI/153 Dt.30/05/2012

આરટીઆઈ એકટ હેઠળ અરજદારની તા.૨૩/૦૪/૨૦૧૨ ની અરજી પરત્વે માહિતી આપેલ નહી હોવાનું જણાવી તા.૩૦/૦૫/૨૦૧૨ ના રોજ અપીલ અરજી કરેલ છે. મજકુર અરજદાર તરફથી તા.૨૩/૦૪/૨૦૧૨ ના રોજ કુલ ૩ મુદ્દાની માહિતી માંગેલ હતી. જે મુદ્દાથી માંગેલ માહિતી ની વિગત નીચે મુજબ છે.

મુદ્દા નં. ૧ :– કમિશનરશ્રીના હુકમ/પરિપત્રો/આદેશ મુજબ દરેક ફુડ ઈન્સ્પેકટરે માસિક ઓછામાં ઓછા ૨૦ સેમ્પલ લાવવાનું જણાવેલ તે મુજબ છેલ્લા છ માસમાં તમામ ૧૧ ફુડ ઈન્સ્પેકટરો ૨૦–૨૦ સેમપલો લાવ્યા હોય કે ન લાવ્યા હોય તેની સંપુર્ણ માહિતી આપવી.

મુદ્દા નં. ૨ :– જે જે સંસ્થાના સેમ્પલો લાવ્યા હોય તથા પૃથ્થકકરણ રીપોર્ટ તથા મ્યુનિ. કોર્ટમાં દાખલ કરેલા કેસ સહિતની વિગતવાર સંપુર્ણ મીહતી આપવી.

મુદ્દા નં. ૩ :– સેમ્પલો ન લાવ્યા હોય કે અન્ય બાબતે જે જે ફુડ ઈન્સ્પેકટરો ધ્વારા નિયમોનું ઉલ્લંઘન કરાયુ હોય તેઓ વિરુધ્ધ થયેલ કાર્યવાહીની માહિતિ આપજી.

જાહેર માહિતી અધિકારી અને ચીફ ફુડ ઈન્સ્પેટર તરફથી જાવક નં.પીએચડી/ફુડ/૩૩૫ તા.૦૭/૦૫/૨૦૧૨ થી અરજદાર તરફથી માંગેલ માહિતીના મુદ્દા નં. ૧ પરત્વે મે.કમિશનરશ્રીની તા.૦૭/૦૨/૨૦૧૨ ની સુચના બાદ ફુડ સેફટી ઓફિસરોએ લીધેલ નમુનાની ઉપલબ્ધ માહિતી પુરી પાડવામાં આવેલ છે. અરજદાર તરફથી જે જે સંસ્થાઓના સેમ્પલો લીધા હોય તે સંસ્થાઓના નામની માહિતી આપવા બાબતે અપીલ તબકકે મુળ અરજીથી અલાયદી પુરક માહિતી માંગવામાં આવેલ છે. જે અંગે આરટીઆઈ કાયદાની જોગવાઈ અને નિયમ અનુસાર અલાયદી અરજી કરી અરજદાર માહિતી મેળવવા સ્વતંત્ર છે. જયારે મુદ્દા નં. ૨ પરત્વે માંગેલ માહિતી એકત્રીત સ્વરૂપે ઉપલબ્ધ નથી, ફુડ સેફટી ઓફિસરો દીઠ અલગ–અલગ રજીસ્ટરો નિભાવવામાં આવતા હોય, કલમ–૭(૯) હેઠળ ફુડ સેફટી ઓફિસરના રજીસ્ટરોની તપાસણી કરવા તા.૧૫/૦૫/૨૦૧૨ ના રોજ સવારે ૧૧.૦૦ કલાકે જણાવવામાં આવેલ. જે તારીખે અરજદાર હાજર રહેલ નથી. અરજદાર તરફથી વધુ એક તારીખ આપવા લેખિત અને મૌખિક વિનંતી કરેલ હોવા છતાં બીજી તારીખ નહી ફાળવી માહિતી પુરી નહી પાડવામાં આવેલ હોવાનું જણાવેલ છે. જે બાબતે ફરી સમય અને તારીખ મેળવી આરટીઆઈના નિયમાનુંસાર દફતરી ચકાસણી કરવાની રહે છે. મુદ્દા નં.૩ પરત્વે મે.કમિશનરશ્રીની સુચના મુજબના સેમ્પલો ન લાવનાર ફુડ સેફટી ઓફિસરોને સક્ષમ સત્તાધિકારીશ્રી ધ્વારા ખુલાસો પુછવામાં આવેલ છે જેની કાર્યવાહી ચાલુ છે તેવી માહિતી આપેલ છે.

## –:: હુકમ ::–

અરજદારની મુળ અરજી, અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતા નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૨૩/૦૪/૨૦૧૨ ની અરજીના મુદ્દાનં. ૧ પરત્વે જાહેર માહિતી અધિકારી અને ચીફ ફુડ ઈન્સ્પેકટર તરફથી માહિતી પુરી પાડવામાં આવેલ છે. અરજદાર તરફથી જે જે સંસ્થાઓના સેમ્પલો લીધા હોય તે સંસ્થાઓના નાની માહિતી અપીલ તબકકે મુળ અરજીથી અલાયદો પુરક પ્રશ્ન ઉપસ્થિત કરેલ છે. જે અંગે આરટીઆઈ કાયદાની જોગવાઈ અને નિયમ અનુસાર અલાયદી અરજી કરી અરજદાર માહિતી મેળવા સ્વતંત્ર છે. મુદ્દા નં. ૨ પરત્વે ફરી સમય અને તારીખ મેળવી આરટીઆઈના નિયમાનુંસાર દફતરી ચકાસણી કરવા મજકુર અરજદારને જણાવવામાં આવે છે. મુદ્દા નં.૩ બાબતે વધુ કોઈ માહિતી પુરી પાડવાની થતી નથી.

(ડો. હેમંત એસ. દેસાઈ)
આરોગ્ય અધિકારી અને
એપેલેટ ઓફિસર
સુરત મહાનગરપાલિકા

નં.પીએચડી/પીઓ/આરટીઆઈ/અપીલ
તા. /૦૭/૨૦૧૨

પ્રતિ,
(૧) સેનીટર ઈન્સ્પેકટર (આરોગ્ય પ્રોસીકયુશન) અને જાહેર માહિતી અધિકારીશ્રી....જાણ તથા અમલ માટે.

# સુરત મહાનગરપાલિકા

RIGHT TO INFORMATION

અપીલ અરજી
આઈ.ડી.નં.૩૦૮
તા.૨૧/૦૫/૨૦૧૨

અરજદાર::– શ્રી માધુભાઈ ડી ચાંચીયા.
સામાવાળા ::– ચીફ સેનેટરી ઈન્સ્પેકટર અને જાહેર માહિતી અધિકારી, જન્મ મરણ વિભાગ

ફરિયાદની હકીકત ::–

વિષય ::– આરટીઆઈ એકટ હેઠળ તા.૨૧/૦૫/૨૦૧૨ની અરજી સાવલ નં. ૮ નો મળેલ જવાબ બાબતે અસંતોષ હોવા બાબતે તથા જવાબ અધુરો હોવા બાબતે.
સંદર્ભ ::–અરજદાર મજકુરની અપીલ અરજી તા.૦૬/૦૬/૨૦૧૨

આરટીઆઈ એકટ હેઠળ તા.૨૧/૦૫/૨૦૧૨ ના રોજ અરજદારે કુલ ૮ મુદ્દાની માહિતી માંગેલ હતી. તે પૈકી સવાલ નં. ૮ ના જવાબથી અસંતોષ હોવાનું તથા જવાબ અધુરો હોવાનું જણાવી જવાબથી સંપુર્ણ નારાજ અને અસહમત હોવા બાબતે તા.૦૬/૦૬/૨૦૧૨ ના રોજ મજકુર અરજદારે અપીલ અરજી કરેલ છે. સવાલ નં. ૮ થી ખાનગી સંસ્થાના દાખલા (મરણના) માન્ય થતા હતા ? અને એ દાખલા આધારે મરણ સર્ટીફીકેટ એસ.એમ.સી. એ પુરા પાડેલા? એ સવાલનો પત્ર નં.પીએચડી/એમઆર/૯૫ તા.૦૧/૦૬/૨૦૧૨ થી ચીફ સેનેટરી ઈન્સ્પેકટરશ્રી(જન્મ મરણ વિભાગ) તરફથી મજકુર અરજદારને જવાબ આપવામાં આવેલ છે કે સંસ્થાના પ્રમુખશ્રીના દફનવિધિ થયાના પ્રમાણપત્રના આધારે સમય મર્યાદામાં મહાનગરપાલિકાના દફતરે નોંધણી કરવામાં આવેલ હોય તો નિયત ફોર્મમાં વિગત ભર્યેથી મરણ પ્રમાણપત્ર આપવામાં આવતા હતા. પરંતુ એ સવાલના જવાબથી અસંતોષ હોવાનું તથા જવાબ અધુરો હોવાનું જણાવી અપીલ અરજી તબકકે મુળ અરજીના સવાલ નં. ૮ બાબતે સંસ્થાના પ્રમુખશ્રી કોણ છે ? પહેલા કોણ હતા ? હાલમાં કોણ છે ? અને એમનું નામ સરનામુ લેખિતમાં આપો એવો મુળ અરજીથી અલાયદો પુરક પ્રશ્ન ઉપસ્થિત કરેલ છે. જે અંગે આરટીઆઈ કાયદાની જોગવાઈ અને નિયમ અનુસાર અલાયદી અરજી કરી અરજદાર માહિતી મેળવવા સ્વતંત્ર છે.

## –:: હુકમ ::–

અરજદારની મુળ અરજી, અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતા નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૨૧/૦૫/૨૦૧૨ ની અરજીથી જન્મ મરણ વિભાગની માંગવામાં આવેલ માહિતી સમયમર્યાદામાં ચીફ સેનેટરી ઈન્સ્પેકટ અને જાહેર માહિતી અધિકારી તરફથી સંપુર્ણ પુરી પાડવામાં આવેલ હોય અપીલ અરજી પરત્વે કોઈ કાર્યવાહી કરવાની થતી નહી હોય, અરજી દફતરે કરવામાં આવે છે. તેમછતાં અપીલ અરજી તબકકે મુળ અરજીના સવાલ નં. ૮ બાબતે મુળ અરજીથી અલાયદો ઉપસ્થિત કરેલ પુરક પ્રશ્ન અંગે આરટીઆઈ કાયદાની જોગવાઈ અને નિયમ અનુસાર મજકુર અરજદાર અલાયદી અરજી કરી માહિતી મેળવવા સ્વતંત્ર છે.

નં.પીએચડી/પીઓ/આરટીઆઈ/અપીલ
તા. /૦૭/૨૦૧૨

આરોગ્ય અધિકારી અને
એપેલેટ ઓફિસર
સુરત મહાનગરપાલિકા

પ્રતિ,

(૧) ચીફ સેનેટરી ઈન્સ્પેકટર અને જાહેર માહિતી અધિકારીશ્રી (જન્મ મરણ વિભાગ) પ્રતિ.... જાણ તથા અમલ માટે.
(૨) અરજદારની અપીલ અરજી અંગે ઉપરની વિગતે હુકમ ધ્વારા કરવામાં આવેલ નિકાલ સબબ જાણ સારુ.

# સુરત મહાનગરપાલિકા

અપીલ અરજી
આઈ.ડી.નં.૫૬
તા.૧૦/૦૪/૨૦૧૨

અરજદાર ::–શ્રી નરેશભાઈ નાનજીભાઈ બથવાર.
સામાવાળા ::–(૧) તબીબી અધિકારી વર્ગ–૧, શહેરી કુટુંબ કલ્યાણ બ્યુરો (૨) નાયબ હિસાબનીશ આરોગ્ય ખાતુ અને જાહેર માહિતી અધિકારી (૩) પર્સોનેલ ઓફિસરશ્રી આરોગ્ય મહેકમ અને જાહેર માહિતી અધિકારી
ફરિયાદની હકીકત ::–

વિષય ::– – આરટીઆઈ એકટ હેઠળ તા.૧૦/૦૪/૨૦૧૨ની અરજી બાબતે.
– એફપીબી/એસ.એમ.સી./૧૧–૧૨/નં.૩૭ તા.૧૯/૦૪/૧૨ થી આપેલ માહિતી બાબતે.
– નાયબ હિસાબનીશ અને જાહેર માહિતી અધિકારીના પત્ર નં.પીએચડી/એકા./આર.ટી.આઈ./૧ તા.૩૦/૦૪/૧૨ થી આપેલ માહિતી બાબતે.

સંદર્ભ ::– અરજદાર મજકુરની અપીલ CCC/C.ZONE/OUT/287 Dt.12/06/2012

આરટીઆઈ એકટ હેઠળ અરજદારની તા.૧૦/૦૪/૨૦૧૨ ની અરજી પરત્વે માહિતી અધુરી આપેલ હોવાનું જણાવી તા.૧૨/૦૬/૨૦૧૨ ના રોજ અપીલ અરજી કરેલ છે. મજકુર અરજદાર તરફથી તા.૧૦/૦૪/૨૦૧૨ ના રોજ કુલ ૩ મુદ્દાની માહિતી માંગેલ હતી. જે મુદ્દાથી માંગેલ માહિતી ની વિગત નીચે મુજબ છે.

મુદ્દા નં. ૧ :– એસએમસીના જુના – નવા સાત ઝોન વિસ્તારમાં કુલ કેટલી સંખ્યામાં અર્બન હેલ્થ સેન્ટર બનાવવામાં આવેલ છે. જેના નામ સરનામાં અને સંખ્યા સહિતની માહિતી.

મુદ્દા નં. ૨ :– જુના – નવા સાત ઝોન વિસ્તારમાં અર્બન હેલ્થ સેન્ટરની ગુજરાત સરકારની ગ્રાન્ટ ફાળવવામાં આવેલ છે. જે સાત ઝોનની ગ્રાન્ટ ફાળવણીની રકમ સહિતની માહિતી.

મુદ્દા નં. ૩ :– જુના – નવા સાત ઝોન વિસ્તારના અર્બન હેલ્થ સેન્ટરની ગુજરાત સરકારની ગ્રાન્ટ તથા એસ.એમ.સી.એ ફાળવેલ રકમ અંગેની ઉપયોગીતા–ખર્ચ સહિતની માહિતી.

ઉપરોકત વિગતે ચકાસણી કરતા....

**મુદ્દા નં. ૧** પરત્વે (૧)તબીબી અધિકારી(વર્ગ–૧), શહેરી કુટુંબ કલ્યાણ બ્યુરોના પત્ર નં. એફપીબીપી/ એસએમસી/ ૧૧–૧૨/નં.૩૭ તા.૧૯/૦૪/૨૦૧૨ થી માહિતી પુરી પાડવામાં આવેલ છે, તથા (૨) આરોગ્ય મહેકમ વિભાગ તરફથી મુદ્દા નં.૧ બાબતે ૨ પાનાની માહિતી પૂરી પાડવા અંગે રૂા.૪/– ભરપાઈ કરવા મજકુર અજદારને પર્સોનેલ ઓફિસરશ્રી (આરોગ્ય મહેકમ) અને જાહેર આરોગ્ય અધિકારી ના પત્ર નં.પીએચડી/પીઓ/આર.ટી.આઈ/૧૦ તા.૨૦/૦૪/૨૦૧૨ થી પત્ર લખવામાં આવ્યો હતો. જે અનુસંધાને મજકુર અરજદાર તરફથી રૂા.૪/– રસીદ નં.૨૧૨૭૪૬ તા.૦૪/૦૫/૨૦૦૬ થી ભરપાઈ કરવામાં આવતા આરોગ્ય મહેકમ વિભાગ તરફથી માગ્યા મુજબની માહિતીના પાનાની નકલ નંગ–૨ પર્સોનેલ ઓફિસરશ્રી (આરોગ્ય મહેકમ) અને જાહેર માહિતી અધિકારી ધ્વારા પત્ર નં.પીએચડી/પીઓ/આર.ટી.આઈ./૧૯ તા.૦૭/૦૫/૨૦૧૨ થી પૂરી પાડવામાં આવેલ છે. **મુદ્દા નં. ૨** પરત્વે તબીબી અધિકારી(વર્ગ–૧), શહેરી કુટુંબ કલ્યાણ બ્યુરો તરફથી સરકાર તરફથી મળેલ ગ્રાન્ટની માહિતી તથા તેમાંથી થયેલ ખર્ચની માહિતી પત્ર નં.એફપીબી/એસ.એમ.સી./૧૧–૧૨/નં.૩૭ તા.૧૯/૦૪/૨૦૧૨ થી પૂરી પાડવામાં આવેલ છે. **મુદ્દા નં. ૩** પરત્વે પરત્વે (૧) તબીબી અધિકારી(વર્ગ–૧), શહેરી કુટુંબ કલ્યાણ બ્યુરો તરફથી સરકાર તરફથી મળેલ ગ્રાન્ટની માહિતી તેમાંથી થયેલ ખર્ચની માહિતી પૂરી પાડવામાં આવેલ છે. તથા (૨) નાયબ હિસાબનીશ અને જાહેર માહિતી અધિકારી આરોગ્ય ખાતાના પત્ર નં.પીએચડી/એકા./આર.ટી.આઈ./૧ તા.૩૦/૦૪/૨૦૧૨ થી માંગ્યા મુજબની સંપૂર્ણ માહિતી પૂરી પાડવામાં આવેલ છે.

–:: હુકમ ::–

અરજદારની મુળ અરજી, અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતા નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૧૨/૦૬/૨૦૧૨ ની અરજીના મુદ્દાનં. ૧ થી ૩ બાબતે આરોગ્ય ખાતાના હસ્તકના લાગત વિભાગ તરફથી માંગ્યા મુજબની સંપર્ણ માહિતી પૂરી પાડવામાં આવેલ છે. અરજદારની અપીલ અરજી પરત્વે કોઈ કાર્યવાહી કરવાની રહેતી ન હોય અપીલ અરજી દફતરે કરવામાં આવે છે.

(ડો. એચ. એસ. દેસાઈ)
આરોગ્ય અધિકારી અને
એપેલેટ ઓફિસર
સુરત મહાનગરપાલિકા.

નં.પીએચડી/પીઓ/આરટીઆઈ/અપીલ
તા. /૦૭/૨૦૧૨

પ્રતિ,
(૧) શ્રી તબીબી વર્ગ–૧, શહેરી કુંટુંબ કલ્યાણ બ્યુરો તથા જાહેર માહિતી અધિકારી..... જાણ માટે.
(૨) પર્સોનેલ ઓફિસરશ્રી આરોગ્ય મહેકમ/નાયબ હિસાબનીશ અને જાહેર માહિતી અધિકારી આરોગ્ય ખાતુ.... જાણ માટે.

RIGHT TO INFORMATION

Fax :91 –0261-2422110
Telex : 0188 251 SMC IN
ટેલીફોન : ૨૪૨૩૭૫૧–૫૬/૨૪૨ ૨૨૮૫–૮૭

સુરત મહાનગરપાલિકા કચેરી,
મુગલસરાઈ,
સુરત–૩૯૫ ૦૦૩

અરજદાર ::– શ્રી ભુપેન્દ્ર સી.પટેલ

સામાવાળા ::–(૧) જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફિસર(આરોગ્ય મહેકમ)

ફરિયાદની હકીકત ::–

વિષય ::– અરજદારશ્રી ભુપેન્દ્રસિંહ સી. પટેલની તા. ૨૫/૫/૧૨ ની અરજી આઈ.ડી. નં. ૩૪૬ થી માંગેલ માહિતી બાબત.

સંદર્ભ ::– અરજદાર મજકુર અરજી નં. જીએડી/ઈએસટી/પીએચ/આરટીઆઈ. અન/૧૦૧ તા. ૫/૭/૧૨

અરજદારશ્રી ભુપેન્દ્ર સી. પટેલ ધ્વારા તા.૪/૦૭/૧૨થી અપીલ અધિકારી અને પર્સોનેલ ઓફિસરશ્રી(આરોગ્ય મહેકમ)ને પ્રથમ અપીલ અરજી રજુ કરેલ છે. જેમાં જણાવ્યા મુજબ તેમની તા.૨૫/૫/૧૨ થી અરજી આઈ.ડી. નં. ૩૪૬ સંદર્ભે સેકશનઓફિસર(આરોગ્ય મહેકમ) અને જાહેર માહિતી અધિકારીના તા.૧૬/૦૬/૧૨ ના પત્ર નં.પીએચડી/પીઓ/આરટીઆઈ/૪૧ થી મળેલ મુદ્દા નં. ૧ અને ૨ ની નિર્ણથી નારાજ થઈ, જાહેર માહિતી અધિકારીએ ગેરમાર્ગે દોરનારી અને સદંતર ખોટી માહિતી આપી હોવાનું જણાવી અપીલ કરેલ છે. જે તા.૫/૭/૧૨ ના રોજ અત્રે પ્રાપ્ત થયેલ છે.

અરજદાર ધ્વારા મુદ્દા નં. ૧ અને ૨ ના નિર્ણયથી નારાજ હોવાનું જણાવેલ છે. જેની વિગત જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફિસર(આરોગ્ય મહેકમ) ધ્વારા પત્ર નં. પીએચડી/પીઓ/આરટીઆઈ/૪૧ તા. ૧૬/૬/૧૨ થી પુરી પડાયેલ માહિતી પૈકી મુદ્દા નં. ૧ અને ૨ ની માહિતી નીચે મુજબ છે.

| | |
|---|---|
| મુદ્દા નં. ૧ | કર્મ. નં. ૧૦૮૯૧ લોપા ધનસુખલાલ શાહ, મધ્યસ્થ આરોગ્ય મહેકમ વિભાગ કલાર્ક તરીકે ફરજ બજાવે છે. જેમના બાળકો અને પતિના નામ/સરનામા બાબતે સર્વિસ બુકમાં નોંધવામાં આવેલ વિગતોની કોપી. |
| પુર્તતાઃ– | રેકોર્ડ આધારીત માહિતી 'નીલ' છે. |
| મુદ્દા નં. ૨ | લોપા ધનસુખલાલ શાહના બાળકોના પિતાના નામ અને સરનામાની વિગત |
| પુર્તતાઃ– | રેકોર્ડ આધારીત માહિતી 'નીલ' છે. |

અરજદારશ્રી ભુપેન્દ્ર સી. પટેલ ધ્વારા અપીલ અરજીના મુદ્દા નં. ૯– સુ.મ.પા.માં કર્મચારી નંબર ૧૦૮૯૧ લોપા ધનસુખલાલ શાહ મ.ન. પા.ના કાયમી કર્મચારી છે. અને બી.પી.એમ.સી. એકટની કલમ ૧૮૨ હેઠળ"રાજય સેવક" છે. રાજય સેવકની સેવાપોથી નિભાવવામાં આવે છે. તથા મુદ્દા નં. ૧૦– આ સ્ત્રી કર્મચારીએ મેટરનીટી લીવ મેળવી હોય તો એસ.બી. માં નોંધ હોય જ. મેટરનીટી લીવ માટે મુકેલ પેપર્સમાં બાળકના પિતાનું નામ ચોકકસ હોય જ છે, મુજબની રજુઆત કરેલ છે.

આ અરજદારની મુળ અરજી આઈ.ડી. નં. ૩૪૬ તા.૨૫/૫/૧૨ ના મુદ્દા નં. ૧ અને ૨ થી માંગેલ માહિતીના અનુસંધાનમાં જાહેર માહિતી અને સેકશન ઓફિસર(આરોગ્ય મહેકમ) ધ્વારા ઉપરોકત પત્રથી રેકર્ડ આધારીત માહિતી "નીલ" હોવાનું જણાવેલ છે.જે માહિતી જાહેર માહિતી અધિકારી ધ્વારા અરજદાર ધ્વારા માંગવામાં આવેલ માહિતીના સંદર્ભમાં મજકુર કર્મચારીની સેવાપોથીની ચકાસણી કર્યા બાદ જ પુરી પડાયેલ છે. વધુમાં માંગેલી માહિતી અધિનિયમની કલમ– ૮(૧)(ઠ) કોઈ પણ વ્યકિતના અંગત જીવનનાં બિનજરૂરી દખલ થાય તેવી અંગત જાણકારીને લગતી કોઈ માહિતી આપવાની રહેશે નહિ, તે જોગવાઈ હેઠળની હોવાથી તેને મુકિત આપવામાં આવેલ છે. વધુમાં તેવી માહિતી કોઈ જાહેર ગતિવિધિ અથવા હિત સાથે કોઈ પણ પ્રકારની સબંધો ધરાવતી નથી. તે જોતા અરજદારની અપીલ અરજી અંગે વિશેષ કશુ કરવાનું રહેતુ હોય અપીલ અરજી દફતરે કરવા જોગ છે.

## –:હુકમ:–

અરજદારની મુળ અરજી, અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતા નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારશ્રી ભુપેન્દ્ર સી. પટેલએ આઈ.ડી. નં. ૩૪૬ તા. ૨૫/૫/૧૨ ના મુદ્દા નં. ૧ અને ૨ સામે અપીલ કરેલ છે તે અરજીના અનુસંધાનમાં જાહેર માહિતી અધિકારી ધ્વારા મુદ્દા નં. ૧ અને ૨ ના સંદર્ભમાં રેકર્ડ આધારીત માહિતી "નીલ" હોવાનું જણાવેલ છે. જેથી વિશેષ કાંઈ કરવાનું રહેતુ ન હોય, અપીલ અરજી દફતરે કરવામાં આવે છે.

નં. પીએચડી/પીઓ/આરટીઆઈ/અપીલ/
તા. /૦૮/૨૦૧૨

(કે.બી.નાયક)
અપીલ અધિકારી અને
પર્સોનેલ ઓફિસરશ્રી (આરોગ્ય મહેકમ)
સુરત મહાનગરપાલિકા

ન.સ. રવાનાઃ આસી. નોડલ ઓફિસરશ્રી પ્રતિ......... જાણ માટે
નકલ રવાનાઃ જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફિસર(આરોગ્ય મહેકમ)પ્રતિ......... જાણ માટે

# સુરત મહાનગરપાલિકા

અપીલ અરજી
આઈ.ડી.નં.૫૧૧
તા.૨૦/૦૬/૨૦૧૨

અરજદાર::–શ્રી વિનોદ પ્રેમજીભાઈ કંટારીયા.

સામાવાળા ::–(૧)કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી(સો.વે.મે.)સુરતમહાનગરપાલિકા
(૨) માર્કેટ સુપ્રિ.શ્રી અને જાહેર માહિતી અધિકારી, સુરત મહાનગરપાલિકા

ફરિયાદની હકીકત ::–

વિષય ::– – આરટીઆઈ એકટ હેઠળ તા.૨૦/૦૬/૨૦૧૨ની અરજી બાબતે.
– કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી(સો.વે.મે.)ના પત્ર નં.પીએચડી/સો.વે.મે./આ.નં. ૫૯૩ તા.૨૭/૦૬/૨૦૧૨ થી આપેલ માહિતી બાબતે

સંદર્ભ ::– અરજદાર મજકુરની અપીલ CCC/C.ZONE/OUT/414 Dt.16/07/2012

આરટીઆઈ એકટ હેઠળ અરજદારની તા.૨૦/૦૬/૨૦૧૨ ની અરજી પરત્વે અરજદારે માગેલ માહિતી કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી(સો.વે.મે.) તરફથી આપવામાં આવેલ છે. જે માહિતી માર્કેટ સુપ્રિ.શ્રી અને જાહેર માહિતી અધિકારી ધ્વારા આપવી જોઈએ તેમ જણાવી તા.૧૬/૦૭/૨૦૧૨ ના રોજ અપીલ અરજી કરેલ છે. મજકુર અરજદાર તરફથી તા.૨૦/૦૬/૨૦૧૨ ના રોજ કુલ ૫ મુદ્દાની માહિતી માંગેલ હતી. જે પૈકીની કુલ ૫ મુદ્દાની આરોગ્ય ખાતાના સોલીડ વેસ્ટ મેનેજમેન્ટ વિભાગને લાગત જણાય છે જેની વિગત નીચે મુજબ છે.

મુદ્દા નં. ૧ :– પાંજરાપોળના મરેલ ઢોર, પાડા, પાડી,ભેંસ, ગાય, વાછરડાનો ઈજારો કોને આપવામાં આવેલ છે. જે આ મરેલા ઢોરોની અંતિમ ક્રિયા કયા સ્થળે કરે છે. જે અંગેની માહિતીની નકલ.

મુદ્દા નં. ૨ :– રોડ, શેરી અને મહોલ્લામાં મરેલા બિલાડી, બિલાડા, કુતરા–કુતરી, ગલુડીયા, બકરા–બકરી,હાથી,ઊંટ મરેલાનો ઈજારો કોને આપવામાં આવેલ છે તેની માહિતીની નકલ.

મુદ્દા નં. ૩ :– મુદ્દા નં. (૨) નો ઈજારો મુદ્દા નં. (૧) ને ફાળવવા અંગેની માહિતીની નકલ.

મુદ્દા નં. ૪ :– તમામ સુરતની મટન માર્કેટના હાડકાનો ઈજારો કોને આપવામાં આવેલ છે. જેની માહિતીની નકલ.

મુદ્દા નં. ૫ :– હાડકાના અને મરેલા ઢોરોના ઈજારાના નામ, સરનામા અને મોબાઈલ ફોન સહિતની માહિતીની નકલ.

ઉપરોકત વિગતે ચકાસણી કરતા મુદ્દા નં. ૧ થી ૫ અન્વયેની માહિતી એડી. માર્કેટ સુપ્રિ. અને જાહેર માહિતી અધિકારીના સક્ષમ સત્તા મંડળના અધિકાર ક્ષેત્રમાં આવતી ન હોય કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી(સો.વે.મે)પત્ર નં.પીએચડી/સો.વે.મે./આ.નં. ૫૯૩ તા.૨૭/૦૬/૨૦૧૨ થી અરજદારને તમામ પાંચ લાગત મુદ્દાની માંગ્યા મુજબની માહિતી પુરી પાડવામાં આવેલ છે.

**–:: હુકમ ::–**

અરજદારની મુળ અરજી, અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતા નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૧૬/૦૭/૨૦૧૨ ની અરજીના મુદ્દાનં. ૧ થી ૫ બાબતે આરોગ્ય ખાતાના હસ્તકના લાગત વિભાગ સોલીડ વેસ્ટ મેનેજમેન્ટ વિભાગના કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી તરફથી મુદ્દા નં.૧ થી ૫ બાબતે માંગ્યા મુજબની સંપર્ણ માહિતી સમય મર્યાદામાં અરજદારને પૂરી પાડવામાં આવેલ છે. ઉકત માહિતી કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી(સો.વે.મે.)ના કાર્યક્ષેત્રમાં આવતી હોય તેઓશ્રી તરફથી માંગ્યા મુજબની માહિતી પુરી પાડવામાં આવેલ છે. આથી એડી.માર્કેટ સુપ્રિ.શ્રી મારફત તેવી માહિતી પુરી પાડવાની થતી નથી આમ અરજદારની અપીલ અરજી પરત્વે કોઈ કાર્યવાહી કરવાની રહેતી ન હોય અપીલ અરજી દફતરે કરવામાં આવે છે.

(ડો. એચ. એસ. દેસાઈ)
આરોગ્ય અધિકારી અને
એપેલેટ ઓફિસર
સુરત મહાનગરપાલિકા.

નં.પીએચડી/પીઓ/આરટીઆઈ/અપીલ
તા. /૦૭/૨૦૧૨

## સુરત મહાનગરપાલિકા

RIGHT TO INFORMATION

અપીલ અરજી
આઈ.ડી.નં.૪૬૩
તા.૧૨/૦૬/૨૦૧૨

અરજદાર::– શ્રી નરેશભાઈ નાનજીભાઈ બથવાર.
સામાવાળા ::–(૧)કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી(સો.વે.મે.) સેન્ટ્રલ ઝોન,સુરતમહાનગરપાલિકા

ફરિયાદની હકીકત ::–

વિષય ::– – આરટીઆઈ એકટ હેઠળ તા.૧૨/૦૬/૨૦૧૨ની અરજી બાબતે.
– કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી(સો.વે.મે.)ના પત્ર નં.પીએચડી/સો.વે.મે./આ.નં. ૫૯૫ તા.૨૭/૦૬/૨૦૧૨ અને પત્ર નં.પીએચડી/સો.વે.મે./આ.નં. ૮૧૨ તા.૧૨/૦૭/૨૦૧૨ થી આપેલ માહિતી બાબતે

સંદર્ભ ::– અરજદાર મજકુરની અપીલ CCC/C.ZONE/OUT/415 Dt.16/07/2012

આરટીઆઈ એકટ હેઠળ અરજદારની તા.૧૨/૦૬/૨૦૧૨ ની અરજી પરત્વે અસત્ય અને અધુરી માહિતી આપેલ હોવાનું જણાવી તા.૧૬/૦૭/૨૦૧૨ ના રોજ અપીલ અરજી કરેલ છે. મજકુર અરજદાર તરફથી તા.૧૨/૦૬/૨૦૧૨ ના રોજ કુલ ૮ મુદ્દાની માહિતી માંગેલ હતી. જે પૈકીની કુલ ૫ મુદ્દાની આરોગ્ય ખાતાના સોલીડ વેસ્ટ મેનેજમેન્ટ વિભાગને લાગત જણાય છે જેની વિગત નીચે મુજબ છે.

મુદ્દા નં. ૧ :– વરાછા કચરા સ્ટેશનથી કેટલા ટન કચરો જીગર વેસ્ટ મેનેજમેન્ટ, ઈજારદાર ખજોદ કચરા સ્ટેશને ટ્રાન્સફર કરેલ જેની તથા કચરા ટ્રાન્સફરના અંગેના ડેવીએશનના રૂા.૩૨/– લાખ સ્થાયી સમિતિના અધ્યક્ષશ્રી પાસે જેની રજુઆત કરનાર કચરા અધિકારીશ્રીની માહિતીની સંપૂર્ણ પારદર્શિ માહિતીની નકલ.

મુદ્દા નં. ૨ :–ગ્લોબલ વેસ્ટ મેનેજમેન્ટના ઈરાજદારનાં ડેવીએશનનાં સ્થાયી સમિતિનાં અધ્યક્ષશ્રીને રૂા.૩૫/–લાખ તા.૬/૬/૧૨ નાં રોજ મંજુર કર્યા અંગેના આધાર–પુરાવા ઠરાવની માહિતીની નકલ.

મુદ્દા નં. ૩ :– વરાછા કચરા સ્ટેશનના કર્મચારીની અને ખજોદ કચરા સ્ટેશનનાં કર્મચારી જીગર અને ગ્લોબલ વેસ્ટ મેનેજમેન્ટના કચરાના ટ્રાન્સફરની દિવસ અને સમય સાથેની માહિતીની નકલ.

મુદ્દા નં. ૪ :– કાલે જીગર વેસ્ટ મેનેજમેન્ટ ઈજારદારે વધારે કચરો ઉઠાવાયા અંગેના ડેવીએશન પેટે રૂા.૩૨/– લાખ લઈ ગયા આજે ગ્લોબલ વેસ્ટ મેનેજમેન્ટ રૂા.૩૫/– લાખ લઈ જશે. આજ વરાછા વિસ્તારના જ બંને ઈજારદાર હોય આવતી કાલે ત્રીજો ઈજારદાર ડેવીએશનની માંગણી કરશે તેનો વિચાર કર્યા વગર સ્થાયી સમિતિના અધ્યક્ષશ્રી સદર સમક્ષ સત્તા સમિતિને ચલાવતા હોય જે અંગેની શું આયોજન, નિયમ કે જોગવાઈ કરેલ હોયજેની માહિતીની નકલ.

મુદ્દા નં. ૫ :– સુરત શહેરમાં આ ૬૭/– લાખ રૂપિયા સુરતીઓના પસીનાના હોય, જેનો ઉપયોગ શહેર હિતના કામમાં ન કરતા આ રીતે વધારે કચરાનું ડેવીએશન રજુ કરી અને ચુકવવા અંગેના આધાર પુરાવાની પારદર્શી માહિતીની નકલ.

ઉપરોકત વિગતે ચકાસણી કરતા કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી(સો.વે.મે.) સેન્ટ્રલ ઝોનના પત્ર નં.પીએચડી/સો.વે.મે./આ.નં. ૫૯૫ તા.૨૭/૦૬/૨૦૧૨ અને પત્ર નં.પીએચડી/સો.વે.મે./આ.નં. ૮૧૨ તા.૧૨/૦૭/૨૦૧૨ થી તમામ પાંચ લાગત મુદ્દા માહિતી પુરી પાડવામાં આવેલ છે. તે પૈકી **<u>મુદ્દા નં. ૩</u>** વરાછા કચરા સ્ટેશનના કર્મચારીની અને ખજોદ કચરા સ્ટેશનનાં કર્મચારીની જીગર અને ગ્લોબલ વેસ્ટ મેનેજમેન્ટના કચરાના ટ્રાન્સફરની દિવસ અને સમય સાથેની માહિતી પરત્વે તે મુજબનો સમયગાળો સ્પષ્ટ દર્શાવેલ ન હોય તે દર્શાવવા મજકુર અરજદારને જણાવવામાં આવે છે. તે તરફથી માંગ્યા માં આવ્યેથી માહિતી આપી શકાય તેમ છે. તેમ જાહેર માહિતી અધિકારી કક્ષાએથી જણાવવામાં આવેલ છે.

**–:: હુકમ ::–**

અરજદારની મુળ અરજી, અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતા નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૧૬/૦૭/૨૦૧૨ ની અરજીના મુદ્દાનં. ૧ થી ૫ બાબતે આરોગ્ય ખાતાના હસ્તકના લાગત વિભાગ સોલીડ વેસ્ટ મેનેજમેન્ટ વિભાગના કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી તરફથી મુદ્દા નં.૧ થી ૨ અને ૪ થી ૫ બાબતે માંગ્યા મુજબની સંપૂર્ણ માહિતી સમય મર્યાદામાં પૂરી પાડવામાં આવેલ છે. આથી તેટલે અંશે અરજદારની અપીલ અરજી પરત્વે કોઈ કાર્યવાહી કરવાની રહેતી ન હોય અપીલ અરજી દફતરે કરવામાં આવે છે. જયારે મુદ્દા નં. ૩ પરત્વે માંગ્યા મુજબનો સમયગાળો સ્પષ્ટ દર્શાવેલ ન હોય તે સમયગાળો દર્શાવ્યેથી તે

મુદ્દાની માહિતી જાહેર માહિતી અધિકારી અને કાર્યપાલક ઈજનેરશ્રી (સોલીડ વેસ્ટ મેનેજમેન્ટ)એ નિયમાનુસારની કાર્યવાહી કરી અરજદારને પુરી પાડવાની રહેશે.

(ડો. એચ. એસ. દેસાઈ)
આરોગ્ય અધિકારી અને
એપેલેટ ઓફિસર
સુરત મહાનગરપાલિકા.

નં.પીએચડી/પીઓ/આરટીઆઈ/અપીલ
તા.    /૦૭/૨૦૧૨

પ્રતિ,
(૧)જાહેર માહિતી અધિકારી અને કાર્યપાલક ઈજનેરશ્રી (સો. વે. મે.) પ્રતિ... જાણ તથા અમલ સારુ.

# સુરત મહાનગરપાલિકા

RIGHT TO INFORMATION

અપીલ અરજી
આઈ.ડી.નં.૬૧ ૨
તા.૦૬/૦૭/૨૦૧૨

અરજદાર::– શ્રી વિનોદ પ્રેમજીભાઈ કંટારીયા.
સામાવાળા ::–(૧) ડે.ટાઉન પ્લાનર (અઠવા ઝોન) અને જાહેર માહિતી અધિકારી. સુરત મહાનગરપાલિકા
(૨)પર્સોનેલ ઓફિસર(આરોગ્ય) અને જાહેર માહિતી અધિકારી. સુરતમહાનગરપાલિકા

ફરિયાદની હકીકત ::–

વિષય ::– આરટીઆઈ એકટ હેઠળ તા.૦૬/૦૭/૨૦૧૨ની અરજી બાબતે.
પર્સોનેલ ઓફિસર(આરોગ્ય) અને જાહેર માહિતી અધિકારી.ના પત્ર નં.પીએચડી/પી.ઓ./આર.ટી.આઈ/આ.નં.૫૮, તા.૨૧/૦૭/૨૦૧૨ થી આપેલ માહિતી બાબતે
સંદર્ભ ::– અરજદાર મજકુરની અપીલ મધ્યસ્થ કચેરી ઈ.નં.ડી/૪૦૫૧ તા. ૨૭/૦૭/૨૦૧૨

આરટીઆઈ એકટ હેઠળ તા.૦૬/૦૭/૨૦૧૨ ની અરજી મુદ્દા નં. ૧ અને ૨ પરત્વે અરજદારની અરજીની માહિતી જોતા જાહેર માહિતી અધિકારી અને ડે. ટાઉન પ્લાનીંગ ખાતાને લાગુ પડતી ન હોય તબદીલ કરવામાં આવેલ છે. મજકુર અરજદાર તરફથી તા.૦૬/૦૭/૨૦૧૨ ના રોજ કુલ ૨ મુદ્દાની માહિતી માંગેલ હતી. જેની વિગત નીચે મુજબ છે.

મુદ્દા નં.૧ :– નિર્મલ નગર એસ.એમ.સી.ના આવાસ ધારા કે વેચાણની પુરી રકમ ભરી દીધી હોય તેઓના દસ્તાવેજ આપવા અંગેની માહિતીની નકલ.
મુદ્દા નં. ૨ :– વેચાણની રકમ ભરપાઈ કરેલી હોય તેમ છતાં ન આપવા અંગેની માહિતીની નકલ.

ઉપરોકત વિગતે ચકાસણી કરતા મુદ્દા નં. ૧ થી ૨ અન્વયેની માહિતી ડે.ટાઉન પ્લાનર (અઠવા ઝોન) અને જાહેર માહિતી અધિકારીના સક્ષમ સત્તા મંડળના અધિકાર ક્ષેત્રમાં આવતી ન હોય સા.વે.(અઠવા) ઝોનના પત્ર નં.ટીપીડી/આર.ટી.આઈ./૩૧૭ તા.૨૩/૦૭/૨૦૧૨ થી જાહેર માહિતી અધિકારી અને પર્સોનેલ ઓફિસર(આરોગ્ય) વિભાગને તબદીલ કરવામાં આવેલ છે. તે અંતર્ગત અરજદારની અરજીમાં મુદ્દા નં. ૧ અન્વયે સફાઈ કામદારને નિર્મળનગર ખાતે ફાળવવામાં આવેલ આવાસના વેચાણ દસ્તાવેજ જો કરવામાં આવેલ હોત તો તેવા દસ્તાવેજ આવાસ ધારકો પાસેજ હોઈ શકે આથી તે અંગેનો રેકર્ડ સુરત મહાનગરપાલિકા પાસે ઉપલબ્ધ નથી તે મુજબની માહિતી પૂરી પાડવામાં આવેલ છે જયારે મુદ્દા નં. ૨ પણ મુદ્દા નં. ૧ ને લાગત હોય તે બાબતે પણ માહિતી ઉપલબ્ધ નથી તે મુજબનો જવાબ પાઠવવામાં આવેલ છે.

**–:: હુકમ ::–**

અરજદારની મુળ અરજી, અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતા નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૦૬/૦૭/૨૦૧૨ ની અરજીના મુદ્દાનં. ૧ થી ૨ પરત્વેની માંગેલ માહિતી બાબતે યોગ્ય જવાબ જાહેર માહિતી અધિકારી અને પર્સોનેલ ઓફિસર(આરોગ્ય) વિભાગ તરફથી પાઠવવામાં આવેલ છે. આમ અરજદારની અપીલ અરજી પરત્વે કોઈ કાર્યવાહી કરવાની રહેતી ન હોય અપીલ અરજી દફતરે કરવામાં આવે છે.

(ડો. એચ. એસ. દેસાઈ)
આરોગ્ય અધિકારી અને
એપેલેટ ઓફિસર
સુરત મહાનગરપાલિકા.

નં.પીએચડી/પીઓ/આરટીઆઈ/અપીલ/
તા. /૦૮ /૨૦૧૨

# સુરત મહાનગરપાલિકા

અપીલ અરજી
આઈ.ડી.નં.૩૨૧
તા.૨૭/૦૭/૨૦૧૨

અરજદાર ::– શ્રી રમેશ કે જાંગીડ.
સામાવાળા ::– ચીફ ફુડ ઈન્સ્પેકટર અને જાહેર માહિતી અધિકારી, સુરત મહાનગરપાલિકા.

ફરિયાદની હકીકત ::–

વિષય ::– આરટીઆઈ એકટ હેઠળ તા.૨૭/૦૬/૨૦૧૨ની અરજી પરત્વે તા. ૦૭/૦૬/૧૨ ના બીડાણ કરેલ પત્રના અનુસંધાનમાં થયેલ કાર્યવાહી બાબતે.

સંદર્ભ ::– અરજદાર મજકુરની અપીલ નં. વેસ્ટ ઝોન/આર.ટી.આઈ.સેલ/૭૪૭ તા.૩૧/૦૭/૨૦૧૨ , તથા SMC/PHD/FAP/15 Dt.01/08/12

આરટીઆઈ એકટ હેઠળ અરજદારની તા.૨૭/૦૬/૨૦૧૨ ની અરજી સાથે તા.૦૭/૦૬/૧૨ નો બિડાણ કરેલ પત્ર મુજબની માહિતી માંગેલ હતી. જે નિયત સમયમર્યાદામાં પ્રત્યુત્તર મળેલ ન હોવાનું જણાવી તા. ૩૧/૦૭/૧૨ ના રોજ અપીલ અરજી કરેલ છે. જે આરોગ્ય ખાતા હસ્તકના ફુડ વિભાગને લાગત જણાય છે. જે મુદ્દાથી માંગેલ માહિતી ની વિગત નીચે મુજબ છે.

મુદ્દા નં. ૧ :– બિડાણ કરેલ પત્રના અનુસંધાનમાં ડે. કમિશનરે (હે. અને હો.) જે પત્રો પર નોંધ કરી હોય તે નોંધવાળા તમામ પત્રોની નકલો આપશો.

મુદ્દા નં. ૨:– ડે. કમિશનરે (હે. અને હો.) ની નોંધ થયા બાદ આપના વિભાગ ધ્વારા જે જે કાર્યવાહી કરવામાં આવી હોય તે કાર્યવાહીને નકલો સહિતની વિગતવાર માહિતી આપશો.

તે સંદર્ભે ચીફ ફુડ ઈન્સ્પેકટરશ્રી, અને જાહેર માહિતી અધિકારી, સુરત મહાનગરપાલિકા તરફથી નં.પીએચડી/ફુડ/૮૨૪ તા.૦૯/૦૮/૨૦૧૨ થી ઉપરોકત મુદ્દાઓ પરત્વે માહિતી સમય મર્યાદામાં પુરી પાડવામાં આવેલ છે. જયારે મુદ્દા નં.૧ બાબતે મજકુર અરજદાર તરફથી ડે. કમિશનરે (હે. અને હો.) ને ઉદૃેશીને તા.૦૭/૦૬/૧૨ ના રોજ લખેલ પત્ર પર કરેલ નોંધ સહિતની નકલ આપવાની બાકી જણાય છે. તેમજ મુદ્દા નં. ૨ પરત્વે ફુડ વિભાગ ધ્વારા જે જે કાર્યવાહી કરવામાં આવેલ છે. તેની માહિતી આપવામાં આવેલ છે. પરંતુ ડે. કમિશનરે (હે. અને હો.)ની નોંધ થયા બાદ ફુડ વિભાગ ધ્વારા કરવામાં આવેલ કાર્યવાહીની નકલો આપવાની બાકી જણાય છે.

પ્રોફેશનલ ક્રાઈમનો તા.૦૭/૦૬/૧૨ નો પત્ર આરોગ્યખાતામાં મળેલ છે પરંતુ આરોગ્ય હસ્તકના આરોગ્ય મહેકમ વિભાગને ઉકત પત્ર મળેલ નથી તે પત્ર ડે. કમિશનરશ્રી (હે. અને હો.) તરફથી ફુડ વિભાગને આપવામાં આવેલ હતો

## –:: હુકમ ::–

અરજદારની મુળ અરજી, અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતા નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૨૭/૦૬/૨૦૧૨ ની અરજીથી માંગવામાં આવેલ મુદ્દા નં. ૧ અને ૨ ની માહિતી આરોગ્ય ખાતા હસ્તકના ફુડ વિભાગ તરફથી પુરી પાડવામાં આવેલ હોવાનુ જણાય છે. પરંતુ મુદ્દા નં. ૧ પરત્વે ડે. કમિશનરે (હે. અને હો.) ને ઉદૃેશીને તા.૦૭/૦૬/૧૨ ના રોજ લખેલ પત્ર પર કરેલ નોંધ સહિતની નકલ તેમજ મુદ્દા નં. ૨ પરત્વે પત્રમાં જણાવેલ સંસ્થા વિરુધ્ધ ખાતા ધ્વારા થયેલ કાર્યવાહીની નકલો જાહેર માહિતી અધિકારી અને ફુડ ઈન્સ્પેકટરશ્રીએ દિન – ૭ માં અત્રેની કચેરીની જાણ હેઠળ અરજદારને પુરી પાડવા જણાવવામાં આવે છે. પ્રોફેશનલ ક્રાઈમનો તા.૦૭/૦૬/૧૨ નો પત્ર આરોગ્યખાતામાં મળેલ છે પરંતુ આરોગ્ય હસ્તકના આરોગ્ય મહેકમ વિભાગને ઉકત પત્ર મળેલ નથી તે પત્ર ડે. કમિશનરશ્રી (હે. અને હો.) તરફથી ફુડ વિભાગને આપવામાં આવેલ હતો જે બાબતે કોઈ અલગથી હુકમ કરવાનો રહેતો નથી.

(ડૉ. એચ.એસ.દેસાઈ)
આરોગ્ય અધિકારી અને
એપેલેટ ઓફિસર
સુરત મહાનગરપાલિકા

નં.પીએચડી/પીઓ/આરટીઆઈ/અપીલ/
તા. /૦૮/૨૦૧૨

પ્રતિ,
(૧) ચીફ ફુડ ઈન્સ્પેકટર અને જાહેર માહિતી અધિકારીશ્રી.... જાણ તથા અમલ માટે.

RIGHT TO INFORMATION

# સુરત મહાનગરપાલિકા

અપીલ અરજી
આઈ.ડી.નં.૩૨૦
તા.૨૭/૦૬/૨૦૧૨

અરજદાર ::– શ્રી રમેશ કે. જાંગીડ.
સામાવાળા ::– ચીફ ફુડ ઈન્સ્પેકટર અને જાહેર માહિતી અધિકારી, સુરત મહાનગરપાલિકા.

ફરિયાદની હકીકત ::–

વિષય ::– આરટીઆઈ એકટ હેઠળ તા.૨૭/૦૬/૨૦૧૨ની અરજીની સાથે તા. ૨૪/૦૫/૧૨ નો બીડાણ કરેલ પત્રના અનુસંધાનમાં થયેલ કાર્યવાહી બાબતે તેમજ નિયત સમયમાર્યાદામાં પ્રત્યુત્તર મળેલ ન હોવાનું જણાવી કરવામાં આવેલ અપીલ અરજી બાબત

સંદર્ભ ::– અરજદાર મજકુરની અપીલ નં. વેસ્ટ ઝોન/આર.ટી.આઈ.સેલ/૭૪૬ તા.૩૧/૦૭/૨૦૧૨

અરજદારની તા.૨૭/૦૬/૨૦૧૨ ની આરટીઆઈની અરજી સાથે તા.૨૪/૦૫/૧૨ નો બિડાણ કરેલ પત્રના અનુસંધાનમાં મુદ્દા નં. ૧ પરત્વે મ્યુનિ. કમિશનર વિભાગ તરફથી જે જે પત્રો પર નોંધ કરવામાં આવી હોય તે તમામ નોંધવાળા પત્રોની નકલો આપવા તથા મુદ્દા નં. ૨ પરત્વે કચેરીની નોંધ થયા બાદ વિભાગ ધ્વારા પત્રમાં જણાવેલ સંસ્થાઓ વિરુધ્ધ જે કંઈ પણ કાર્યવાહી કરવામાં આવી હોય તેની નકલો સહિતની માહિતી આપવા તા.૩૧/૦૭/૧૨ ના રોજ કરેલ અપીલ અરજી સંદર્ભે ચીફ ફુડ ઈન્સ્પેકટરશ્રી, અને જાહેર માહિતી અધિકારી, સુરત મહાનગરપાલિકા તરફથી નં.પીએચડી/ફુડ/૮૨૨ તા.૦૯/૦૮/૨૦૧૨ થી ઉપરોકત મુદ્દાઓ પરત્વે માહિતી સમય મર્યાદામાં પુરી પાડવામાં આવેલ છે પરંતુ મુદ્દા નં.૧ બાબતે મજકુર અરજદાર તરફથી કમિશનરશ્રીને ઉદ્દેશીને તા. ૨૪/૦૫/૧૨ ના રોજ લખેલ પત્ર પર થયેલ નોંધ સહિતની નકલ આપવાની બાકી જણાય છે. તેમજ મુદ્દા નં. ૨ પરત્વે ફુડ વિભાગ ધ્વારા જે જે કાર્યવાહી કરવામાં આવેલ છે તેની માહિતી આપવામાં આવેલ છે પરંતુ ફુડ વિભાગ ધ્વારા કરવામાં આવેલ કાર્યવાહીની નકલો આપવાની બાકી જણાય છે.

## –:: હુકમ ::–

અરજદારની મુળ અરજી, અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતા નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૨૭/૦૬/૨૦૧૨ ની અરજીથી માંગવામાં આવેલ મુદ્દા નં. ૧ અને ૨ ની માહિતી આરોગ્ય ખાતા હસ્તકના ફુડ વિભાગ તરફથી પુરી પાડવામાં આવેલ હોવાનુ જણાય છે. પરંતુ મુદ્દા નં. ૧ પરત્વે કમિશનરશ્રીને ઉદ્દેશીને તા.૨૪/૦૫/૧૨ ના રોજ લખેલ પત્ર પર કમિશનરશ્રી તરફથી કરેલ નોંધ સહિતની નકલ તેમજ મુદ્દા નં. ૨ પરત્વે પત્રમાં જણાવેલ સંસ્થા વિરુધ્ધ ખાતા ધ્વારા થયેલ કાર્યવાહીની નકલો જાહેર માહિતી અધિકારી અને ફુડ ઈન્સ્પેકટરશ્રીએ દિન – ૭ માં અત્રેની કચેરીની જાણ હેઠળ અરજદારને પુરી પાડવા જણાવવામાં આવે છે.

(ડૉ. એચ.એસ.દેસાઈ)
આરોગ્ય અધિકારી અને
એપેલેટ ઓફિસર
સુરત મહાનગરપાલિકા

નં.પીએચડી/પીઓ/આરટીઆઈ/અપીલ/
તા. /૦૮/૨૦૧૨

પ્રતિ,
(૧) ચીફ ફુડ ઈન્સ્પેકટર અને જાહેર માહિતી અધિકારીશ્રી.... જાણ તથા અમલ માટે.

# સુરત મહાનગરપાલિકા

RIGHT TO INFORMATION

અપીલ અરજી
આઈ.ડી.નં.–
તા.૦૬/૦૮/૨૦૧૨

અરજદાર ::– શ્રી અરૂણભાઈ એસ પાઠક.
સામાવાળા ::– ચીફ ફુડ ઈન્સ્પેકટર અને જાહેર માહિતી અધિકારી, સુરત મહાનગરપાલિકા.
ફરિયાદની હકીકત ::–

વિષય ::– આરટીઆઈ એકટ હેઠળ તા.૦૧/૦૬/૨૦૧૨ની અરજી પરત્વે જાહેર માહિતી અધિકારી અને ફુડ ઈન્સ્પેકટરશ્રીના તા.૧૨/૦૭/૧૨ ના પત્રથી મળેલ અધુરી અને ખોટી માહિતી પુરી પાડવા બાબતે.

સંદર્ભ ::– અરજદાર મજકુરની અપીલ નં. – SMC/PHD/FAP/17/2012-13 Dt.07/08/12

શ્રી અરૂણભાઈ એસ પાઠક તરફથી તા.૦૧/૦૬/૨૦૧૨ ના રોજ આરટીઆઈ એકટ હેઠળ અરજી કરેલ હતી જે અરજીના મુદ્દા નં. ૫ થી ૮ જાહેર માહિતી અધિકારી અને મદદનીશ કમિશનર, ખોરાક અને ઔષધ નિયમનતંત્ર, સુરત તરફથી જાહેર માહિતી અધિકારી અને ડે. કમિશનરશ્રી(હલ્થ) અને લોકલ ઓથોરીટી સુરત મહાનગરપાલિકાને પત્ર નં. મકસુ/૨૬૭૨/૨૦૧૨ તા.૧૪/૦૬/૧૨ થી તબદીલ કરવામાં આવેલ છે. જે અરજી ફુડ વિભાગને લાગત હોવાથી ફુડ વિભાગ તરફથી મુદ્દા નં. ૫ થી ૮ ની માહિતી મજકુર અરજદારને પુરી પાડવામાં આવેલ છે. જે મળેલ માહિતી અધુરી અને ખોટી હોવાનું જણાવી સંપૂર્ણ માહિતી મેળવવા બાબતે તા. ૦૬/૦૮/૧૨ ના રોજ અપીલ અરજી કરેલ છે.

મુદ્દા નં. ૫ :– સુરત શહેરમાં તા.૦૧/૦૧/૧૧ થી તા.૦૧/૦૬/૧૨ સુધીમાં આપની કચેરીએથી કેટલા ખાદ્યપદાર્થ સેલ્સના પરવાના માટે મંજુરી આપવામાં આવેલ છે. તેની સંપુર્ણ ખાદ્યપદાર્થ સેલ્સ પરવાનેદારોની માહિતી આપશો તથા ઉપરોકત સમયમા કેટલા ખાદ્યપદાર્થ સેલ્સના પરવાનેદારોને સ્થળ ફેરફાર માટે મંજુરી મેળવેલ છે તેની સંપૂર્ણ માહિતી આપશો.

મુદ્દા નં. ૬ઃ– સુરત શહેરમાં તા. ૦૧/૦૧/૧૧ થી તા. ૦૧/૦૬/૧૨ સુધીમાં આપની કચેરીએથી કેટલા ખાદ્યપદાર્થ ઉત્પાદક પેઢી ઓને પરવાનો આપવામાં આવેલ છે તેની યાદી આપશો તથા ઉપરોકત સમયમા કેટલાક ખાદ્યપદાર્થ ઉત્પાદક પેઢીઓને જગ્યા ફેરફાર માટે મંજુરી મેળવેલ છે. તેમની જગ્યા ફેરફાર સાથે પેઢીના નામ સરનામાની વિગતવાર માહિતી આપશો

મુદ્દા નં.૭ઃ– સુરત શહેરમાં ખોરાક અને ઔષદ સેલ્સ તથા ઔષધ પરવાનેદારોની તથા ખાદ્યપદાર્થ સેલ્સ અને ઉત્પાદક પેઢીઓના ઈન્સ્પેકશન માટેની કામગીરી માટે મુકેલ ડ્રગ ઈન્સ્પેકટરો તથા અન્ય અધિકારીઓના કાર્યક્ષેત્ર તથા નોકરીના સમય તથા મોબાઈલ નં. સાથે વિસ્તાર મુજબ વિગતવાર માહિતી આપશો.

મુદ્દા નં. ૮ઃ– આપની કચેરીએ સુરત શહેરના છેલ્લા એક વર્ષમા ઔષદ તથા ખોરાક બાબતેની ફરીયાદ બાબતે કેટલી અરજીઓ નોંધાયેલ છે તથા તે ઉપરોકત અરજીઓ ઉપર આપની કચેરીએથી જે કઈ પણ કાર્યવાહી કરવામાં આવેલ હોય તેની સંપૂર્ણ વિતવાર માહિતી આપશો.

તે સંદર્ભે ચીફ ફુડ ઈન્સ્પેકટરશ્રી, સુરત મહાનગરપાલિકા તરફથી નં.પીએચડી/ફુડ/૭૩૩ તા.૧૨/૦૭/૨૦૧૨ થી મુદ્દા નં. ૫ થી ૮ ની માહિતી પુરી પાડવામાં આવેલ છે. પરંતુ મુદ્દા નં.૫ ,૬,૮ બાબતની અધુરી પુરી પડાયેલ માહિતી માટે અપીલ અરજીના અનુસંધાને મજકુર અરજદારને સુનાવણી અર્થે તા.૧૫/૦૯/૧૨ ના રોજ સાંજે ૪ઃ૩૦ કલાકે આરોગ્ય અધિકારી અને અપીલ અધિકારી સમક્ષ સુ.મ.પા.ની આરોગ્ય ખાતાની મુગલીસરા સુરતની કચેરીમાં રૂબરૂ હાજર થવા જણાવવામાં આવેલ હતુ તે મુજબ અરજદાર ઉકત સ્થળે હાજર રહયા હતા.

**–:: હુકમ ::–**

ઉપરોકત વિગતે અરજદારની મુળ અરજી,અપીલ અરજી સંદર્ભે થયેલ રૂબરૂ સુનાવણી, તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતા અરજદારની તા.૦૧/૦૬/૨૦૧૨ ની અરજીથી માંગવામાં આવેલ માહિતીના મુદ્દા નં.૫,૬,૮ બાબતે આરટીઆઈના નિયમાનુંસાર દફતરની રૂબરૂ ચકાસણી (ઈન્સ્પેકશન) અંગે ચીફ ફુડ ઈન્સ્પેકટર અને જાહેર માહિતી અધિકારીશ્રી (આરોગ્યખાતુ) સુરત મહાનગરપાલિકા પાસેથી અગાઉથી તારીખ અને સમય મેળવી ચકાસણી કરી જવા જણાવવામાં આવે છે. ત્યાર બાદ જરૂરીયાત મુજબની માહિતી અરજદારને અત્રેની કચેરીની જાણ હેઠળ વિના મુલ્યે પુરી પાડવાની રહેશે, તેમજ મુદ્દા નં. ૭ બાબતે ફુડ ઈન્સ્પેકટરોના નોકરીના સમય અંગેની ચોકકસ માહિતી પુરી પાડવા જણાવવામાં આવે છે.

(ડૉ. એચ.એસ.દેસાઈ)
આરોગ્ય અધિકારી અને
એપેલેટ ઓફિસર
સુરતમહાનગરપાલિકા

નં.પીએચડી/પીઓ/આરટીઆઈ/અપીલ/
તા. /૦૯/૨૦૧૨

પ્રતિ,

(૧) ચીફ ફુડ ઈન્સ્પેકટર અને જાહેર માહિતી અધિકારીશ્રી.... જાણ તથા અમલ માટે.
(૨) શ્રી અરૂણભાઈ એસ.પાઠક , ૮ ભગવતી આર્કેડ, ઉધના ઉદ્યોગનગર, રોડ નં. ૫, ઉધના–સુરત .....
તેઓની અપીલ અરજી અંગે ઉપરની વિગતે હુકમ ધ્વારા કરવામાં આવેલ નિકાલ સબબ જાણ સારૂ.

**સુરત મહાનગરપાલિકા**

અપીલ અરજી
આઈ.ડી.નં.૩૧૭
તા.૨૨/૦૫/૨૦૧૨

અરજદાર ::– શ્રી મહેન્દ્ર બી. પંચાલ.

સામાવાળા ::–(૧) જાહેર માહિતી અધિકારી અને પર્સોનેલ ઓફીસર,(આરોગ્ય) સુરત મહાનગરપાલિકા.

ફરિયાદની હકીકત ::–

વિષય ::– આરટીઆઈ એકટ હેઠળની તા.૨૨/૦૫/૨૦૧૨ની અરજી બાબતે.
પર્સોનેલ ઓફિસર(આરોગ્ય) અને જાહેર માહિતી અધિકારી.ના પત્ર નં.પીએચડી/ પી.ઓ./આર.ટી.આઈ/આ.નં.૭૫ તા.૨૩/૦૮/૨૦૧૨ થી પુરી પાડવામાં આવેલ માહિતીથી નારાજ થઈ કરેલ પ્રથમ અપીલ બાબતે.
સંદર્ભ ::– અરજદાર મજકુરની અપીલ CCC/C.ZONE/OUT/604.DT.05/09/2012

શ્રી મહેન્દ્ર બી. પંચાલ, સરકારી વસાહત સુરત તરફથી આરટીઆઈ એકટ હેઠળની તા.૨૨/૦૫/૨૦૧૨ થી અરજદાર દ્વારા કુલ–૭ મુદ્દાની માહિતી માંગેલ હતી તે પૈકી અરજીના મુદ્દા નં. ૫ અંશત આરોગ્ય ખાતાને લાગત જણાય છે. જેની વિગત નીચે મુજબ છે.

મુદ્દા નં.૫ઃ– સુરત શહેરી વિસ્તારમાં આવેલ મહાનગર સેવાસદન સાર્વજનિક તેમજ ખાનગી ટ્રસ્ટ દ્વારા સંચાલિત દવાખાનાઓ તેમજ હોસ્પીટલો પૈકી કેટલા દવાખાનાઓ તેમજ હોસ્પીટલોમાં સાંઠ વર્ષથી ઉપરની વયના વરિષ્ઠ નાગરીકો, વિધવાઓ, ત્યકતાઓ, વિકલાંગો તેમજ આર્થિક રીતે અત્યંત ગરીબ જરુરીયાતમંદોને તમામ પ્રકારની સરવાર સંપુર્ણપણે વિનામૂલ્યે કોઈપણ પ્રકારના ભેદભાવ વિના આપવામાં આવે છે તેની સંખ્યા સહિત વિગત આપવા જણાવેલ છે.

ઉપરોકત વિગતે ચકાસણી કરતા મુદ્દા નં.૫ અન્વયે મુદ્દા આધારીત માંગ્યા મુજબની માહિતી જાહેર માહિતી અધિકારી અને પર્સોનેલ ઓફિસર(આરોગ્ય) વિભાગ ધ્વારા પુરી પાડવામા આવેલ હોય અપીલ તબકકે કોઈ વધારાની માહિતી આપવાની રહેતી નથી. તેમજ સુરત મહાનગરપાલિકા દ્વારા સુરત શહેરમાં આવેલ તમામ અર્બન હેલ્થ સેન્ટર, મેટરનીટી હોમ, દવાખાનાઓ તેમજ હોસ્પીટલોમાં શહેરના તમામ વરિષ્ઠ નાગરીકો, વિધવાઓ, ત્યકતાઓ, વિકલાંગો તેમજ આર્થિક રીતે અંત્યત ગરીબ તમામ જરૂરીયાતમંદોની તમામ પ્રકારની આરોગ્યની સારવાર કાયમી ધોરણે વિનામુલ્યે પુરી પાંડવા અંગે જરૂરી નાણાંકીય જોગવાઈ મહાનગરપાલિકાના વાર્ષિક બજેટમાં નિયમીત રીતે કરવા અંગેનો પુરક પ્રશ્ન અપીલ તબકકે અરજદાર ધ્વારા ઉપસ્થિત કરવામાં આવેલ છે. જે અંગે અરજદાર અલાયદી અરજી કરી માહિતી મેળવવા સ્વતંત્ર છે.

**–:: હુકમ ::–**

અરજદારની મુળ અરજી, અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતા નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૨૨/૦૫/૨૦૧૨ ની અરજીના મુદ્દાનં. ૫ પરત્વે જાહેર માહિતી અધિકારી અને પર્સોનેલ ઓફિસર(આરોગ્ય) મારફતે પત્ર નં.પીએચડી/પી.ઓ./આર.ટી.આઈ/આ.નં.૭૫ તા.૨૩/૦૮/૨૦૧૨ થી મુદ્દા આધારીત માહિતી આપવામાં આવેલ હોય અપીલ તબકકે કોઈ વધારાની માહિતી આપવાની રહેતી નથી. તેમજ અરજદાર ધ્વારા અપીલ તબકકે સુરત મહાનગરપાલિકા દ્વારા સુરત શહેરમાં આવેલ તમામ અર્બન હેલ્થ સેન્ટર, મેટરનીટી હોમ, દવાખાનાઓ તેમજ હોસ્પીટલોમાં શહેરના તમામ વરિષ્ઠ નાગરીકો, વિધવાઓ, ત્યકતાઓ, વિકલાંગો તેમજ આર્થિક રીતે અંત્યત ગરીબ તમામ જરૂરીયાતમંદોની તમામ પ્રકારની આરોગ્યની સારવાર કાયમી ધોરણે વિનામુલ્યે પુરી પાંડવા અંગે જરૂરી નાણાંકીય જોગવાઈ મહાનગરપાલિકાના વાર્ષિક બજેટમાં નિયમીત રીતે કરવા અંગેનો પુરક પ્રશ્ન ઉપસ્થિત કરવામાં આવેલ હોય જે અંગે અરજદાર અલાયદી અરજી કરી માહિતી મેળવવા સ્વતંત્ર છે. આમ અરજદારની અપીલ અરજી પરત્વે કોઈ કાર્યવાહી કરવાની બાકી રહેતી ન હોય અપીલ અરજી દફતરે કરવામાં આવે છે.

(ડો. એચ. એસ. દેસાઈ)
આરોગ્ય અધિકારી અને
એપેલેટ ઓફિસર
સુરત મહાનગરપાલિકા.

નં.પીએચડી/પીઓ/આરટીઆઈ/અપીલ/
તા. /૦૯/૨૦૧૨

# સુરત મહાનગરપાલિકા

RIGHT TO INFORMATION

અપીલ અરજી
આઈ.ડી.નં.૨૮૫
તા.૦૬/૦૮/૨૦૧૨

અરજદાર ::– શ્રી પિંકલ પ્રફુલચંદ્ર ઘીવાળા

સામાવાળા ::– ચીફ ફુડ ઈન્સ્પેકટર અને જાહેર માહિતી અધિકારી, સુરત મહાનગરપાલિકા.

ફરિયાદની હકીકત ::–

વિષય::–આરટીઆઈ એકટ હેઠળ તા.૨૦/૦૬/૨૦૧૨ની અરજી આઈ.ડી.નં.૨૮૫ થી માંગવામાં આવેલ માહિતી સંદર્ભે સુ.મ.ન.પાના ફુડ ડીપાર્ટમેન્ટ અને લાગત વિભાગ/ઝોન તરફથી જવાબ આપવામાં આવેલ નથી વિગરે.

સંદર્ભ ::– અરજદાર મજકુરની અપીલ અરજી નં. SMC/WZ/FAP/NO.33 DT.06/08/2012

શ્રી પિંકલ પ્રફુલચંદ્ર ઘીવાળા તરફથી તા.૨૦/૦૬/૨૦૧૨ ના રોજ કુલ ૧૫ મુદ્દાની માહિતી માંગેલ હતી. તે અરજીના મુદ્દા નં.૩, ૫, ૬, ૭, ૧૨, ૧૩ અને ૧૫ સંદર્ભે સુ.મ.ન.પા. ના ફુડ ડીપાર્ટમેન્ટ તરફથી તથા લાગત વિભાગ/ઝોન તરફથી જવાબ આપવામાં આવેલ નથી વિગરે સંદર્ભે અરજદાર મજકુરે તા.૦૬/૦૮/૨૦૧૨ ના રોજ અપીલ કરેલ છે. મજકુર અરજદાર તરફથી ઉકત મુદ્દા થી નીચે મુજબ માહિતી માંગવામાં આવેલ હતી.

મુદ્દા નં. ૩. તૃપ્તી એન્ટરપ્રાઈઝ સુ.મ.પા. ધ્વારા ખાદ્ય સુરક્ષા અને ધોરણો અધિનીયમ હેઠળ કલમ નં. ૪૭,૫૦,૫૯,૬૩ સંદર્ભે કોઈ પણ કાર્યવાહી કરવામાં આવી હોય તો જાણ કરવી અને ન કરવામાં આવી હોય તો કયા કાયદા હેઠળ ન કરવામાં આવી તે જણાવવું .

મુદ્દા નં. ૫. સુ.મ.પા. ધ્વારા તૃપ્તી એન્ટરપ્રાઈઝ વિરુધ્ધ આવેલ અરજી સંદર્ભે કરવામાં આવેલી કાર્યવાહીની દરેક કાગળની૭(૩) ૫ મુજબ તપાસણીની પરમીશન આપશો.

મુદ્દા નં. ૬. તૃપ્તી એન્ટરપ્રાઈઝ, ૫૪–૫૫, હનીપાર્ક, પર મ.ન.પા.ધ્વારા થયેલ તપાસમાં જે અધિકારી હાજર હતા અને તે અધિકારીના નામ , પોસ્ટ અને જો કોઈ બદલી થઈ હોય તો તેની હાલની પોસ્ટ અંગે જણાવવું.

મુદ્દા નં. ૭. તૃપ્તી એન્ટરપ્રાઈઝ વિરુધ્ધ વિજીલન્સ ધ્વારા અરજી સંદર્ભે કરવામાં આવેલ તમામ કાર્યવાહીના કાગળની કોપી ૭(૩) ૫ મુજબ તપાસ પરવાનગી આપવી.

મુદ્દા નં.૧૨. સુ.મ.પા. ધ્વારા તૃપ્તી એન્ટરપ્રાઈઝ પર તપાસ દરમ્યાન કયા અધિકારી કયા વાહન પર આવેલ જે વાહન પર આવેલ તે વાહનનું નામ અને ગાડી નંબર આપો અને કેટલો સમય રોકાયા હતા તે વિગતવાર જણાવવવું (કેટલા વાગે આવેલ અને કેટલા વાગે ગયેલ)

મુદ્દા નં.૧૩. બી.આઈ.એસ. સર્ટીફીકેટ જે એડ્રેસ પર મેળવ્યું હોય તે સિવાયના એડ્રેસ પર ચાલી શકે કે નહિ તે જણાવવું.

મુદ્દા નં.૧૫ તૃપ્તી એન્ટરપ્રાઈઝ, ૫૪–૫૫, સી.કે.પાર્ક, હનીપાર્ક રોડ ના એડ્રેસ પર પાણીનું કનેકશન ખાનગી ઉપયોગ કે કોમર્શીયલ ઉપયોગ માટે કનેકશન લેવામાં આવેલ.

ચીફ ફુડ ઈન્સ્પેકટરશ્રી, સુરત મહાનગરપાલિકા તરફથી મજુકર અરજદારની અરજીના મુદ્દાઓ પરત્વે માંગ્યા મુજબની માહિતી નં.પીએચડી/ફુડ/૪૬૩ તા.૧૮/૦૭/૨૦૧૨ થી પુરી પાડવામાં આવેલ છે. તે અનુસાર મુદ્દા નં.૩ બાબતે ફુડ સેફટી ઓફિસર ધ્વારા લેવામાં આવેલ નમુનામાં ફુડ સેફટી એન્ડ સ્ટાન્ડર્ડ એકટ–૨૦૦૬ ની કલમ–૪૭ ની જોગવાઈઓનુ પાલન કરવામાં આવેલ હોય ફુડ એનાલીસ્ટશ્રી, સુ.મ.પા.ના રીપોર્ટ ધારાધોરણ મુજબનો જણાતા કલમ નં. ૫૦ તથા ૫૯ અંગે કાર્યવાહી કરવાની રહેતી નથી તેવુ જણાવવામાં આવેલ છે. પરંતુ કલમ ૬૩ અંગે કોઈ કાર્યવાહી કરવામાં આવેલ જણાતી નથી. જે માહિતી અરજદારને ફુડ વિભાગ મારફતે પુરી પાડવાની રહે છે. મુદ્દા નં. ૫ પરત્વેની માહિતી વેસ્ટઝોનમાંથી પુરી પાડવાની થતી હોય, માંગ્યા મુજબની માહિતી અરજદારને વેસ્ટઝોન ખાતેથી પુરી પાડવાની રહે છે. મુદ્દા નં.૬ પરત્વે તૃપ્તી એન્ટરપ્રાઈઝ, ૫૪–૫૫, હનીપાર્ક પર મ.ન.પા.ધ્વારા થયેલ તપાસ અંગેની માહિતી પુરી પાડવામાં આવેલ છે પરંતુ અધિકારી ના વાહન વિગેરે ના ડીટેઈલ, તેમજ સમયગાળા બાબતે અપીલ તબકકે પુરક પ્રશ્ન ઉપસ્થિત કરેલ હોય મજકુર અરજદાર તેવી માહિતી મેળવવા માટે અલાયદી અરજી કરવા સ્વતંત્ર છે. મુદ્દા નં.૭ તૃપ્તી એન્ટરપ્રાઈઝ વિરુધ્ધ વિજીલન્સ ધ્વારા અરજી સંદર્ભે કરવામાં આવેલ તમામ કાર્યવાહીના કાગળની કોપી ૭(૩) ૫ મુજબ તપાસ પરવાનગી આપવાની બાબત વીજીલન્સ ખાતાને લાગત હોય વીજીલન્સ ખાતામારફતે પુરી પાડવાની રહે છે. મુદ્દા નં.૧૨ પરત્વે ની માંગ્યા મુજબની માહિતી અરજદારને પુરી પાડવામા આવેલ છે. પરંતુ વેસ્ટ ઝોનના આવેલ અધિકારીના સમયગાળો આપવામાં આવેલ નથી તેવો અપીલ તબકકે પુરક પ્રશ્ન ઉપસ્થિત કરેલ હોય મજકુર અરજદાર અલાયદી અરજી કરી માહિતી મેળવવા સ્વતંત્ર છે. મુદ્દા નં.૧૩ બી.આઈ.એસ. સર્ટીફીકેટ જે એડ્રેસ પર મેળવ્યું હોય તે સિવાયના એડ્રેસ પર ચાલી શકે કે નહિ તે બાબતે ફુડ ખાતામાંથી માહિતી થતી ન હોવાનું જણાવેલ છે. પરંતુ આરોગ્યખાતા પાસેથી પ્રસ્તુત મૂળ અરજી, પુરી પાંડવામાં આવેલ માહિતી, પુરક માહિતી જો કોઈ હોય તો પુરી પાડવા ફુડ વિભાગને જણાવવામાં આવેલ હોવા છતાં ફુડ વિભાગ તરફથી માહિતી રજુ કરવામાં આવેલ નથી. આથી મુદ્દા નં. ૧૩ બાબતે જો કોઈ રેકર્ડ આધારીત માહિતી ઉપલબ્ધ હોય તો ફુડ વિભાગમાંથી પુરી પાડવાની રહે છે. મુદ્દા નં.૧૫ તૃપ્તી એન્ટરપ્રાઈઝ, ૫૪–૫૫, સી.કે.પાર્ક, હનીપાર્ક રોડ ના એડ્રેસ પર પાણીનું કનેકશન ખાનગી ઉપયોગ કે કોમર્શીયલ ઉપયોગ માટે લેવામાં આવેલ તે બાબતે ફુડ ખાતાને લાગત ન હોય જે માહિતી વેસ્ટઝોન ખાતેથી પુરી પાડવાની રહે છે.

**–:: હુકમ ::–**

અરજદારની મુળ અરજી, અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતા નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૨૦/૦૬/૨૦૧૨ ની અરજીથી કુલ ૧૫ મુદ્દાની માંગવામાં આવેલ માહિતી સંદર્ભે આરોગ્ય ખાતા હસ્તકના લાગત ફુડ વિભાગ તરફથી માંગ્યા મુજબની માહિતી પુરી પાડવામાં આવેલ હોવાનું જણાય છે. પરંતુ **મુદ્દા નં.૩** પરત્વે તૃપ્તી એન્ટરપ્રાઈઝ સામે સુ.મ.પા. ધ્વારા ખાદ્ય સુરક્ષા અને ધોરણો અધિનિયમ હેઠળ કલમ નં. ૬૩ સંદર્ભે કરવામાં આવેલ કાર્યવાહી અને જો તે કાર્યવાહી કરવામાં ન આવી હોય તો કયા કાયદા હેઠળ ન કરવામાં આવી તે બાબતે રેકર્ડ આધારીત માહિતીની નકલ જાહેર માહિતી અધિકારી અને ચીફ ફુડ ઈન્સ્પેકટરશ્રીએ દિન–૭ માં અત્રેની કચેરીની જાણ હેઠળ અરજદારને નિયમાનુસાર પુરી પાડવા જણાવવામાં આવે છે. **મુદ્દા નં. ૫** બાબતે સુ.મ.પા. ધ્વારા તૃપ્તી એન્ટરપ્રાઈઝ વિરુધ્ધ આવેલ અરજી સંદર્ભે કરવામાં આવેલી કાર્યવાહીની દરેક કાગળની૭(૩) ૫ મુજબ પરવાનગી આપવાની બાબત વેસ્ટઝોનને લાગત હોય જે માહિતી જાહેર માહિતી અધિકારીશ્રી (વેસ્ટઝોન) એ અરજદારને નિયમાનુસાર માહિતી પુરી પાડવા તબદીલ કરવામાં આવે છે. **મુદ્દા નં. ૬** પરત્વે તૃપ્તી એન્ટરપ્રાઈઝ, ૫૪–૫૫, હનીપાર્ક પર મ.ન.પા.ધ્વારા થયેલ તપાસ અંગેની માહિતી ફુડ વિભાગમાંથી પુરી પાડવામાં આવેલ હોય તે બાબતે વધુ કોઈ માહિતી પુરી પાડવાની રહેતી નથી. પરંતુ અધિકારીના વાહન વિગેરેની ડીટેઈલ, સમયગાળા બાબતે અરજદાર તરફથી અપીલ તબકકે પુરક પ્રશ્ન ઉપસ્થિત કરેલ હોય, મજકુર અરજદાર તેવી માહિતી મેળવવા માટે અલાયદી અરજી કરવા સ્વતંત્ર છે. **મુદ્દા નં.૭** પરત્વે તૃપ્તી એન્ટરપ્રાઈઝ વિરુધ્ધ વિજીલન્સ ધ્વારા અરજી સંદર્ભે કરવામાં આવેલ તમામ કાર્યવાહીના કાગળની કોપી ૭(૩) ૫ મુજબ તપાસ પરવાનગી આપવાની બાબત વીજીલન્સ એન્ડ ઈન્સ્પેકશન વિભાગને લાગત હોય જે બાબતે માહિતી પુરી પાડવા જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફિસરશ્રી, વીજીલન્સ એન્ડ ઈન્સ્પેકશન વિભાગને તબદીલ કરવામાં આવે છે. **મુદ્દા નં.૧૨** પરત્વે માંગ્યા મુજબની માહિતી અરજદારને પુરી પાડવામા આવેલ છે. પરંતુ વેસ્ટ ઝોનના આવેલ અધિકારીના સમયગાળો આપવામાં આવેલ નથી તેવો અપીલ તબકકે અરજદાર તરફથી પુરક પ્રશ્ન ઉપસ્થિત કરેલ હોય, મજકુર અરજદાર અલાયદી અરજી કરી તેવી માહિતી મેળવવા સ્વતંત્ર છે. **મુદ્દા નં.૧૩** બી.આઈ.એસ. સર્ટીફીકેટ જે એડ્રેસ પર મેળવ્યું હોય તે સિવાયના એડ્રેસ પર ચાલી શકે કે નહિ તે બાબતે ફુડ ખાતામાંથી માહિતી આપવાની થતી ન હોવાનું જણાવેલ છે. પરંતુ આરોગ્યખાતા પાસેથી પ્રસ્તુત મૂળ અરજી, પુરી પાંડવામાં આવેલ માહિતી, પુરક માહિતી જો કોઈ હોય તો પુરી પાડવા ફુડ વિભાગને જણાવવામાં આવેલ હોવા છતાં ફુડ વિભાગ તરફથી માહિતી રજુ કરવામાં આવેલ નથી. આથી મુદ્દા નં. ૧૩ બાબતે જો કોઈ રેકર્ડ આધારીત માહિતી ઉપલબ્ધ હોય તો ફુડ વિભાગમાંથી પુરી પાડવાની રહે છે. **મુદ્દા નં.૧૫** પરત્વે તૃપ્તી એન્ટરપ્રાઈઝ, ૫૪–૫૫, સી.કે.પાર્ક, હનીપાર્ક રોડના એડ્રેસ પર પાણીનું કનેકશન ખાનગી ઉપયોગ કે કોમર્શીયલ ઉપયોગ માટે લેવામાં આવેલ તે બાબત વેસ્ટઝોનને લાગત હોય જે માહિતી પુરી પાડવા જાહેર માહિતી અધિકારી અને કાર્યપાલક ઈજનેરશ્રી વેસ્ટ ઝોનએ અરજદારને નિયમાનુસાર માહિતી પુરી પાડવા તબદીલ કરવામાં આવે છે.

નં.પીએચડી/પીઓ/આરટીઆઈ/અપીલ/
તા. /૧૦/૨૦૧૨

આરોગ્ય અધિકારી અને
એપેલેટ ઓફિસર
સુરત મહાનગરપાલિકા

પ્રતિ,

(૧) જાહેર માહિતી અધિકારી અને કાર્યપાલક ઈજનેરશ્રી, વેસ્ટ ઝોન...પ્રતિ.... જાણ તથા હુકમમાં દર્શાવેલ મુદ્દા નં. ૫ તથા ૧૫ સંદર્ભેની લાગત માહિતી પુરી પાડવા બાબત.

(૨) જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફિસરશ્રી, વીજીલન્સ એન્ડ ઈન્સ્પેકશન વિભાગ પ્રતિ..જાણ તથા હુકમમાં દર્શાવેલ મુદ્દા નં. ૭ તથા ૧૫ સંદર્ભેની લાગત માહિતી પુરી પાડવા બાબત.
અમલ સારુ.

(૩) ચીફ ફુડ ઈન્સ્પેકટર અને જાહેર માહિતી અધિકારીશ્રી પ્રતિ.... જાણ તથા હુકમમાં દર્શાવેલ મુદ્દા નં. ૩ સંદર્ભેની લાગત માહિતી પુરી પાડવા બાબત.

# સુરત મહાનગરપાલિકા

અપીલ અરજી
૧૧/૦૯/૨૦૧૨

અરજદાર ::– શ્રી મનસ્મિતા નાયક
સામાવાળા ::– ચીફ સેનેટરી ઈન્સ્પેકટર અને જાહેર માહિતી અધિકારી, જન્મ મરણ વિભાગ, સુરત મહાનગરપાલિકા.

ફરિયાદની હકીકત ::–

વિષય::–આરટીઆઈ એકટ હેઠળ તા.૩૦/૦૩/૨૦૧૨ની અરજી આઈ.ડી.નં.–૧૧૦/૨૦૧૨ તા.૦૫/૦૪/૨૦૧૨ સુરત મહાનગરપાલિકાને અરજી મળ્યા તા.૦૩/૦૭/૨૦૧૨ થી માંગવામાં આવેલ માહિતીના મુદ્દા નં.૩ ની માહિતી નહી આપવામાં આવેલ હોવા બાબત વિગરે.

સંદર્ભ ::– અરજદાર મજકુરની અપીલ અરજી નં. SMC/WZ/FAP/NO.30 DT.12/09/2012

શ્રી મનસ્મિતા નાયકની આરટીઆઈ એકટ હેઠળ તા.૩૦/૦૩/૨૦૧૨ ની અરજીથી ૩ મુદ્દાની માહિતી માંગેલ હતી. જે માહિતી જન્મ મરણ વિભાગને લાગત હોવાતી જન્મ મરણ વિભાગ તરફથી જા.નં.૧૬૪ તા.૧૬/૭/૨૦૧૨ થી માહિતી પુરી પાડવામાં આવેલ છે. જે પૈકી મુદ્દા નં ૩ અંગે માહિતી આપવામાં આવેલ નહી હોવા બાબતે મજકુર અરજદાર તરફથી તા.૨૬/૦૮/૨૦૧૨ ના રોજ અપીલ અરજી કરવામાં આવેલ છે. મુદ્દા નં. ૩ થી માંગેલ માહિતી ની વિગત નીચે મુજબ છે.

Item No. 3 : If yes, than supply the true xerox attested copy of death certifcate of ASHOKBHAI @ ASHOK NAHAK issued by Birth & Registrar Surat Mahanagarpalika. If the police didn't intimate the fact than the process there of to obtain the same as to help the poor, illiterate, helpless lady.

તે અનુસંધાને જન્મ મરણ વિભાગ તરફથી જા.નં.૧૬૪ તા.૧૬/૭/૨૦૧૨ થી નીચે મુજબ માહિતી પુરી પાડવામાં આવેલ છે.

Reply of item No.3 : Death is not registered with Surat Muncipal Corporation. So death certificate can not issue.

હવે અપીલ કક્ષાએ મજકુર અરજદાર ધ્વારા જણાવવામાં આવેલ છે કે...

That the PIO only disclosed a part of the item no.3 of my RTI application & the part which wasn't disclosed is " If the police didn't intimate the fact than the process there of to obtain the same as to help the poor, illiterate, helpless widow"

. ઉપરોકત વિગત જોતા જન્મ મરણ વિભાગ તરફથી મુદ્દા નં. ૩ અંતર્ગત " If the police didn't intimate the fact than the process there of to obtain the same as to help the poor, illiterate, helpless lady" બાબતે જન્મ મરણ વિભાગ તરફથી માહિતી પુરી પાડવામાં આવેલ નથી તેમ જણાય છે. તે તમામ હકીકત ધ્યાને લેતા નીચે મુજબ હુકમ કરવામાં આવે છે.

## –: હુકમ :–

અરજદારની મુળ અરજી, અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતા નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

શ્રી મનસ્મિતા નાયક ની આરટીઆઈ એકટ હેઠળ તા.૩૦/૦૩/૨૦૧૨ ની અરજીની માહિતી જન્મ મરણ વિભાગ તરફથી જા.નં.૧૬૪ તા.૧૬/૭/૨૦૧૨ થી માહિતી પુરી પાડવામાં આવેલ છે. જે પૈકી મુદ્દા નં ૩ અંતર્ગત " If the police didn't intimate the fact than the process there of to obtain the same as to help the poor, illiterate, helpless lady " બાબતે જન્મ મરણ વિભાગને વિગતવાર ચોકકસ માહિતી મજકુર અરજદારને પુરી પાડવા જણાવવામાં આવે છે.

નં.પીએચડી/પીઓ/આરટીઆઈ/અપીલ/
તા. /૦૯/૨૦૧૨

આરોગ્ય અધિકારી અને
એપેલેટ ઓફિસર
સુરત મહાનગરપાલિકા

પ્રતિ,
(૧) જાહેર માહિતી અધિકારી અને ચીફ સેનેટરી ઈન્સ્પેકટરશ્રી (જન્મ મરણ વિભાગ) પ્રતિ.... જાણ તથા હુકમમાં દર્શાવેલ મુદ્દા નં. ૩ સંદર્ભેની વિગતવાર માહિતી પુરી પાડવા બાબત.

**સુરત મહાનગરપાલિકા**

RIGHT TO INFORMATION

बहुजनहिताय बहुजनसुखाय

અપીલ અરજી
આઈ.ડી.નં.૬૪
તા.૧૪/૦૯/૨૦૧૨

અરજદાર ::– શ્રી કિશોરભાઈ દેસાઈ.

સામાવાળા ::– જાહેર માહિતી અધિકારી અને નાયબ હિસાબનીશ (આરોગ્ય ખાતુ) સુરત મહાનગરપાલિકા.

ફરિયાદની હકીકત ::–

વિષય::–આરટીઆઈ એક્ટ હેઠળ તા.૨૭/૦૬/૨૦૧૨ની અરજી આઈ.ડી.નં.૬૪થી માંગવામાં આવેલ માહિતી પરત્વે સુ.મ.ન.પાના આરોગ્ય ખાતુ અને લાગત વિભાગ/ઝોન તરફથી આપવામા આવેલ માહિતી પુરી ન પાડવા,અધુરી પુરી પાડવા,ગેરકાયદે તબદીલ કરવા,પ્રત્યુત્તર ન આપવા વિગેરે બાબતે.

સંદર્ભ ::– અરજદાર મજકુરની અપીલ અરજી SMC/PHD/FAP/40/2012-13 Dt.01/10/2012

શ્રી કિશોરભાઈ દેસાઈ તરફથી તા.૨૭/૦૬/૨૦૧૨ ના રોજ અરજીના મુદ્દાઓ સંદર્ભે સુ.મ.ન.પા.ના આરોગ્ય વિભાગ તરફથી તથા લાગત વિભાગ/ઝોન તરફથી આપવામાં આવેલ માહિતી પુરી ન પાડવા, અધુરી પુરી પાડવા, ગેરકાયદે તબદીલ કરવા, પ્રત્યુત્તર ન આપવા વિગેરે બાબત જણાવી અરજદાર મજકુરે તા.૧૪/૦૯/૨૦૧૨ ના રોજ અપીલ અરજી કરેલ છે. મજકુર અરજદાર તરફથી અનરજીસ્ટર્ડ સોસાયટીઓએ સહકારી મંડળી અંગેનુ રજીસ્ટ્રેશન કરાવેલ ન હોય તેવી સોસાયટીઓને કાયદેસર માન્ય ગણવામાં આવેલ હોય એવી સોસાયટીના પ્રમુખ (હોદ્દેદારો) એનઓસી રજુ કરે તેને સોસાયટીના આંતરીક રોડની સફાઈ માટે દર મહિને સોસાયટીના પ્રમુખને ગ્રાંટ ફાળવવામાં આવે છે.તેવી માહિતી માંગેલ છે પરંતુ તેવી માહિતી આરોગ્ય ખાતાના કાર્યક્ષેત્રમા આવતી નથી તે બાબતે નાયબ હિસાબનીશ અને જાહેર માહિતી અધિકારી આરોગ્ય ખાતુ સુરત મહાનગરપાલિકા તરફથી નં.પીએચડી/એકા/આરટીઆઈ/૧૬ તા.૨૬/૦૭/૨૦૧૨ થી મજકુર અરજદારને માહિતગાર કરવામાં આવેલ છે તેથી અપીલ તબકકે વધુ કોઈ કાર્યવાહી કરવાની રહેતી નથી.

## –:: હુકમ ::–

અરજદારની મુળ અરજી, અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતા નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૨૭/૦૬/૨૦૧૨ની અરજીના મુદ્દા બાબતે નાયબ હિસાબનીશ અને જાહેર માહિતી અધિકારી આરોગ્ય ખાતુ સુરત મહાનગરપાલિકા તરફથી નં.પીએચડી/એકા/આરટીઆઈ/૧૬ તા.૨૬/૦૭/૨૦૧૨ થી મજકુર અરજદારને માંગેલ માહિતી આરોગ્ય ખાતુ (મુખ્ય કચેરી) ના કાર્યક્ષેત્રમાં આવતી ન હોઈ લાગુ પડતુ ન હોવાનુ જણાવી માહિતગાર કરવામાં આવેલ હોય અરજદારની અપીલ અરજી પરત્વે કોઈ કાર્યવાહી કરવાની રહેતી ન હોય અપીલ અરજી દફતરે કરવામાં આવે છે.

(ડો. એચ. એસ. દેસાઈ)
આરોગ્ય અધિકારી અને
એપેલેટ ઓફિસર
સુરત મહાનગરપાલિકા.

નં.પીએચડી/પીઓ/આરટીઆઈ/અપીલ/
તા. /૧૦/૨૦૧૨

**સુરત મહાનગરપાલિકા**

RIGHT TO INFORMATION

અપીલ અરજી
આઈ.ડી.નં.૯૦૭
તા.૦૧/૧૦/૨૦૧૨

અરજદાર ::– શ્રી હેમંત એન દેસાઈ.
સામાવાળા ::– સેનેટરી ઈન્સ્પેક્ટર(પ્રોસીક્યુશન) અને જાહેર માહિતી અધિકારી,આરોગ્ય ખાતુ
સુરત મહાનગરપાલિકા.

ફરિયાદની હકીકત ::–

વિષય::–આરટીઆઈ એકટ હેઠળ તા.૨૧/૦૮/૨૦૧૨ની અરજી આઈ.ડી.નં.૯૦૭ થી માંગવામાં આવેલ માહિતી સંદર્ભે સુ.મ.ન.પાના આરોગ્ય ખાતુ અને લાગત વિભાગ/ઝોન તરફથી આપવામા આવેલ માહિતી ખોટી અધુરી અને ગેરમાર્ગે દોરાવનારી આપેલ હોવાનુ વિગરે.

સંદર્ભ ::– અરજદાર મજકુરની અપીલ અરજી નં.SMC/PHD/FAP/41/2012-13 .DT.06/10/2012.

શ્રી હેમંત એન દેસાઈ.તરફથી તા.૨૧/૦૮/૨૦૧૨ ના રોજ અરજીના મુદ્દાઓ સંદર્ભે સુ.મ.ન.પા.ના આરોગ્ય વિભાગ તરફથી તથા લાગત વિભાગ/ઝોન તરફથી આપવામા આવેલ માહિતી ખોટી અધુરી અને ગેરમાર્ગે દોરાવનારી હોવાનુ જણાવી અરજદાર મજકુરે તા.૦૧/૧૦/૨૦૧૨ ના રોજ અપીલ અરજી કરેલ છે. મજકુર અરજદારની અપીલ અરજીમા દર્શાવેલ મુદ્દા પૈકી આરોગ્ય ખાતાને લાગત મુદ્દાની વિગત નીચે મુજબ છે.

સુ. મ. પા. ના હદ વિસ્તારમા (રહેઠાણવાળા) જે જરી ગીલીટના બાકડાવાળા એકમો (કારખાના) જે જવલનશીલ પદાર્થો જેવા કે સેલો, લેકર, સ્પીરીટ, એસીડ, પાટેશીયમ સાઈનાઈડનો વપરાશ થાય છે જેના પરવાના સુ .મ.પા. ના ફાયર વિભાગ ,આરોગ્ય વિભાગ પાસે લેવાનુ ફરજીયાત હોય છે તેમ છતા આ જરી ગીલીટના એકમોવાળા જે જવલનશીલ પદાથોનો વપરાશ પરવાનગી મેળવ્યા વગર જે વપરાશ કરે છે તે સ્થળ તપાસ દરમ્યાન અધિકારી તેમજ કર્મચારીને માલુમ પડે તો આ પરવાનગી વગરના જવલનશીલ પદાર્થોનો જથ્થો સીલ કરવાનો કે કબજામા લેવાનો હક સંબધિત વિભાગમાથી કયા વિભાગની જવાબદારી આવે છે તેની માહિતી આપો.

સંબધિત વિભાગોમાથી જો કોઈપણ વિભાગની જવાબદારી ન આવતી હોય તો સરકારશ્રીના કયા વિભાગની જવાબદારી આવે છે તેની સંપુર્ણ માહિતી આપો.

તે સંદર્ભે સેનેટરી ઈન્સ્પેક્ટર(પ્રોસીક્યુશન) અને જાહેર માહિતી અધિકારી આરોગ્ય ખાતુ, સુરત મહાનગરપાલિકા તરફથી નં.પીએચડી/આઅ/પીઆઈ/૧૫૮ તા.૦૬/૦૯/૨૦૧૨ થી ઉપરોકત મુદ્દા પરત્વે માહિતી સમયમર્યાદામાં પુરી પાડવામા આવેલ છે.પરંતુ મજકુર અરજદાર દ્વારા અપીલ તબકકે મુદ્દા નં.૫ થી જણાવ્યા અનુસાર સેનેટરી ઈન્સ્પેક્ટર(પ્રોસીક્યુશન) અને જાહેર માહિતી અધિકારી તરફથી ઉકત આપવામાં આવેલ માહિતી ખોટી છે તેમજ અપીલના મુદ્દા નં.૩ અને ૪ ધ્યાનમાં લેવા જણાવેલ છે.

## –:: હુકમ ::–

અરજદારની મુળ અરજી, અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતા નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૨૧/૦૮/૨૦૧૨ ની અરજીના મુદ્દા બાબતે સેનેટરી ઈન્સ્પેક્ટર(પ્રોસીક્યુશન) અને જાહેર માહિતી અધિકારી આરોગ્ય ખાતા તરફથી સમયમર્યાદામા સ્પષ્ટ અને યોગ્ય જવાબી માહિતી પૂરી પાડવામાં આવેલ હોવાનુ જણાય છે. તેમજ અપીલના મુદ્દા નં.૩ અને ૪ થી અપીલ તબકકે પુરક પ્રશ્ન ઉપસ્થિત કરેલ હોય મજકુર અરજદાર અલાયદી અરજી કરી તેવી માહિતી મેળવવા સ્વતંત્ર છે. આમ અરજદારની અપીલ અરજી પરત્વે કોઈ કાર્યવાહી કરવાની રહેતી ન હોય અપીલ અરજી દફતરે કરવામાં આવે છે.

નં.પીએચડી/પીઓ/આરટીઆઈ/અપીલ/
તા. /૧૦/૨૦૧૨

આરોગ્ય અધિકારી અને
એપેલેટ ઓફિસર
સુરત મહાનગરપાલિકા.

પ્રતિ,
(૧)સેનેટરી ઈન્સ્પેક્ટર(પ્રોસીક્યુશન) અને જાહેર માહિતી અધિકારી આરોગ્ય ખાતુ જાણ... તથા અમલ માટે.

# સુરત મહાનગરપાલિકા

RIGHT TO INFORMATION

અપીલ અરજી .
આઈ.ડી.નં.૫૧૬
તા.૦૫/૧૦/૨૦૧૨

અરજદાર ::– શ્રી આશીત જીતેન્દ્રભાઈ ગાંધી.
સામાવાળા ::– (૧) એડી. માર્કેટ સુપ્રિન્ટેન્ડન્ટ અને જાહેર માહિતી અધિકારી, સુરત મહાનગરપાલિકા.
(૨) ચીફ ફુડ ઈન્સ્પેકટર અને જાહેર માહિતી અધિકારી, સુરત મહાનગરપાલિકા.

ફરિયાદની હકીકત ::–
વિષય ::– આરટીઆઈ એકટ હેઠળની આઈ.ડી.નંબર ૫૧૬ તા.૨૨/૦૮/૨૦૧૨ની અરજી પરત્વે એડી. માર્કેટ સુપ્રિન્ટેન્ડન્ટ અને જાહેર માહિતી અધિકારી ધ્વારા સવાલ નં. ૬ અને ૭ અને ફુડ ઈન્સ્પેકટર અને જાહેર માહિતી અધિકારી ધ્વારા સવાલ નં. ૪ નો સ્પસ્ટ જવાબ આપવામાં આવેલ નથી વિગેરે બાબતે નારાજ થઈ અપીલ અરજી કરેલ છે.
સંદર્ભ ::– અરજદાર મજકુરની અપીલ SMC/PHD/FAP/42/ 2012-13DT 06/10/12.

શ્રી આશીત જીતેન્દ્રભાઈ ગાંધી તરફથી તા.૨૨/૦૮/૨૦૧૨ ના રોજ કુલ ૧૦ મુદ્દાની માહિતી માંગેલ હતી. તે પૈકી મુદ્દા નં.૪, ૬ અને ૭ આરોગ્ય ખાતા હસ્તકના ફુડ / માર્કેટ વિભાગને લાગત જણાય છે. જે મુદ્દાથી માંગેલ માહિતી ની વિગત નીચે મુજબ છે.

મુદ્દા નં. ૪ :–વર્ષ–૨૦૧૧ અને ૨૦૧૨માં (વેજ–નોનવેજ)મીક્ષની ખુલેલી હોટલ /રેસ્ટોરન્ટોનાં નામ/ સરનામાં/માલિકોના નામ, પરવાનગીની છેલ્લી તારીખ, કયા પ્રકારનું નોનવેજ વેચવુ તેની સ્પેશ્યલ પરવાનગી લીધી હોય તો તેની વિગતોનું લીસ્ટ આપવું.

મુદ્દા નં. ૬ :–સુરત મહાનગરપાલિકાના કતલખાનાઓએ વર્ષ– ૨૦૧૧ અને ૨૦૧૨ માં(તારીખ પ્રમાણે) કતલ કરેલા પ્રાણીઓનીસંખ્યા /જાતી/ કતલ માટે નકારેલા પ્રાણીઓની સંખ્યા/ જાતી જણાવવા કતલ માટે/ વિવિધ વેપારી/ પેઢીઓ પાસેથી મેળવેલી ફી તેમજ નગરપાલિકાને થયેલ કુલ ખર્ચ/ તેમજ પ્રાણી કતલમાંથી માંસ નિપજની વજન/માંસ સિવાયના તમામ પ્રાણીના અવશેષોમાંથી મેળવેલી આવક/ તે અવશેષોને વેચ્યા હોય તો તે સંસ્થાઓને કયા નિયમો ધ્વારા વેચાણ થયુ–કેટલું વેંચાણ થયું તે જણાવશો.

મુદ્દા નં. ૭ :–સુરત મહાનગરપાલિકા સંચાલિત મટન માર્કેટોમાં ભાડે આપેલી તમામ દુકાનોમાંથી મેળવેલ ભાડાની વર્ષની–૨૦૧૧ ની કુલ રકમ તેમજ વર્ષ–૨૦૧૧ દરમ્યાન આ માર્કેટોની જાળવણી– સફાઈ– પગાર વિગેરેમાં થયેલ કુલ ખર્ચની વિગત આપશો.

અરજદારની મુળ અરજી પરત્વે ચીફ ફુડ ઈન્સ્પેકટર અને જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર જાવક નં./પીએચડી/ફુડ/૧૦૧૫ તા.૦૭/૦૯/૨૦૧૨ થી **મુદ્દા નં.૪** બાબતે "ફકત કોઈએ સ્પે પરવાનગી લીધી નથી" તેટલુ જ જણાવેલ છે, પરંતુ વર્ષ–૨૦૧૧/૨૦૧૨માં વેજ–નોનવેજ મીક્ષની ખુલેલી હોટલ,રેસ્ટોરન્ટોનાં નામ સરનામાં,માલિકોના નામ,પરવાનગીની છેલ્લી તારીખ, કયા પ્રકારનું નોનવેજ વેચવુ, વિગેરે પુરેપુરી માહિતી અરજદારને આપેલ જણાતી નથી. **મુદ્દા નં.૬** પરત્વે એડી.માર્કેટ સુપ્રિન્ટેન્ડન્ટ અને જાહેર માહિતી અધિકારીના પત્રનં.પીએચડી/માર્કેટ/૭૯૬ તા.૧૬/૧૦/૨૦૧૨ થી સુરત મહાનગરપાલિકાના કતલખાનાઓમાં વર્ષ ૨૦૧૧ અને ૨૦૧૨ માં માસ પ્રમાણે કતલ કરેલા પ્રાણીઓની સંખ્યા, જાતી, ફી તેમજ પરચુરણ વહીવટી ખર્ચ સહિતની માહિતી આપવામાં આવેલ છે, પરંતુ પ્રાણીઓની કતલમાંથી માંસ નીપજ, માંસ સિવાયના તમામ પ્રાણીના અવશેષોમાંથી મળેલી આવક, અવશેષોને વેચ્યા હોય તો તે સંસ્થાઓને કયા નિયમો ધ્વારા વેચાણ થયુ, કેટલુ વેચાણ થયુ તેની માહિતી પૂરી પાંડવામાં આવેલ નથી. વધુમાં અરજદારે કુલ ખર્ચની માહિતી બાબતે અપીલ તબકકે જણાવેલ છે કે કુલ ખર્ચ એટલે કે મહેકમ/ પગાર/ભથ્થું/પાણી/લાઈટ/ સાધનો/સફાઈ/સુધારણા જાળવણી/જાહેર સ્ટેશનરી/દવાઓ અને ઈન્જેકશનો/ટ્રાન્સપોટેશન વિગેરે કુલ ખર્ચની માહિતી જાહેર માહિતી અધિકારી ધ્વારા આપવામાં આવેલ નથી. આ બાબતે માહિતી અત્રેની કચેરીના કાર્યક્ષેત્ર બહારની હોય વિગતો ઉપલબ્ધ નથી. તેમ જાહેર માહિતી અધિકારીશ્રી એડી.માર્કેટ સુપ્રિન્ટેન્ડન્ટશ્રી તરફથી જણાવવામાં આવેલ છે. પરંતુ બીજા ખાતાને આ માહિતી લાગત જણાતી હોય તો તે ખાતાને માહિતી પુરી પાડવા માટે અરજી તબદીલ કરવાની રહે છે. **મુદ્દા નં.૭** સુરત મહાનગરપાલિકા સંચાલિત મટન માર્કેટોમાં ભાડે આપેલી તમામ દુકાનોમાંથી મેળવેલ ભાડાની વર્ષની–૨૦૧૧ ની કુલ રકમ તેમજ વર્ષ–૨૦૧૧ દરમ્યાન આ માર્કેટોની જાળવણી– સફાઈ– પગાર વિગેરેમાં થયેલ કુલ ખર્ચની વિગત પરત્વેની માહિતી અત્રેની કચેરીને લાગુ પડતી ન હોય માહિતી ઉપલબ્ધ ન હોવાનું જાહેર માહિતી અધિકારીશ્રી એડી.માર્કેટ સુપ્રિન્ટેન્ડન્ટશ્રી તરફથી જણાવવામાં આવેલ છે. પરંતુ બીજા ખાતાને આ માહિતી લાગત જણાતી હોય તો તે ખાતાને માહિતી પુરી પાડવા માટે અરજી તબદીલ કરવાની રહે છે.

## –:: હુકમ ::–

અરજદારની મુળ અરજી, અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતા નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૨૨/૦૮/૨૦૧૨ ની અરજીથી માંગવામાં આવેલ માહિતીના **મુદ્દા નં. ૪** પરત્વે વર્ષ–૨૦૧૧/૨૦૧૨ માં વેજ–નોનવેજ મીક્ષની ખુલેલી હોટલ,રેસ્ટોરન્ટોનાં નામ સરનામાં,માલિકોના નામ,પરવાનગીની છેલ્લી તારીખ, કયા પ્રકારનું નોનવેજ વેચવુ વિગેરે બાબતે રેકર્ડ આધારીત માહિતી ચીફ ફુડ ઈન્સ્પેકટર અને જાહેર માહિતી અધિકારીએ પૂરી પાડવાની રહશે. **મુદ્દા નં.૬** પરત્વે પ્રાણીઓની કતલમાંથી માંસ નીપજ, માંસ સિવાયના તમામ પ્રાણીના અવશેષોમાંથી મળેલી આવક, અવશેષોને વેચ્યા હોય તો તે સંસ્થાઓને કયા નિયમો ધ્વારા વેચાણ થયુ, કેટલુ વેચાણ થયુ તેની તથા સુરત મહાનગરપાલિકાને પ્રાણીઓની કતલ અંગે થયેલ કુલ ખર્ચ એટલે કે મહેકમ/પગાર/ભથ્થું/પાણી/લાઈટ/સાધનો/ સફાઈ/સુધારણા જાળવણી/જાહેર સ્ટેશનરી/ દવાઓ અને ઈન્જેકશનો/ ટ્રાન્સપોટેશન વિગેરેની રેકર્ડ આધારીત માહિતી જાહેર માહિતી અધિકારીશ્રી એડી.માર્કેટ સુપ્રિન્ટેન્ડન્ટશ્રી, માર્કેટ વિભાગે પૂરી પાડવાની રહેશે. અથવા આ માહિતી અન્ય કચેરીના કાર્યક્ષેત્રમાં આવતી હોય તો જે તે ખાતા/ઝોનના જાહેર માહિતી અધિકારીને સમગ્ર માહિતી પુરી પાડવા માટે અરજી તબદીલ કરવાની રહે છે. **મુદ્દા નં.૭** સુરત મહાનગરપાલિકા સંચાલિત મટન માર્કેટોમાં ભાડે આપેલી તમામ દુકાનોમાંથી મેળવેલ ભાડાની વર્ષની–૨૦૧૧ ની કુલ રકમ તેમજ વર્ષ–૨૦૧૧ દરમ્યાન આ માર્કેટોની જાળવણી– સફાઈ– પગાર વિગેરેમાં થયેલ કુલ ખર્ચની વિગત પરત્વેની રેકર્ડ આધારીત માહિતી જાહેર માહિતી અધિકારીશ્રી એડી.માર્કેટ સુપ્રિન્ટેન્ડન્ટશ્રી, માર્કેટ વિભાગે પૂરી પાડવાની રહેશે. અથવા આ માહિતી અન્ય કચેરીના કાર્યક્ષેત્રમાં આવતી હોય તો જે તે ખાતા/ઝોનના જાહેર માહિતી અધિકારીને સમગ્ર માહિતી પુરી પાડવા માટે અરજી તબદીલ કરવાની રહે છે.

નં.પીએચડી/પીઓ/આરટીઆઈ/અપીલ/
તા. /૧૦/૨૦૧૨

આરોગ્ય અધિકારી અને
એપેલેટ ઓફિસર
સુરત મહાનગરપાલિકા.

પ્રતિ,
(૧) એડી. માર્કેટ સુપ્રિન્ટેન્ડન્ટ અને જાહેર માહિતી અધિકારીશ્રી. પ્રતિ..... જાણ તથા અમલ માટે
(૨) ચીફ ફુડ ઈન્સ્પેકટર અને જાહેર માહિતી અધિકારીશ્રી.... જાણ તથા અમલ માટે.

RIGHT TO INFORMATION

# સુરત મહાનગરપાલિકા

અપીલ અરજી
આઈ.ડી.નં.–૧૦૯૮
તા.૨૨/૧૦/૨૦૧૨

અરજદાર ::– શ્રી રમેશ કે. જાંગીડ.
સામાવાળા ::– ચીફ ફુડ ઈન્સ્પેકટર અને જાહેર માહિતી અધિકારી, સુરત મહાનગરપાલિકા.

ફરિયાદની હકીકત ::–

વિષય ::– આરટીઆઈ એકટ હેઠળ તા.૧૭/૦૯/૨૦૧૨ની અરજીના અનુસંધાનમાં નમુનો 'ક' રજુ કર્યાના ૩૦ દિવસમાં નમુના 'ક' કે 'ગ' માં પ્રતિભાવ મળેલ ન હોવાનું જણાવી કરવામાં આવેલ અપીલ અરજી બાબત.

સંદર્ભ ::– અરજદાર મજકુરની અપીલ નં. SMC/PHD/FAP/48/DT.29/10/2012

શ્રી રમેશ કે. જાંગીડ તરફથી આરટીઆઈ એકટ હેઠળની તા.૧૭/૦૯/૨૦૧૨ ની અરજી દ્વારા કુલ–૪ મુદ્દાની માહિતી માંગવામાં આવેલ હતી તે અરજીના મુદ્દાઓ આરોગ્ય ખાતાના હસ્તક ફુડ વિભાગને લાગત જણાય છે. જેની વિગત નીચે મુજબ છે.

**મુદ્દા નં. ૧**:–તા.૧૭/૦૭/૧૨ ના રોજ લિંબાયત ઝોનનાં કાર્યક્ષેત્રમાં ગેરકાયદે ધમધમતી પેકેજ ડ્રિંકીંગ વોટરની જે જે સંસ્થાઓ વિરુધ્ધ આપના વિભાગે કાર્યવાહી કરી તે તમામ સંસ્થા બંધ કરાવ્યાપુર્વે આપના વિભાગ મારફત તૈયાર કરવામાંઆવેલ રીપોર્ટની નકલો આપશો.(પંચકેસ નકલો સહિત)

**મુદ્દા નં. ૨**:–સદર સંસ્થાઓ બંધ કરાવી તે સમયે આપના વિભાગ તરફથી લેવામાં આવેલ ફોટોગ્રાફસ કે વિડીઓ શુટીંગની નકલો આપશો.

**મુદ્દા નં. ૩**:–બંધ કરાવ્યા બાદ ફરીથી શરૂ થયેલ આ સંસ્થાઓને આપના વિભાગ તરફથી મંજુરી આપવામા આવી હોય તો તેની નકલો આપશો

| ૧૦<br>તા.૧૧/૦૬/૨૦૧૩ | આરટીઆઈ એકટ હેઠળ શ્રી સમીરભાઈ જે બોધરા ની તા.૨૪/૦૪/૨૦૧૩ ની અરજીથી સુરત મહાનગરપાલિકામાં જન્મ–મરણ વિભાગમાં દરેક ઝોનમાં દત્તક વિધાન (રજીસ્ટ્રેશન) ના આધારે બાળકના જન્મના દાખલામાં માતા–પિતાનાં નામમાં ફેરફાર કરવા આવેલ અરજીમાં ફેરફાર કરેલ છે કે કેમ? તેની દાખલાની જુના તેમજ સુધારા કર્યા પછીની ઝેરોક્ષ નકલ આપવા બાબતે. | પીએચડી/પીઓ/આરટીઆઈ/અપીલ/૩૦<br>તા.૧૮/૦૬/૧૩ |
| ૧૧<br>તા.૧૧/૦૬/૨૦૧૩ | આરટીઆઈ એકટ હેઠળ શ્રી રમેશ કે. જાંગીડ ની તા.૨૦/૦૪/૨૦૧૩ ની અરજીથી છેલ્લા પાંચ વર્ષમાં મનપાના આરોગ્ય તથા ફુડ વિભાગ ધ્વારા આપવામાં આવેલ હંગામી લાયસન્સની સંસ્થાનુ નામ, સંસ્થા માલિકનુ નામ, સરનામુ, શહેરમાં વેચાણ કરતી કેરીના રસની સંસ્થાઓ પૈકીની જે જે સંસ્થાઓને આપના વિભાગે પ્લાસ્ટિક પેકીંગમાં રસનુ વેચાણ કરવા અંગેની પરમીશન આપી હોય તેની નકલો સહિતની માહિતી આપવા બાબત. | પીએચડી/પીઓ/આરટીઆઈ/અપીલ/<br>તા.૨૧/૦૬/૧૩ |

## સને ૨૦૧૩–૧૪

| અપીલ નં. /વર્ષ | માહિતીનું વિષય વસ્તુ | હુકમ નં.તારીખ |
|---|---|---|
| ૧૨ | આરટીઆઈ એકટ હેઠળ શ્રી સુરેશ એમ. પટેલ ની તા.૧૬/૦૫/૨૦૧૩ ની અરજીથી ધોળકીયા ગાર્ડનની સામે આવેલ નવા મોહલ્લામાં રહેણાંકવાળી મિલ્કતમાં લુમ્સ (કાપડના) કારખાના બંધ કરવા માટે મોહલ્લાવાસીઓ ધ્વારા કરવામાં આવેલ ફરીયાદ બાબતની પાંચ મુદ્દાની માહિતી બાબતે. | પીએચડી/પીઓ/આરટીઆઈ/અપીલ/૩૪ તા.૦૧/૦૭/૧૩ |
| ૧૩ તા.૨૯/૦૬/૨૦૧૩ | આરટીઆઈ એકટ હેઠળ શ્રી પ્રકાશભાઈ એમ. પટેલ ની તા.૨૯/૦૩/૨૦૧૩ ની અરજીથી સુરત મહાનગરપાલિકામાં હાલમાં ૨૦૧૨ અને ૨૦૧૩ માં કુલ કેટલી આંગણવાડીઓ કાર્યરત છે? સુરત મહાનગરપાલિકામાં એક આંગણવાડી કુલ કેટલી વસ્તીમાં આપવામાં આવેલ છે? સુરત મહાનગરપાલિકામાં " વસ્તી દીઠ " કેટલી આંગણવાડી મંજુર કરવામાં આવેલ છે ? વર્ષ ૨૦૧૨ અને ૨૦૧૩ માં મીની આંગણવાડી જે વિસ્તારમાં ચાલે છે તે વિસ્તારમાં વસ્તી વધી હોય તેવી આંગણવાડીની માહિતી આપવા બાબત. | પીએચડી/પીઓ/આરટીઆઈ/અપીલ/૪૪ તા.૨૪/૦૭/૧૩ |
| ૧૪ તા.૧૧/૦૭/૨૦૧૩ | આરટીઆઈ એકટ હેઠળ શ્રી મહેન્દ્રકુમાર બી. પંચાલ ની તા.૦૫/૦૭/૨૦૧૩ ની અરજીથી શહેરમાં રહેતા સાઠ વર્ષથી વધુ વયનાં વરિષ્ઠ નાગરીકો, વિધવાઓ, વિકલાંગો તેમજ અત્યંત ગરીબ અને જરૂરીયાતમંદ નાગરીકોને મહાનગરપાલિકા સંચાલીત તમામ આરોગ્ય કેન્દ્રો, દવાખાનાઓ, તેમજ હોસ્પિટલોમાં તમામ પ્રકારની સારવાર મફતમાં કયારે પુરી પાડવામાં આવશે અથવા તે અંગેની માનવીય નીતી કયારે ઘડવામાં આવશે તેની ચોકકસ તારીખ માસ અને વર્ષની માહિતી આપવા બાબત. | પીએચડી/પીઓ/આરટીઆઈ/અપીલ/૪૬ તા.૦૩/૦૮/૧૩ |
| ૧૫ તા.૧૧/૦૭/૨૦૧૩ | આરટીઆઈ એકટ હેઠળ શ્રી આશીત જે. ગાંધી ની તા.૦૩/૦૬/૨૦૧૩ ની અરજીથી વર્ષ ૨૦૧૩–૧૪માં મટન માર્કેટ ચલાવવા થયેલા ઠરાવની નકલ, વર્ષ ૨૦૧૩–૧૪માં મટન માર્કેટ નિભાવવા મંજુર થયેલા અંદાજપત્રોની નકલ, વર્ષ ૨૦૧૩–૧૪માં મટન માર્કેટ દીઠ વેચાણકર્તાઓ ની વેચાણ વસ્તુ આધારિત સંખ્યા, વર્ષ ૨૦૧૩–૧૪માં મટન માર્કેટ નિભાવવા મંજુર થયેલી રકમ, તેમજ આ માર્કેટ નિભાવવા થયેલો ખરેખરો ખર્ચની માહિતી આપવા બાબત. | પીએચડી/પીઓ/આરટીઆઈ/અપીલ/૪૨ તા.૧૯/૦૭/૧૩ |

# સુરત મહાનગરપાલિકા

RIGHT TO INFORMATION

અપીલ અરજી.
આઈ.ડી.નં.૩૦૨
તા.૨૬/૦૩/૨૦૧૩

અરજદાર ::– શ્રી વિનોદ પ્રેમજીભાઈ કંટારીયા.

સામાવાળા ::–(૧) જાહેર માહિતી અધિકારી અને ચીફ ફુડ ઈન્સ્પેકટર, સુરત મહાનગરપાલિકા.

ફરિયાદની હકીકત ::–

વિષય ::– આરટીઆઈ એકટ હેઠળ તા.૦૭/૦૨/૨૦૧૩ની અરજી બાબતે.
જાહેર માહિતી અધિકારી અને ચીફ ફુડ ઈન્સ્પેકટર, સુરત મહાનગરપાલિકાના પત્રનં.પીએચડી/ફુડ /આ.નં/૧૫૬૨ તા.૧૬/ ૦૩ /૨૦૧૩ થી આપેલ માહિતી બાબતે.

સંદર્ભ ::–અરજદાર મજકુરની અપીલ SMC/PHD/FAP/02/2013-14 Dt.05/04/2013.

શ્રી વિનોદ પ્રેમજીભાઈ કંટારીયા, તરફથી આર.ટી.આઈ. એકટ હેઠળ તા.૦૭/૦૨/૨૦૧૩ ની અરજી પરત્વે અરજદારે માંગેલ માહિતી જાહેર માહિતી અધિકારી અને ચીફ ફુડ ઈન્સ્પેકટર તરફથી અપુરતી માહિતી આપવામાં આવેલ હોવાનું જણાવી તા.૨૬/૦૩/૨૦૧૩ થી અપીલ અરજી કરેલ છે. મજકુર અરજદાર તરફથી તા.૦૭/૦૨/૨૦૧૩ ના રોજ કુલ ૮ મુદ્દાની માહિતી માંગેલ હતી.જે પૈકી મુદ્દા નં.૧અને ૭ આરોગ્ય ખાતાનાં ફુડ વિભાગને લાગત જણાય છે જેની વિગત નીચે મુજબ છે.

મુદ્દા નં. ૧ :–રોયલ બેકરી કાંસકીવાડ વોર્ડ નં–૫ ની કચરા પેટીની સામે , બેકરીની આઈટમનું વેચાણનો ધંધો હોય જેનુ વ્યવસાય વેરા,ગુમાસ્તા,નોંધણી ,ફાયર સેફટી,આરોગ્ય,ફુડ સેફટી એન્ડ સ્ટાંન્ડર્ડ એકટ–૨૦૦૬ ની નકલો.

મુદ્દા નં. ૭ :–સદર બેકરીમાંજ બેકરીની આઈટમ બનતી હોય જેથી શહેરીજનોના હીતમાં સદંતર બંધ થવીજ જોઈએ જે અંગેની નકલ.

ઉપરોકત વિગતે ચકાસણી કરતા મુદ્દા નં.૧ પરત્વેની માહિતી જાહેર માહિતી અધિકારી અને ચીફ ફુડ ઈન્સ્પેકટરશ્રીએ પત્ર નં.પીએચડી/ફુડ/આ.નં/૧૫૬૨ તા.૧૬/૦૩/૨૦૧૩ થી અરજદારને લાગત મુદ્દા મુજબની માહિતી પુરી પાડવામાં આવેલ જણાય છે.

મુદ્દા નં. ૭:– માહિતી માંગેલ નથી. એમ જણાવેલ છે.

## –:હુકમ :–

અરજદારની મુળ અરજી, અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતા નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૦૭/૦૨/૨૦૧૩ ની અરજીના કુલ મુદ્દા–૮ ની માંગેલ માહિતી પૈકી મુદ્દા નં. ૧ અને ૭ ની માહિતી આરોગ્ય ખાતાના હસ્તકના ફુડ વિભાગ તરફથી જાહેર માહિતી અધિકારી અને ચીફ ફુડ ઈન્સ્પેકટરશ્રીએ પત્ર નં.પીએચડી/ફુડ/આ.નં/૧૫૬૨ તા.૧૬/૦૩/૨૦૧૩ થી અરજદારને લાગત મુદ્દા પરત્વેની માહિતી અરજદારને પૂરી પાડવામાં આવેલ જણાય છે.જયારે મુદ્દા નં. ૭ ની માંગેલ માહિતી બાબતે માહિતી માંગેલ નથી એમ જણાવેલ છે. આરટીઆઈ એકટની કલમ ૨(એફ), ૨(જે) હેઠળ અને માહિતી અધિકારની વ્યાખ્યા અન્વયે જાહેર સત્તામંડળ પાસેની અથવા નિયંત્રણ હેઠળની દફતરી ઉપલબ્ધ માહિતી પુરી પાડવાની જોગવાઈ છે પરંતુ અરજદારે કરેલ રજુઆત ધ્યાને લેતાં માંગેલ માહિતી આરટીઆઈ એકટની કલમ ૨(એફ), ૨(જે) ના વ્યાપની બહાર હોય તે અંગે કોઈ હુકમ કરવાનો રહેતો હોવાનું જણાતુ નથી.

આમ અરજદારની અપીલ અરજી પરત્વે બીજી કોઈ કાર્યવાહી કરવાની રહેતી હોવાનું જણાતુ ન હોય અપીલ અરજી દફતરે કરવામાં આવે છે.

(ડો. એચ. એસ. દેસાઈ)
આરોગ્ય અધિકારી અને
એપેલેટ ઓફિસર
સુરત મહાનગરપાલિકા.

નં.પીએચડી/પીઓ/આરટીઆઈ/અપીલ
તા. /૦૫/૨૦૧૩

RIGHT TO INFORMATION

# સુરત મહાનગરપાલિકા

અપીલ અરજી.
આઈ.ડી.નં.–૨૪૩૬
તા.૦૪/૦૫/૨૦૧૩

અરજદાર ::– શ્રી મહેન્દ્રસિંહ એ. બ્રહમભટ્ટ
સામાવાળા ::– જાહેર માહિતી અધિકારી અને ચીફ ફુડ ઈન્સ્પેકટર, સુરત મહાનગરપાલિકા.
ફરિયાદની હકીકત ::–
વિષય ::–આરટીઆઈ એકટ હેઠળ તા.૩૦/૦૩/૨૦૧૩ ની અરજી પરત્વે પીએચડી/ફુડ/૧૩૦ તા.૨૫/૦૪/૨૦૧૩ થી માંગેલ માહિતી પુરી પાડવામાં આવેલ ન હોવા બાબતે.
સંદર્ભ ::–અરજદાર મજકુરની અપીલ તા.૦૪/૦૫/૨૦૧૩,**SMC/PHD/FAP/06/2013-2014. Dt.07/05/2013.**

શ્રી મહેન્દ્રસિંહ એ. બ્રહમભટ્ટ, તરફથી આરટીઆઈ એકટ હેઠળ તા.૩૦/૦૩/૨૦૧૩ની અરજી પરત્વની માહિતી છુપાવેલ હોવાનું જણાવી તા.૦૪/૦૫/૨૦૧૩ ના રોજ અપીલ અરજી કરેલ છે. મજકુર અરજદાર તરફથી તા.૩૦/૦૩/૨૦૧૩ ના રોજ કુલ ૪ મુદ્દાની માહિતી માંગેલ હતી. જે મુદ્દાથી માંગેલ માહિતી ની વિગત નીચે મુજબ છે.

**મુદ્દા નં.૧** :–૧૧ જેટલા ફુડ ઈન્સ્પેકટોએ છેલ્લા એક વર્ષમાં કરેલા કામની વિગતો (વર્ક ડાયરી)ની પ્રમાણિત નકલમાં માહિતી.

**મુદ્દા નં.ર** :– ૧૧ જેટલા ફુડ ઈન્સ્પેકટોએ લીધેલ સ્થળ વિઝીટની પ્રમાણિત નકલો તથા તેઓએ મેળવેલ કન્વેયન્સની માહિતી.

**મુદ્દા નં.૩**ઃ–સા.સભાના ઠરાવ નં. ૬૯૬/૨૦૦૬ મુજબ તેઓની વર્ક ડાયરી અને સ્થળ વિઝીટ,ખાતાનાં વડાએ દર માસે મંજુર કરેલ હોય ન કરેલ હોય તો તેની પ્રમાણિત નકલમાં માહિતી.

**મુદ્દા નં.૪**ઃ–ઉપરોકત મુદ્દા નં.૩ મુજબ સ્થળ વિઝીટ વર્ક ડાયરી ખાતાના વડાએ મંજુર કરેલ ન હોય તો ખોટી રીતે કન્વેયન્સ મંજુર કરનાર અધિકારીઓના નામ સહિતની માહિતી.

જાહેર માહિતી અધિકારી અને ચીફ ફુડ ઈન્સપેટર તરફથી જાવક નં.પીએચડી/ફુડ/૧૩૦ તા.૨૫/૦૪/૨૦૧૩ થી અરજદાર તરફથી માંગેલ માહિતીના **મુદ્દા નં**.૧ થી ૩ બાબતે અરજદારને તા.૨૯/૦૪/૨૦૧૩ ના રોજ રેકર્ડ ચકાસણી માટે બોલાવી ત્યાર બાદ અરજદાર જણાવે તે માહિતી નિયત ફી ભરપાઈ કરી પુરી પાડવાનું જણાવેલ છે તથા મુદ્દા નં. ૪ પરત્વે ખોટી રીતે કન્વેયન્સ મંજુર કરવામાં આવેલ નથી એમ જણાવેલ, અરજદાર દ્વારા અપીલ અરજીથી દફતરી તપાસ માટે જણાવેલ ન હોવાછતાં સમયમર્યાદા બાદ દફતરી તપાસણી આપેલ હોવાનું જણાવેલ છે. પ્રસ્તુત મુદ્દાઓ બાબતે મજકુર અરજદારને તા.૦૧/૦૬/૧૩ ના રોજ ૪ઃ૦૦ કલાકે આરોગ્ય અધિકારી અને અપીલ અધિકારીશ્રી સુરત મ.ન.પા.ની આરોગ્યખાતાની મુગલીસરા,સુરત ની કચેરીમાં રૂબરૂ હાજર થવા જણાવવામાં આવેલ હતું તે મુજબ અરજદાર ઉકત સ્થળે રૂબરૂ હાજર રહયા હતા.

## –:: હુકમ ::–

અરજદારની મુળ અરજી,અપીલ અરજી, ઉપલબ્ધ હકીકત તથા અરજદાર દ્વારા રૂબરૂ હાજર થઈ કરવામાં આવેલ રજુઆત ધ્યાને લેતા નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૩૦/૦૩/૨૦૧૩ ની અરજીના મુદ્દાઓ પરત્વે જાહેર માહિતી અધિકારી અને ચીફ ફુડ ઈન્સપેટરશ્રી ફુડ વિભાગ તરફથી સમય મર્યાદા પુરી થયા ગયા બાદ રેકર્ડ તપાસણી માટે બોલાવવામાં આવેલ હોય, **મુદ્દા નં**.૧ થી ૩ બાબતે અરજદારને દિન–૦૭માં અત્રેની કચેરીની જાણ હેઠળ રેકર્ડ તપાસણી અર્થે બોલાવવા તથા રેકર્ડ તપાસણી સમયે અરજદારને જરૂરિયાત મુજબની રેકર્ડ આધારિત ઉપલબ્ધ માહિતીની નકલો વિનામુલ્યે પુરી પાડવા તથા મુદ્દા નં.૪ બાબતે પણ જો કોઈ રેકર્ડ આધારિત ઉપલબ્ધ માહિતી હોય તો તે અરજદારને અત્રેની કચેરીની જાણ હેઠળ દિન–૦૭ માં વિનામુલ્યે પુરી પાડવા જાહેર માહિતી અધિકારી અને ચીફ ફુડ ઈન્સપેટરશ્રીને જણાવવામાં આવે છે. તેમજ હવે પછી આર.ટી.આઈ. એકટ હેઠળની અરજીનો નિયત સમયમર્યાદામાં નિકાલ કરવા તાકીદ કરવામાં આવે છે.

નં.પીએચડી/પીઓ/આરટીઆઈ/અપીલ/
તા. /૦૬/૨૦૧૩

આરોગ્ય અધિકારી અને
એપેલેટ ઓફિસર
સુરત મહાનગરપાલિકા.

# સુરત મહાનગરપાલિકા

RIGHT TO INFORMATION

અપીલ અરજી.
આઈ.ડી.નં.–૨૪૨૦
તા.૦૪/૦૫/૨૦૧૩

અરજદાર ::– શ્રી મહેન્દ્રસિંહ એ. બ્રહમભટ્ટ.
સામાવાળા ::– જાહેર માહિતી અધિકારી અને ચીફ ફુડ ઈન્સ્પેકટર, સુરત મહાનગરપાલિકા.

ફરિયાદની હકીકત ::–
વિષય ::–આર.ટી.આઈ. એકટ હેઠળ તા.૨૮/૦૩/૨૦૧૩ ની અરજી પરત્વે પી.એચ.ડી/ફુડ/૧૪૧ તા.૩૦/૦૪/૨૦૧૩ થી જાહેર માહિતી અધિકારી ધ્વારા સમયમર્યાદામાં માહિતી પુરી પાડવામાં આવેલ ન હોવા બાબતે.
સંદર્ભ ::– અરજદાર મજકુરની અપીલ તા.૦૪/૦૫/૨૦૧૩, **NO. SMC/PHD/FAP/07/2013-2014 DT.07/05/2013**

શ્રી મહેન્દ્રસિંહ એ. બ્રહમભટ્ટ તરફથી આરટીઆઈ એકટ હેઠળ તા.૨૮/૦૩/૨૦૧૩ ની અરજી પરત્વેજાહેર માહિતી અધિકારી ધ્વારા સમયમર્યાદામાં માહિતી પુરી પાડવામાં આવેલ ન હોવાનું જણાવી તા.૦૪/૦૫/૨૦૧૩ ના રોજ અપીલ અરજી કરેલ છે. મજકુર અરજદાર તરફથી તા.૨૮/૦૩/૨૦૧૩ ના રોજ કુલ ૪ મુદ્દાની માહિતી માંગેલ હતી. જે મુદ્દાથી માંગેલ માહિતી ની વિગત નીચે મુજબ છે.

**મુદ્દા નં. ૧** :–૧૧,જેટલા ફુડ ઈન્સ્પેકટરો ફેબ્રુઆરી–૧૨ થી ફેબ્રુઆરી–૧૩ સુધી પ્રતિ માસ ઓછામાં ઓછા ૨૦ સેમ્પલો લાવ્યા તેની વિગતવાર ફુડ ઈન્સ્પેકટર,સંસ્થાઓનાં નામ અને પૃથ્થકરણ રીપોર્ટ સહિતની પ્રમાણિત નકલમાં માહિતી પુરી પાડશો.

**મુદ્દા નં. ૨** :– સદર ઉપર જણાવ્યા મુજબના સેમ્પલો લેવા માટે જે તે સંસ્થાને રકમ ચુકવી હોય તો તેના બીલ અને જથ્થો તથા આઈટમ સહિતની સંપુર્ણ પ્રમાણિત નકલમાં માહિતી આપવી.

**મુદ્દા નં. ૩** :–સેમ્પલો, પૃથ્થકરણ રીપોર્ટમાં ટેસ્ટ થયા પછી નિયમ મુજબના ન હોય તેવી સંસ્થાઓ વિરૂધ્ધ થયેલી કાર્યવાહીની પ્રમાણિત નકલમાં માહિતી આપવી.

**મુદ્દા નં. ૪**:– ઓછામાં ઓછા ૨૦ સેમ્પલો ન લાવનાર ફુડ ઈન્પેકટર વિરૂધ્ધ થયેલી કાર્યવાહીની પ્રમાણિત નકલમાં માહિતી આપવી.

જાહેર માહિતી અધિકારી અને ચીફ ફુડ ઈન્સ્પેટર તરફથી જાવક નં.પીએચડી/ફુડ/૧૪૧ તા.૦૩/૦૪/૨૦૧૩ થી અરજદાર તરફથી માંગેલ માહિતીના **મુદ્દા નં. ૧** અને **૨** બાબતે અરજદારને તા.૦૬/૦૫/૨૦૧૩ ના રોજ રેકર્ડ ચકાસણી માટે બોલાવી ત્યાર બાદ અરજદાર જણાવે તે માહિતી નિયત ફી ભરપાઈ કરી પુરી પાડવાનું જણાવેલ છે તે બાબતે મજકુર અરજદાર ધ્વારા સમય મર્યાદા પુરી થયા ગયા બાદ તપાસણીમાં બોલાવેલ હોવા છતાં નિયત ફી ભરપાઈ કરવાનુ જણાવી આર.ટી.આઈનાં કાયદાનુ ઉલ્લંઘન કરવામાં આવેલ હોવાનું જણાવેલ છે.**મુદ્દા નં.** ૩ પરત્વે સેમ્પલો,પૃથ્થકરણ રીપોર્ટમાં ટેસ્ટ થયા પછી નિયમ મુજબના ન હોય તેવી સંસ્થાઓ વિરૂધ્ધ થયેલી કાર્યવાહીની પ્રમાણિત નકલમાં માહિતી માંગવામાં આવેલ હતી તે સંદર્ભે સને–૨૦૧૨ માં ખાદ્ય પદાર્થોના લીધેલ ૨૧૦૬ નમુનાઓ પૈકી ૨૦૦ નમુનાઓ અનસેફ જાહેર થયેલ જણાવેલ છે,જેમાથી કુલ–૧૦૯ ઈસમો સામે એડજયુકેટીંગ માટે ગાંધીનગર ખાતે મોકલવામા આવેલ હોવાનું જણાવેલ છ અને ૦૫ નમુનાઓનાં જવાબદાર ઈસમો સામે મ્યનિસિપલ કોર્ટમાં કેસ દાખલ કર્યાનુ જણાવેલ છે. જયારે બાકી રહેલ કેસોમાં કાર્યવાહી ચાલુ હોવાનું જણાવેલ છે.**મુદ્દા નં.૪** પરત્વે ઓછામાં ઓછા ૨૦ સેમ્પલો ન લાવનાર ફુડ ઈન્સ્પેટર ઓફિસરોને સક્ષમ સત્તાધિકારીશ્રી ધ્વારા ખુલાસો મેળવવા અંગેની પ્રમાણિત નકલમાં માહિતી આપવામાં આવેલ જણાતી નથી. અપીલ અરજીના બાબતે મજકુર અરજદારને તા.૦૧/૦૬/૧૩ ના રોજ સાંજે ૪–૦૦કલાકે આરોગ્ય અધિકારી અને અપીલ અધિકારીશ્રી સુરત મ.ન.પા.ની આરોગ્યખાતાની મુગલીસરા,સુરતની કચેરીમાં રૂબરૂ હાજર થવા જણાવવામાં આવેલ હતું તે મુજબ અરજદાર ઉકત સ્થળે રૂબરૂ હાજર રહયા હતા.

## –:: હુકમ ::–

અરજદારની મુળ અરજી, અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતા નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૨૮/૦૩/૨૦૧૩ ની અરજીના મુદ્દાનં. ૧અને ૨ પરત્વેની માહિતી જાહેર માહિતી અધિકારી અને ચીફ ફુડ ઈન્સ્પેકટરે અરજદારને ફરી પ્રત્યક્ષ તપાસણી માટે તારીખ અને સમયની જાણ કરી તેઓ જણાવે તે નકલો તઓને વિના મુલ્યે માહિતી પુરી પાડવા જણાવવામાં આવે છે.તેમજ મુદ્દાનં.૪ પરત્વે પણ ઉપલબ્ધ રેકર્ડની પ્રમાણિત નકલ મજકુર અરજદારને વિના મુલ્યે પુરી પાડવા જણાવવામાં આવે છે.તેમજ હવે પછી આ.ટી.આઈની અરજીઓનો નિયત સમયમર્યાદામાં નિકાલ કરવા તાકીદ કરવામાં આવે છે.

નં.પીએચડી/પીઓ/આરટીઆઈ/અપીલ/
તા. /૦૬/૨૦૧૩

આરોગ્ય અધિકારી અને
એપેલેટ ઓફિસર
સુરત મહાનગરપાલિકા.

## સુરત મહાનગરપાલિકા

અપીલ અરજી
આઈ.ડી.નં.–
તા.૨૬/૦૪/૨૦૧૩

અરજદાર ::– શ્રી લીલાબેન નટુભાઈ સોલંકી.

સામાવાળા::–જાહેર માહિતી અધિકારીશ્રી અને સેનેટરી ઈન્સ્પેકટર(પ્રોસીકયુશન) સુરત મહાનગરપાલિકા.

ફરિયાદની હકીકત ::–

વિષય ::– આર.ટી.આઈ. એકટ હેઠળની તા.૦૭/૦૩/૨૦૧૩ની અરજી બાબતે. જાહેર માહિતી અધિકારીશ્રી અને સેનેટરી ઈન્સ્પેકટર(પ્રોસીકયુશન),સુરત મહાનગરપાલિકાના પત્ર નં.પી.એચ.ડી/આઅ/૧૦ તા.૦૪/૦૪/૨૦૧૩ થી આપેલ માહિતીથી નારાજ અસંતુષ્ટ થયેલ હોવા બાબતે.

સંદર્ભ ::–અરજદાર મજકુરની અરજી તા.૨૬/૦૪/૨૦૧૩ **SMC/PHD/FAP/9(1) /2013-14 Dt.14/05/2013.**

શ્રી લીલાબેન નટુભાઈ સોલંકી તરફથી આરટીઆઈ એકટ હેઠળ તા.૦૭/૦૩/૨૦૧૩ ની અરજી અત્રેની કચેરીમાં નં.જીએડી/ ઈએસટી/પીએચ/આરટીઆઈ/ પ્રાપ્ત થયા તા.૧૪/૫/૨૦૧૩ પરત્વે જાહેર માહિતી અધિકારીશ્રી અને સેનેટરી ઈન્સ્પેકટર (પ્રોસીકયુશન) તરફથી આપવામાં આવેલ માહિતીથી નારાજ અસંતુષ્ટ થયેલ હોવાનું જણાવી તા.૨૬/૦૪/૨૦૧૩ ના રોજ અપીલ અરજી કરેલ છે. મજકુર અરજદાર તરફથી તા.૦૭/૦૩/૨૦૧૩ ના રોજ કુલ ૩૯ મુદ્દાની માહિતી માંગેલ હતી. જે પૈકી મુદ્દા.નં.૨૭ આરોગ્ય ખાતાના હસ્તકના (પ્રોસીકયુશન) વિભાગને અંશતઃ લાગત જણાય છે. જે મુદ્દાની વિગત નીચે મુજબ છે.

મુદ્દા નં. ૨૭ :–સુરત શહેરના મ.ન.પા.ના વિવિધ આર.ટી.આઈ. સેલના પી.આઈ.ઓ તેમજ અપીલ અપીલ અધિકારીઓના નિર્ણયથી નારાજ થયા બાદ જી.આઈ.સી.માં અપીલ અને ફરીયાદની સુનાવણીમાં સુરત મ.ન.પા.ના જવાબદાર અધિકારીઓએ વર્ષ ૨૦૦૫ બાદ સુનાવણીમાં આપેલ હાજરીની વિગત અને હાજરી અન્વયે સુરત મ.ન.પા.ને થયેલ કુલ ખર્ચાની માહિતી અને હાજરી બાદ સુરત મ.ન.પા.માં સત્તાવાર રજુ કરેલ રીપોર્ટની માહિતી.

ઉપરોકત વિગતે જાહેર માહિતી અધિકારીશ્રી અને સેનેટરી ઈન્સ્પેકટર(પ્રોસીકયુશન) વિભાગ પ્રતિ અરજદારની અપીલ અરજી અનુસંધાને મુળ અરજીની નકલ,આપેલ માહિતીની નોંધ વિભાગ સહિતની નકલ,આપવા જોગ પુરક માહિતીની વિગતો,વિલંબ/વિસંગતતા હોય તો તની સ્પસ્ટતા સહિત વિગત રજુ કરવા જણાવવામાં આવેલ,જે અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી પુર્તતા રીપોર્ટ મળેલ છે.જે અનુસાર તઓશ્રીના જણાવ્યાનુસાર આપવામાં આવેલ જવાબ યોગ્ય અને સાચો છે અને અપીલમાં ગાંધીનગર ખાતે હાજર રહેવા માટે જે અધિકારીઓ ગયેલા તે અધિકારીના નામ અને તારીખ વિગેરે વિગત તથા કોની સાથે ગયેલા તેની માહિતી પણ આપેલ હોવાનું જણાવેલ છે. તથા જે તે દિવસે અન્ય વિભાગના નાયબ આરોગ્ય અધિકારીશ્રી પણ આવા કામે ગાંધીનગર ખાતે આયોગમાં જનાર હોવાથી મહાનગરપાલિકાના આર્થિક હિતમાં તેઓ જે ગાડી લઈને ગયેલ હતા તેજ ગાડીમાં સાથે ગાંધીનગર ગયેલ હોય, તેઓના વિભાગ તરફથી કોઈ ખર્ચ થયેલ ન હોય તે મુજબની માહિતી અરજદારને પુરી પાડવામાં આવેલ હોવાનુ તેમજ અપીલમાં હાજર રહી જવાબ રજુ કર્યા બાદ પરત આવીને અલગ કોઈ રીપોર્ટ રજુ કરવાનો રહેતો નથી ફકત ઉપરી અધિકારીને મૌખિક જાણ કરવાની રહે છે એમ જણાવેલ છે. આમ જાહેર માહિતી અધિકારી દ્વારા દફતરી ઉપલબ્ધ માહિતી પુરી પાડવામાં આવેલ હોવાનું જણાતુ હોય અન્ય કોઈ હુકમ કરવાનો રહેતો નથી.

### –:: હુકમ ::–

અરજદારની મુળ અરજી, અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતા નીચે મુજબનો હુકમ કરી અપીલ અરજીનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૦૭/૦૩/૨૦૧૩ ની અરજીનાં મુદ્દા બાબતે આરોગ્ય ખાતા હસ્તકના પ્રોસીકયુશન વિભાગના જાહેર માહિતી અધિકારીશ્રી અને સેનેટરી ઈન્સ્પેકટર તરફથી દફતરી હકીકતલક્ષી ઉપલબ્ધ માહિતી મજકુર અરજદારને પુરી પાડવામાં આવેલ જણાય છે. આથી પ્રોસીકયુશન વિભાગ અંગેની વધારાની કોઈ માહિતી અરજદારને પુરી પાડવાની બાકી જણાતી ન હોય, આમ તેટલે અંશે અરજદારની અપીલ અરજી પરત્વે બીજી કોઈ વધારાની કાર્યવાહી કરવાની રહેતી ન હોય અપીલ અરજી દફતરે કરવામાં આવે છે.

નં.પીએચડી/પીઓ/આરટીઆઈ/અપીલ
તા. /૦૬/૨૦૧૩

આરોગ્ય અધિકારી અને
એપેલેટ ઓફિસર
સુરત મહાનગરપાલિકા.

# સુરત મહાનગરપાલિકા

અપીલ અરજી
આઈ.ડી.નં.૨૪૧/૧૩
તા.૦૨/૦૩/૨૦૧૩

અરજદાર ::– શ્રી નરેશભાઈ નાનજીભાઈ બથવાર.

સામાવાળા::– જાહેર માહિતી અધિકારી અને ચીફ ફુડ ઈન્સ્પેકટર, સુરત મહાનગરપાલિકા.

ફરિયાદની હકીકત ::–

વિષય ::– આર.ટી.આઈ. એકટ હેઠળની તા.૦૨/૦૩/૨૦૧૩ની અરજી બાબતે. જાહેર માહિતી અધિકારી અને ચીફ ફુડ ઈન્સ્પેકટર, સુરત મહાનગરપાલિકાના પત્ર નં.પીએચડી /ફુડ/ આ.નં./ ૨૨ તા.૦૫/૦૪/૨૦૧૩ થી આપેલ માહિતીથી નારાજ અસંતુષ્ટ થયેલ હોવા બાબતે.

સંદર્ભ ::–અરજદાર મજકુરની અપીલ **SMC/PHD/FAP/10/2013-14 Dt.17/05/2013.**

શ્રી નરેશભાઈ નાનજીભાઈ બથવાર તરફથી આરટીઆઈ એકટ હેઠળ તા.૦૨/૦૩/૨૦૧૩ ની અરજી પરત્વે જાહેર માહિતી અધિકારી અને ચીફ ફુડ ઈન્સ્પેકટર તરફથી આપવામાં આવેલ માહિતીથી નારાજ અસંતુષ્ટ થયેલ હોવાનું જણાવી તા.૧૦/૦૪/૨૦૧૩ ના રોજ અપીલ અરજી કરેલ છે. મજકુર અરજદાર તરફથી તા.૦૨/૦૩/૨૦૧૩ ના રોજ કુલ ૫ મુદ્દાની માહિતી માંગેલ હતી. જે પૈકીની કોઈપણ મુદ્દાઓ આરોગ્ય ખાતાના ફુડ વિભાગને લાગત જણાતો નથી. જે મુદ્દાઓની વિગત નીચે મુજબ છે.

મુદ્દા નં. ૧ :–તા.૨૭/૦૨/૨૦૧૩ ના રોજ બપોરે ૩–૫૦ કલાકે અમો (અરજદાર) સ્પેશીયલ ૨૬/૧૧ સીનેમા જોવા ગયેલ ત્યારે કિન્ની મલ્ટીપ્લેક્ષ કેન્ટીન સીનેમાની પાસેથી ધાણીનુ પકેટ ખરીદયુ હતુ જે ૧૦ થી ૧૨ રૂપિયાનુ થાય તેની જગ્યાએ ૨૫ રૂા. લીધેલ અને બે સમોસા લીધેલા તેના પણ ૨૫ રૂા. બજાર કિંમત કરતા વધારે લેવામાં આવેલ હોય તો આ સીનેમા ટોકીઝને પ્રેક્ષક ગ્રાહક પાસેથી લુંટ કરવાનો પરવાનો મનોરંજન ખાતા તથા તોલમાપ ખાતાએ આપેલ હોય તો તેની માહિતી.

મુદ્દા નં. ૨ :– સદર મલ્ટીપ્લેક્ષ સીનેમામાં ફાયર એન્ડ સેફટીની એન.ઓ.સી. ની માહિતીની નકલ.

મુદ્દા નં. ૩ :– ખાદ્ય ચીજ વસ્તુ અને પીણાનાં એમ.આર.પી. મુજબ ભાવ લેવામાં આવતો ન હોય અને બીલ માંગવા છતાં આપતાં ન હોય જે આપશ્રીની કચેરીનાં કચેરીના કયા વિભાગ ધ્વારા આ કૌભાંડ ચલાવી રહયા હોય તેની માહિતીની નકલ.

મુદ્દા નં. ૪ :–આ કૌભાંડનાં કૌભાંડીઓ આપશ્રી મહેરબાન સાહેબની હકુમત નીચેનાં ખાતા ધ્વારા થતી હોય જેથી તેઓના વડાની નામ જોગ માહિતીની નકલ આપવા વિનંતી છે.

મુદ્દા નં. ૫ :–આપશ્રી મહેરબાન કલેકટરશ્રી હકુમત નીચેના ખાતાઓની દરેક કચેરી નોંધ બુક માહિતીની મલ્ટીપ્લેક્ષ સીનેમા અંગેની આપવા વિનંતી છે.

## –:: હુકમ ::–

અરજદારની મુળ અરજી, અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતા નીચે મુજબનો હુકમ કરી અપીલ અરજીનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૦૨/૦૩/૨૦૧૩ ની અરજીનાં મુદ્દાઓ બાબતે આરોગ્ય ખાતા હસ્તકના ફુડ વિભાગને કોઈપણ મુદ્દાઓ લાગત જણાતા ન હોવાનો જાહેર માહિતી અધિકારી અને ચીફ ફુડ ઈન્સ્પેકટર તરફથી પત્ર નં.પીએચડી/ફુડ/૨૨ તા.૦૫/૦૪/૨૦૧૩ થી જવાબ પાઠવવામાં આવેલ છે.આથી તેટલે અંશે અરજદારની અપીલ અરજી પરત્વે બીજી કોઈ વધારાની કાર્યવાહી કરવાની રહેતી ન હોય અપીલ અરજી દફતરે કરવામાં આવે છે.

નં.પીએચડી/પીઓ/આરટીઆઈ/અપીલ
તા. /૦૫/૨૦૧૩

આરોગ્યઅધિકારી અને
એપેલેટ ઓફિસર
સુરત મહાનગરપાલિકા.

## સુરત મહાનગરપાલિકા

અપીલ અરજી નં. **FAP/12 Dt.23/05/13**
આઈ.ડી.નં.૬૫
તા.૧૪/૦૫/૨૦૧૩

અરજદાર ::– શ્રી આશીત જીતેન્દ્રભાઈ ગાંધી.

સામાવાળા ::– (૧) એડી. માર્કેટ સુપ્રિન્ટેન્ડન્ટ અને જાહેર માહિતી અધિકારી, (માર્કેટ વિભાગ).

ફરિયાદની હકીકત ::–

વિષય ::– આરટીઆઈ એકટ હેઠળની આઈ.ડી.નંબર.૧૧૩૧તા.૦૨/૦૨/૨૦૧૩ની મુળ અરજી પરત્વે ૦૫ મુદ્દાઓની માહિતી માંગેલ હતી જે મુદ્દાઓની માહિતી એડી. માર્કેટ સુપ્રિન્ટેન્ડન્ટ અને જાહેર માહિતી અધિકારી ધ્વારા દિન ૩૦ માં જવાબ/પ્રત્યુત્તર મળેલ ન હોવાનુ જણાવી નારાજ થઈ અપીલ તા.૧૪/૦૫/૨૦૧૩ ના રોજ અરજી કરેલ છે.

શ્રી આશીત જીતેન્દ્રભાઈ ગાંધી તરફથી તા.૦૨/૦૨/૨૦૧૩ ના રોજ કુલ ૧૧ મુદ્દાની માહિતી માંગેલ હતી.જે તમામ મુદ્દાઓ આરોગ્ય ખાતા હસ્તકના માર્કેટ વિભાગને લાગત જણાય છે. જે મુદ્દાથી માંગેલ માહિતી ની વિગત નીચે મુજબ છે.

**મુદ્દા નં. ૧:–** કુલ કુતરાની ઝોન પ્રમાણે વસ્તી સંખ્યાનો આંક આપવો.

**મુદ્દા નં. ૨ :–** છેલ્લામાં છેલ્લી વસ્તી ગણતરીની તારીખ/ માસ/ વર્ષ આપવો.

**મુદ્દા નં. ૩ :–** સુરત મહાનગરપાલિકા શહેરમાં કુતરાઓની કેટલી સંખ્યામાં નિયંત્રણ રાખવા માંગે છે ? આ માટે નકકી થયેલા આંક અને ઠરાવની તારીખની નોંધ આપવી.

**મુદ્દા નં. ૪ :–** છેલ્લો ખસીકરણ કાર્યક્રમની નીચે મુજબની વિગતો આપવી.

(A) ખસીકરણ કાર્યક્રમ નકકી કર્યાની તારીખ/ માસ/ વર્ષ.
(B) ખસીકરણ કાર્યક્રમ ચાલુ કર્યાની તારીખ/ માસ/ વર્ષ.
(C) ખસીકરણ કાર્યક્રમ બંધ કર્યાની તારીખ/ માસ/ વર્ષ.
(D) ઝોન પ્રમાણે ખસીકરણમાં પકડવામાં આવેલા કુતરાની સંખ્યા.
(E) ઝોન પ્રમાણે ખસીકરણ પ્રક્રિયામાંથી પસાર થયેલ કુતરાની સંખ્યા.
(F) ઝોન પ્રમાણે ખસીકરણ પછી પાછા છોડવામાં આવેલા કુતરાની સંખ્યા.
(G) ઝોન પ્રમાણે ખસીકરણ દરમ્યાન મૃત કુતરાની સંખ્યા.
(H) ઝોન પ્રમાણે ખસીકરણમાં બાકાત રખાયેલા કુતરાની સંખ્યા.
(I) ખસીકરણ દરમ્યાન રોગની (વિવિધ) નોંધ થયેલ કુતરાની સંખ્યા રોગ અનુસાર આપવી.
(J) ખસીકરણ કાર્યક્રમની બજેટની રકમ રૂા. માં આપવી.
(K) ખસીકરણ કાર્યક્રમમાં સામેલ થયેલા કુતરા દીઠ રકમ રૂા. માં આપવી.
(L)ખસીકરણ માટે ચુકવાયેલ કુલ રૂા. ની રકમ, ચેક નંબર, સંસ્થા વ્યકિતનું નામ, ચેક તારીખ જણાવવી.
(M) ખસીકરણ માટે ચુકવવાની બાકી કુલ રકમ રૂા. માં જણાવવી.
(N) ખસીકરણમાં નિષ્ફળતા બદલ થયેલા દંડની રકમ રૂા. માં જણાવવી. તેમજ સંસ્થા–વ્યકિતના નામ–સરનામા જણાવવા.
(O) ખસીકરણમાં મ્યુ. કોર્પોરેશનને થયેલ અન્ય ખર્ચ કે જે સંસ્થાને અપાયો નથી પણ ખસીકરણના કાર્યક્રમમાં થયેલો છે તેની રૂા. માં રકમ જણાવવી.
(P) રૂા. ૫૪૬/– ના ખર્ચ પ્રમાણે વર્ગીકરણ જણાવવું.

**મુદ્દા નં. ૫ :–** ખસીકરણ કાર્યક્રમ દરમ્યાન ભાગ લીધેલા નીચેના પ્રમાણેની માહિતી આપવી.

(A) નિરીક્ષણ/ અવલોકન સમિતિના સભ્યના નામ, હોદ્દા, પસંદગીના માપદંડ (કલમ–૪) હેઠળની નિમણૂંકોની નોંધ આપવી તેમજ તેમની મુળ સંસ્થાઓના નામ આપવા.
(B) આ કાર્યક્રમ દરમ્યાન ભાગ લીધેલા વેટરનરી ડોકટરોના નામ અને ઈન્ડીયન વેટરનરી કાઉન્સીલમાં તેમના નોંધણી નંબરો આપવા.
(C) સ્થાનિક સત્તાએ કલમ ૬–(૧)(એ)(બી)(સી) હેઠળ થયેલી વ્યવસ્થાઓને સંખ્યામાં જણાવવી ઝોન પ્રમાણે જણાવવી.
(D) કલમ ૭–(૧–બી(૧)) હેઠળ મળેલી કુલ ફરીયાદનો આંક આપવો.
(E) કલમ ૭(૨–સી) હેઠળ કામ કરેલા વ્યકિતઓના નામ, સંસ્થાના નામ આપવા.
(F) કલમ ૭(૫) હેઠળ થયેલી વ્યવસ્થાઓની જાહેરાતોની નોંધ આપશો.

**મુદ્દા નં. ૬ :–** ખસીકરણ કાર્યક્રમમાં બેદરકારી થઈ/ કુતરા મૃત થયા/ તે અંગેની નિરીક્ષણ કમીટીએ કરેલી નોંધની નકલ, જાણ કરાયેલા વિવિધ વિભાગોને નોંધની નકલ આપવી.

**મુદ્દા નં. ૭ :–** ખસીકરણ કાર્યક્રમ માટે કામ અપાયું છે તે સંસ્થાની વિગતો આપવી, નામ, નોંધણી નંબર, ભાગ લીધેલા કર્મચારીઓની સંખ્યા, હોદ્દા પ્રમાણે સરનામું આપવુ.

**મુદ્દા નં. ૮ :–** ખસીકરણ કાર્યક્રમમાં બેદરકારી, મૃત કુતરાઓના રીપોર્ટને સુરત શહેર પોલીસ વિભાગ, સુરત જીલ્લા કલેકટરશ્રી, ભારત સરકારના પર્યાવરણ અને વન વિભાગના સંયુકત સચિવ (પ્રાણી કલ્યાણ), ગુજરાત સરકારના અન્ય વિભાગોને જાણ કરાયેલા પત્રોની નકલ આપવી.

**મુદ્દા નં. ૯ :–** ખસીકરણમાં કુતરાઓના મોત બદલ ખોવાયેલા ક્રીમીનલ પગલા પ્રીવેન્શન ટુ એનીમલ ક્રુએલ્ટી એકટ હેઠળ નોંધાયેલી ફરીયાદની સંપૂર્ણ વિગત આપવી જો ફરીયાદ ના થઈ હોય તો તેના સવિસ્તાર કારણો કાયદાની કલમ પ્રમાણે જણાવવા.

**મુદ્દા નં. ૧૦ :–** ખસીકરણ દરમ્યાન બેદરકારી, કુતરાઓને મૃત્યુ સુધી પહોંચાડવા જવાબદારોને માત્ર ૧.૨૦ લાખની સીકયુરીટી રકમ જપ્ત કરી છોડી મુકવાનું, ડીબાર્ડ કરવાનું સુચન કોણે કર્યુ ? કયા કાયદાકીય આધારો એ કર્યુ? આ સુચન કેટલી સમિતિઓએ મંજુર કર્યુ ? તેની સવિસ્તાર માહિતી આપશો.

**મુદ્દા નં. ૧૧ :–** કલમ ૭(૩) હેઠળ નિભાવતા રજીસ્ટરની એકાદ પેઈજની નકલ આપવી. કલમ ૭(૬) હેઠળ નિભાવાયેલી સંસ્થાનું નામ, સરનામું આપવું. કલમ ૭(૮) હેઠળ થયેલો ખર્ચ, ખોરાકની માહિતી આપવી. કલમ ૮ હેઠળ થયેલી કામગીરી અને નિશાનની નોંધ આપવી.

અરજદારની આર.ટી.આઈ એકટ હેઠળની તા.૦૨/૦૨/૨૦૧૩ ની મુળ અરજીના અનુસંધાને એડી. માર્કેટ સુપ્રિન્ટેન્ડન્ટ અને જાહેર માહિતી અધિકારી, (માર્કેટ વિભાગ) પ્રતિ અપીલ અરજી સંદર્ભે પુર્તતા રીપોર્ટ કે અન્ય કોઈ રજુઆત હોય તો તે દિન–૫ માં મોકલી આપવા જણાવેલ જે અન્વયે માર્કેટ સુપ્રિન્ટેન્ડન્ટ અને જાહેર માહિતી અધિકારી તરફથી પુર્તતા રીપોર્ટ તેમજ અપીલ અરજી તબકકે મુળ અરજીનો જવાબ પત્ર.નં.પીએચડી/માર્કેટ/૩૩૪ તા.૦૫/૦૬/૨૦૧૩ થી સમયમર્યાદા બાદ પુરો પાડવામાં આવેલ જણાય છે.

એડી. માર્કેટ સુપ્રિન્ટેન્ડન્ટ અને જાહેર માહિતી અધિકારીએ તેમના પુર્તતા રીપોર્ટમાં અરજદારે માંગેલ માહિતીનાં મુદ્દા નં.૧,૨,૫પરત્વે જવાબ પુરો પાડવામાં આવેલ જણાય છે. મુદ્દા નં.૩ પરત્વે સુરત શહેરમાં કુતરાઓની સંખ્યામાં નિયંત્રણ રાખવા માટે નકકી થયેલા આંક અને ઠરાવની તારીખની નોંધની માહિતી માંગેલ હતી જે માહિતી અરજદારને પુરી પાડવામાં આવેલ જણાતી નથી. મુદા નં.૪ના (સવાલ નં.એચ.આઈ.) પરત્વે રેકર્ડ ઉપલબ્ધ નથી તેમ જણાવેલ છે. મુદ્દા નં.૪નાં (સવાલ નં.એલ) પરત્વે ખસીકરણ માટે ચુકવાયેલ કુલ રૂા.ની માહિતી આપવામાં આવેલ જણાય છે પરંતુ તે રકમની ચુકવણી ચેક દ્વારા કરવામાં આવી હોય તો ચેક નંબર તથા તારીખ દર્શાવવામાં આવેલ જણાતી ન હોય તેવી માહિતી પુરી પાડવાની બાકી જણાય છે. મુદ્દા નં.૫(એ) પરત્વે નિરીક્ષણ/ અવલોકન સમિતિના સભ્યના નામ, હોદ્દાની માહિતી આપવામાં આવેલ જણાય છે પરંતુ પસંદગીના માપદંડ (કલમ–૪) હેઠળની નિમણૂંકોની નોંધ,મુળ સંસ્થાઓના નામની માહિતી પુરી પાડવાની બાકી જણાતી હોય તવી માહિતી અરજદારને પુરી પાડવાની રહે છે. મુદ્દા નં.૫ ના (સવાલનં.બી,ડી,ઈ અને એફ,) પરત્વે માહિતી પુરી પાડવામાં આવેલ જણાય છે. મુદ્દા નં.૫(સી) બાબતે માહિતી ઉપલબ્ધ નથી તેમ જણાવેલ છે. મુદ્દા નં.૬,૭,૮,૯ અને૧૦ પરત્વેની માહિતી અરજદારને પુરી પાડવામાં આવેલ જણાય છે. મુદ્દા નં.૧૧ બાબતની માહિતી માટે ઓફિસ કામકાજના સમય દરમ્યાન સંપર્ક કરવા એડી. માર્કેટ સુપ્રિન્ટેન્ડન્ટ અને જાહેર માહિતી અધિકારી તરફથી અરજદારને જણાવવામાં આવેલ છે.

## –:: હુકમ ::–

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતા નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની આર.ટી.આઈ એકટ હેઠળની તા.૦૨/૦૨/૨૦૧૩ની અરજીથી માંગવામાં આવેલ માહિતીના મુદ્દા નં.૩, મુદ્દા નં. ૪ ના (સવાલ નં. એલ), મુદ્દા નં.૫ ના (સવાલ નં.એ) ની વિગતે જણાતી બાકી રહેતી માહિતી અંગે રેકર્ડ આધારીત ઉપલબ્ધ માહિતી અત્રેની કચેરીની જાણ હેઠળ દિન–૦૭ માં મજકુર અરજદારને પુરી પાડવા જાહેર માહિતી અધિકારી અને એડી. માર્કેટ સુપ્રિન્ટેન્ડન્ટ (માર્કેટ વિભાગ) ને જણાવવામાં આવે છે.તેમજ ભવિષ્યમાં આર.ટી.આઈ.એકટ હેઠળની અરજીનો નિયત સમય મર્યાદામાં નિકાલ કરવા તાકીદ કરવામાં આવે છે.

નં.પીએચડી/પીઓ/આરટીઆઈ/અપીલ/
તા. /૦૬/૨૦૧૩

આરોગ્ય અધિકારી અને
એપેલેટ ઓફિસર
સુરત મહાનગરપાલિકા.

# સુરત મહાનગરપાલિકા

અપીલ અરજી. **FAP/14.**
આઈ.ડી.નં.–૭૦
તા.૧૭/૦૫/૨૦૧૩

અરજદાર ::– શ્રી અર્ચનાબેન મગનલાલ વાઘેલા.

સામાવાળા ::– જાહેર માહિતી અધિકારી અને પર્સોનેલ ઓફિસરશ્રી (આરોગ્ય ખાતુ), સુરત મહાનગરપાલિકા.

ફરિયાદની હકીકત ::–

વિષય ::– આરટીઆઈ એકટ હેઠળની (આઈ.ડી.નં.૨૪૧૦) તા.૨૬/૦૩/૨૦૧૩ ની મૂળ અરજીના અનુસંધાને પુરી પાડવામાં આવેલ માહિતી બાબતે જાહેર માહિતી અધિકારીના નિર્ણયથી નારાજ થયેલ હોવાનું જણાવી તા.૧૭/૦૫/૧૩ના રોજ અપીલ અરજી કરેલ છે.

શ્રી અર્ચનાબેન મગનલાલ વાઘેલા તરફથી આરટીઆઈ એકટ હેઠળ તા.૨૬/૦૩/૨૦૧૩ની અરજીથી કુલ પાંચ મુદ્દાની માહિતી માંગેલ હતી. જે પૈકી મુદ્દા નં.૧, ૪, અને ૫ ની માહિતી આરોગ્ય મહેકમ વિભાગ તરફથી પૂરી પાડવામાં આવેલ હતી તેમજ મુદ્દાનં. ૨ની માહિતી અંગેનો રેકર્ડ ઉપલબ્ધ ન હોવાનું જણાવેલ હતું તેમજ મુદ્દા. નં ૩ ની માહિતી સેન્ટ્રલ ઝોનને લાગત જણાતી હોય જાહેર માહિતી અધિકારી અને પર્સોનેલ ઓફિસરશ્રી (સેન્ટ્રલ ઝોન) ને પત્ર નં.પીએચડી/પીઓ/આરટીઆઈ/૦૮ તા.૧૫/૦૪/૧૩ થી તબદીલ કરવામાં આવેલ હતી. જે મુદ્દાથી માંગેલ માહિતીની વિગત નીચે મુજબ છે.

**મુદ્દા નં.૧**:–સુરત મહાનગરપાલિકા ધ્વારા સને ૧૯૯૪–૯૫ માં નીકળેલ સફાઈ કામદાર તરીકે નીકળેલ ૮૬ કર્મચારીઓની યાદીની નકલ આપવી.

**મુદ્દા નં.૨** :– શ્રીમતી અર્ચનાબેન મગનલાલ વાઘેલાની ૧૯૯૪–૯૫ માં સફાઈ કામદાર તરીકે નીકળેલ નિમણૂંક ઓર્ડરની નકલ આપવી.

**મુદ્દા નં.૩**:– ઉકત કર્મચારી ધ્વારા નાનપુરા વોર્ડ ઓફિસમાં સને ૧૯૯૪–૯૫ માં માહે ઓગસ્ટ થી માહે ફેબ્રુઆરી સુધીના ફરજ બજાવેલ હાજરી અંગેની માહિતી તથા તેણે ચુકવેલ નાણાં અંગેની માહિતીની નકલ આપવી.

**મુદ્દા નં.૪**:– સને ૧૯૯૪–૯૫ માં ઉકત કર્મચારીનું સફાઈ કામદાર તરીકે કતારગામ ઝોનમાં બદલી અંગેની ઓર્ડર અંગેની નકલ આપવી.

**મુદ્દા નં.૫**:– ઉકત કર્મચારીના સુરત મહાનગરપાલિકામાં આજદીન સુધીની થયેલ તમામ પત્ર વ્યવહાર તથા થયેલ કાર્યવાહીની આજદીન સુધીની માહિતીની નકલ આપવી.

અરજદારની તા.૨૬/૦૩/૧૩ની મૂળ અરજીના અનુસંધાને જાહેર માહિતી અધિકારી અને પર્સોનેલ ઓફિસરશ્રી (આરોગ્ય) તરફથી અરજદારને પત્ર નં.પીએચડી/પીઓ/આરટીઆઈ/૧૫ તા.૨૫/૦૪/૨૦૧૩ થી આરોગ્ય મહેકમ વિભાગને લાગત મુદ્દા નં. ૧, ૪, અને ૫ પરત્વેનો જવાબ સમય મર્યાદામાં પુરો પાડવામાં આવેલ હોવાનું જણાય છે. અરજદારની અરજીના મુદ્દા નં. ૨ ની માંગેલ માહિતી બાબતે કર્મચારીઓની સને ૧૯૯૪–૯૫ માં જે તે સમયે થયેલ નિમણૂંક મેમાની નકલની માંગણી કરેલ હતી પરંતુ પણ જે તે સમયની નિમણૂંક મેમાની ઓફિસ પ્રત રાખવામાં ન આવતી હોવાથી તેવા રેકર્ડની માહિતી ઉપલબ્ધ ન હોવાનું જણાવેલ છે. **મુદ્દા નં.** ૩ પરત્વેની માહિતી સેન્ટ્રલ ઝોનને લાગત જણાતી હોય તે મુદ્દા માટે જાહેર માહિતી અધિકારી અને પર્સોનેલ ઓફિસરશ્રી(સેન્ટ્રલ ઝોન)ને પત્ર નં. પીએચડી/પીઓ/આરટીઆઈ/૦૮ તા.૧૫/૦૪/૨૦૧૩ થી અરજી તબદીલ કરવામાં આવેલ છે. તથા મજકુર અરજદારે અપીલ અરજી તબકકે તઓએ માંગેલ માહિતીની સહી–સિકકાવાળી નકલ મળેલ નથી તેવુ જણાવેલ છે. જે માહિતીની નકલ ૧૪ પાનામાં પુરી પાડવા દસ્તાવેજી ચાર્જ ભરવા બાબતે પત્ર નં.પીએચડી/પીઓ/આરટીઆઈ/૦૯ તા.૧૫/૦૪/૧૩ થી જણાવવામાં આવતા તે મુજબનો દસ્તાવેજી ચાર્જ મજકુર અરજદારે ભરપાઈ કરેલ હોય, તેઓને આરોગ્ય ખાતામાંથી પત્ર નં.પીએચડી/પીઓ/આરટીઆઈ/૧૫ તા.૨૫/૦૪/૧૩ થી તેઓએ દર્શાવેલ સરનામા પર માહિતી મોકલવામાં આવેલ. પરંતુ તે માહિતી અરજદારને ન મળ્યાની ટેલીફોન દ્વારા જાણ આરોગ્ય વિભાગને કરતા ફરીથી ઉકત માહિતીની નકલો તા.૦૯/૦૫/૨૦૧૩ ના રોજ આરોગ્ય વિભાગની કચેરીમાંથી હાથોહાથ આપવામાં આવેલ છે.જે અંગેના પેપર્સની ચકાસણી કરતા નકલો/પત્ર પહોંચાડયા અંગેના પુરાવાઓ તમજ તા.૦૯/૦૫/૨૦૧૩ ના રોજ અરજદારે માહિતી રૂબરૂમાં સ્વિકાર્યા બદલ કરવામાં આવેલ સહી ધ્યાને લેતાં અરજદારને નકલ પુરી ન પાડવા બાબતે નારાજગીનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

અપીલ અરજી તબકકે અરજદાર એમ પણ જણાવે છે કે જાહેર માહિતી અધિકારી અને પર્સોનેલ ઓફિસરશ્રી (આરોગ્ય વિભાગ) દ્વારા હમોને માહિતીની નકલ ૧૪ પાનામાં પુરી પાડવામાં આવેલ છે તે(સુઅક્ષરવાળી) વાંચી ન શકાય તેવી છે, તેમજ આરોગ્ય અધિકારી અને ડે.કમિશનરશ્રી(હેલ્થઅને હો.)ના શેરાવાળી ૧૯૯૬ ની નકલની માંગણી કરેલ છે. આ બાબતે જણાવવાનું કે સુઅક્ષરવાળી માહિતી અંગે જાહેર માહિતી અધિકારીના જણાવ્યાઅનુંસાર ૧૭ વર્ષ જુની ફાઈલમાંથી માહિતી ઝેરોક્ષ કરીને અરજદારને આપવામાં આવેલ છે.આર.ટી.આઈ. એકટ હેઠળ ઉપલબ્ધ રેકર્ડ આધારીત માહિતી આપવાની જોગવાઈ છે જે ધ્યાને લેતા અન્ય કોઈ વધારાનો હુકમ કરવાનો રહેતો હોવાનુ જણાતુ નથી.તેમ છતાં અરજદાર જો ઇચ્છુક હોય તો જાહેર માહિતી અધિકારીશ્રીનો દિન–૦૭ માં આગોતરા સમય મેળવી નિયમોનુસારની ફી ભરપાઈ કરી તપાસણી કરી રેકર્ડની તપાસણી કરી ઉતારો કરી શકે તેમ છે.

## –:: હુકમ ::–

અરજદારની મુળ અરજી,અપીલ અરજીની ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતા નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૨૬/૦૩/૨૦૧૩ ની અરજીનાં મુદ્દાઓ પરત્વે ઉપલબ્ધ રેકર્ડ આધારીત માહિતી જાહેર માહિતી અધિકારી અને પર્સોનેલ ઓફિસરશ્રી (આરોગ્ય) તરફથી સમય મર્યાદામાં માહિતી પુરી પાડવામાં આવેલ છે, જેથી આ બાબતે વધુ કોઈ હુકમ કરવાનો રહેતો નથી. તેમ છતાં અરજદાર જો ઇચ્છુક હોય તો જાહેર માહિતી અધિકારીશ્રીનો દિન–૦૭ માં આગોતરો સમય મેળવી આર.ટી.આઈ. એકટનાં વિનીમય ૫(ખ)૨ મુજબ નિયમાનુસાર ફી ભરપાઈ કરી રેકર્ડની તપાસણી કરી ઉતારો કરી શકે તેમ છે.

નં.પીએચડી/પીઓ/આરટીઆઈ/અપીલ/
તા. /૦૬/૨૦૧૩

આરોગ્ય અધિકારી અને
એપેલેટ ઓફિસર
સુરત મહાનગરપાલિકા.

## સુરત મહાનગરપાલિકા

**અપીલ અરજી.** FAP/15 DT.30/05/2013.
**આઈ.ડી.નં.૩૪૫.**
**તા.૧૩/૦૫/૨૦૧૩**

અરજદાર::– શ્રી મહેન્દ્ર બી. પંચાલ.

સામાવાળા::–(૧) જાહેર માહિતી અધિકારી અને પર્સોનેલ ઓફીસર,(આરોગ્ય) સુરત મહાનગરપાલિકા.

ફરિયાદની હકીકત ::–

વિષય::–આર.ટી.આઈ એકટ હેઠળની તા.૧૩/૦૫/૨૦૧૩ની (આઈ.ડી.નં.૩૪૫) ની મુળ અરજીનાં અનુસંધાને પુરી પાડવામાં આવેલ માહિતી બાબતે જાહેર માહિતી અધિકારી અને પર્સોનેલ ઓફિસરશ્રી(આરોગ્ય)ના નિર્ણયથી નારાજ થયેલ હોવાનું જણાવી તા.૨૯/૦૫/૨૦૧૩ ના રોજ અપીલ અરજી કરેલ છે.

શ્રી મહેન્દ્ર બી. પંચાલ તરફથી આર.ટી.આઈ એકટ હેઠળની તા.૧૩/૦૫/૨૦૧૩ થી અરજદાર દ્વારા કુલ–૧૫ મુદ્દાની માહિતી માંગેલ હતી તે પૈકી મુદ્દા નં.૬ અંશત આરોગ્ય ખાતાને લાગત જણાતી હોય જાહેર માહિતી અધિકારી અને પર્સોનેલ ઓફિસરશ્રી(આરોગ્ય) તરફથી પત્રનં.પીએચડી/ પી.ઓ./આર.ટી.આઈ/૨૯ તા.૨૪/૦૫/૨૦૧૩ થી માહિતી પુરી પાડવામાં આવેલ છે.

**મુદ્દા નં.૬**:– સુરત મહાનગરપાલિકા સંચાલિત તમામ આરોગ્ય કેન્દ્રો,દવાખાનાઓ તેમજ હોસ્પીટલોમાં સાંઠ વર્ષથી વધુ વયના વરિષ્ઠ નાગરીકો, વિધવાઓ, ત્યકતાઓ, વિકલાંગો તેમજ આર્થિક રીતે અત્યંત ગરીબ અને જરુરીયાતમંદ તમામ વ્યકિતઓને તમામ પ્રકારની અદ્યતન સારવારો વિનામૂલ્યે કયારે પુરી પાડવામાં આવશે તેની ચોકકસ તારીખ,માસ અને વર્ષ જણાવવા વિનંતી છે.

અરજદારની તા.૧૩/૦૫/૨૦૧૩ ની મુળ અરજીના અનુસંધાને જાહેર માહિતી અધિકારી અને પર્સોનેલ ઓફિસરશ્રી(આરોગ્ય) તરફથી પત્રનં.પીએચડી/ પી.ઓ./આર.ટી.આઈ/૨૯ તા.૨૪/૦૫/૨૦૧૩ થી મુદ્દા નં.૬ પરત્વે જાહેર માહિતી અધિકારી અને પર્સોનેલ ઓફિસરશ્રી(આરોગ્ય) દ્વારા આવી કોઈ પ્રથા હાલમાં અમલમાં નથી તેમજ અદ્યતન સારવાર પુરી પાડવાની નિતિવિષયક બાબત હોવાથી ચોકકસ તારીખ,માસ અને વર્ષની માહિતી પુરી પાડી શકાય તમ નથી તે મુજબનો પ્રત્યુત્તર સમય મર્યાદામાં અરજદારને પાઠવવામાં આવેલ જણાતો હોય અપીલ તબકકે કોઈ વધારાની માહિતી આપવાની બાકી રહેતી હોવાનુ જણાતુ નથી.

### –:: હુકમ ::–

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતા નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની આર.ટી.આઈ.એકટ હેઠળની તા.૧૩/૦૫/૨૦૧૩ ની અરજીથી માંગવામાં આવેલ માહિતી અન્વયે અંશત આરોગ્ય ખાતાને લાગત મુદ્દા નં.૬ પરત્વે જાહેર માહિતી અધિકારી અને પર્સોનેલ ઓફિસરશ્રી(આરોગ્ય) તરફથી ઉપલબ્ધ રેકર્ડ આધારીત માહિતી સમય મર્યાદામાં પુરી પાડવામાં આવેલ છે, જયારે સુરત મહાનગરપાલિકા સંચાલિત તમામ આરોગ્ય કેન્દ્રો,દવાખાનાઓ તેમજ હોસ્પીટલોમા જરુરીયાતમંદ તમામ વ્યકિતઓને તમામ પ્રકારની અદ્યતન સારવારો વિનામૂલ્યે કયારે પુરી પાડવામાં આવશે તેની ચોકકસ તારીખ,માસ અને વર્ષ જણાવવા અંગેની રજુઆત આર.ટી.આઈ એકટની કલમ ૨(એફ), અને ૨(જે) ના વ્યાપની બહાર હોય અપીલ અરજી અંગે વિશેષ કોઈ હુકમ કરવાનો રહેતો ન હોય અપીલ અરજી દફતરે કરવામાં આવે છે. વધુમાં સદર કાર્યવાહી હાથ ધરવાને લગતી બાબત નિતિવિષયક હોવાનું જાહેર માહિતી અધિકારીશ્રીએ જણાવેલજ છે જે અંગે અરજદાર ઈચ્છુક હોય તો **સક્ષમ સત્તાને** અલાયદી રજુઆત કરવા સ્વતંત્ર છે.

નં.પીએચડી/પીઓ/આરટીઆઈ/અપીલ/
તા. /૦૬/૨૦૧૩

આરોગ્ય અધિકારી અને
એપેલેટ ઓફિસર
સુરત મહાનગરપાલિકા.

# સુરત મહાનગરપાલિકા

અપીલ અરજી **FAP/18**
આઈ.ડી.નં.૧૦૩
તા.૦૪/૦૬/૨૦૧૩

અરજદાર ::– શ્રી રમેશ કે. જાંગીડ.
સામાવાળા ::– ચીફ ફુડ ઈન્સ્પેકટર અને જાહેર માહિતી અધિકારી, ફુડ વિભાગ, સુરત મહાનગરપાલિકા.

ફરિયાદની હકીકત ::–
વિષય ::– આરટીઆઈ એકટ હેઠળ તા.૨૦/૦૪/૨૦૧૩ની અરજી પરત્વે તા.૦૭/૦૬/૧૨ ના બીડાણ કરેલ પત્રના અનુસંધાનમાં થયેલ કાર્યવાહી બાબતે.
સંદર્ભ ::– અરજદાર મજકુરની અપીલ નં. **SMC/PHD/FAP/18/ DT.07/06/2013**

શ્રી રમેશ કે. જાંગીડ તરફથી તા.૨૦/૦૪/૨૦૧૩ના રોજ કરેલ અરજી અન્વયે નમુના 'ક' ની અરજીના અનુસંધાને નિયત સમય મર્યાદામાં ફુડ વિભાગ તરફથી કોઈ જવાબ પાઠવવામાં આવ્યો નથી એમ જણાવી નારાજ થઈ આરોગ્ય અધિકારી અને અપીલ અધિકારીશ્રીને તા.૦૪/૦૬/૧૩ના રોજ અપીલ અરજી કરવામાં આવેલ છે. જે મુદ્દાથી માંગેલ માહિતી ની વિગત નીચે મુજબ છે.

મુદ્દા નં. ૧ :– હાલમાં શહેરમાં ધમધમતી નોન આઈ.એસ.આઈ. પેકેજડ ડ્રીંકીંગ વોટર (પાણીનું વેચાણ કરતી) સંસ્થાઓના નામ, સરનામા, સહિતની વિગત આપશો.
મુદ્દા નં. ૨:– આપ્યા પેકેજડ ડ્રીંકીંગ વોટરની સંસ્થાઓ પૈકીની જે જે સંસ્થાઓને ફુડ વિભાગનું લાયસન્સ આપવામાં આવ્યું ના હોય અથવા બાદ રદ કરવામાં આવ્યું હોય, તેવી સંસ્થાઓના નામ, સરનામા સહિતની વિગતવાર માહિતી આપશો.
મુદ્દા નં. ૩:– સ્થળ કરનાર શહેરમાં પાણીનું વેચાણ કરતી (પેકેજડ ડ્રીંકીંગ વોટર) સંસ્થાઓ (આઈ.એસ.આઈ. પ્રમાણિત) પૈકીની જે જે સંસ્થાઓનું નિરીક્ષણ (છેલ્લા પાંચ વર્ષમાં) આપના વિભાગ ધ્વારા કરવામાં આવ્યું હોય તે સંસ્થાઓનું નામ, સરનામા, નીરીક્ષણ અધિકારીઓનું નામ, હોદ્દા સહિતની વિગતવાર માહિતી આપશો.
મુદ્દા નં. ૪:– આપના છેલ્લા પાંચ વર્ષમાં આપના વિભાગ તરફથી નિરીક્ષણ થયેલ (ISI, NON ISI) સંસ્થાઓ પૈકી જે જે સંસ્થામાંથી વિભાગે નમુના લીધા હોય કે સંસ્થામાંથી અન્ય કોઈ ગેરરીતિ ઝડપાઈ હોય, તો તે ગેરરીતિ સામે આપના વિભાગે કરેલ કાર્યવાહીની નકલો સહિતની વિગતવાર માહિતી આપશો.
મુદ્દા નં. ૫:– શહેરમાં પાણીનું વેચાણ કરતી પેકેજડ ડ્રીંકીંગ વોટરવાળી સંસ્થાઓ જે જે સંસ્થાઓમાં આપના વિભાગને લાયસન્સ અપાયું હોય
તે સંસ્થાનું નામ, સંસ્થા ચાલકનું નામ, પુરુ સરનામું, લાયસન્સ આપ્યા તારીખ સહિતની વિગતવાર માહિતી આપશો.

અરજદારની તા.૨૦/૦૪/૧૩ની મૂળ અરજીમાં જણાવેલ વિગતેની માહિતી માંગતી અરજી અન્વયેના તમામ મુદ્દાઓ આરોગ્ય ખાતા હસ્તકના ફુડ વિભાગને લાગત જણાતા હોય ઉકત અરજી સંદર્ભે ચીફ ફુડ ઈન્સ્પેકટરશ્રી અને જાહેર માહિતી અધિકારી ફુડ વિભાગને અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, આપેલ માહિતીનો નોંધ વિભાગ સહિતની નકલ તેમજ આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતા કરવા નં.પીએચડી/પીઓ/આર.ટી.આઈ./અપીલ/૩૨ તા.૨૬/૦૬/૧૩ અને નં.પીએચડી/પીઓ/આર.ટી.આઈ./અપીલ/૩૫ તા.૦૩/૦૭/૧૩ થી પત્ર પાઠવવામાં આવેલ, જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી નં.પીએચડી/ફુડ/૪૦૫ તા.૦૧/૦૭/૧૩ થી તેમનો પૂર્તતા રીપોર્ટ રજુ કરવામાં આવેલ છે. જે આરોગ્ય મહેકમ વિભાગને તા.૦૩/૦૭/૧૩ના રોજ પ્રાપ્ત થયેલ છે. જે મુજબ અરજદારની તા.૨૦/૦૪/૧૩ની અરજી પરત્વેની માહિતી ચીફ ફુડ ઈન્સ્પેકટરશ્રી અને જાહેર માહિતી અધિકારી ધ્વારા દફતરી ઉપલબ્ધ હકીકતલક્ષી માહિતી જાવક નં.પીએચડી/ફુડ/૨૮૬ તા.૦૪/૦૬/૧૩ થી સમયમર્યાદા બાદ અરજદારને વિનામૂલ્યે પુરી પાડવામાં આવેલ હોવાનુ જણાય છે.

**–:: હુકમ ::–**

અરજદારની મુળ અરજી, અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતા નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૨૦/૦૪/૨૦૧૩ ની આર.ટી.આઈ.ની અરજીથી માંગવામાં આવેલ મુદ્દાઓની માહિતી સંદર્ભે ચીફ ફુડ ઈન્સ્પેકટરશ્રી અને જાહેર માહિતી અધિકારી ધ્વારા દફતરી ઉપલબ્ધ હકીકતલક્ષી માહિતી જાવક પત્ર નં.પીએચડી/ફુડ/૨૮૬ તા.૦૪/૦૬/૧૩ થી સમયમર્યાદા બાદ અરજદારને વિનામૂલ્યે પુરી પાડવામાં આવેલ હોવાનુ જણાય છે.આમ અપીલ સંદર્ભે વધુ કોઈ કાર્યવાહી કરવાની રહેતી ન હોય,અપીલ અરજી દફતરે કરવામાં આવે છે.તેમજ ભવિષ્યમાં આર.ટી.આઈ.એકટ હેઠળની અરજીઓનો નિયત સમય મર્યાદામાં નિકાલ કરવા ચીફ ફુડ ઈન્સ્પેકટરશ્રી અને જાહેર માહિતી અધિકારીને તાકીદ કરવામાં આવે છે.

નં.પીએચડી/પીઓ/આરટીઆઈ/અપીલ/
તા. /૦/૨૦૧૩

આરોગ્ય અધિકારી અને
એપેલેટ ઓફિસર
સુરત મહાનગરપાલિકા

RIGHT TO INFORMATION

# સુરત મહાનગરપાલિકા

બહુજનહિતાય બહુજનસુખાય

અપીલ અરજી. **FAP/19.**
આઈ.ડી.નં.– ૧૯૫
તા.૩૦/૦૫/૨૦૧૩

અરજદાર ::– શ્રી સમીરભાઈ જેરામભાઈ બોઘરા.

સામાવાળા ::– જાહેર માહિતી અધિકારી અને મુખ્ય આરોગ્ય નિરીક્ષકશ્રી, જન્મ–મરણ (મધ્યસ્થ) કચેરી, સુરત મહાનગરપાલિકા.

ફરિયાદની હકીકત ::–

વિષય ::– આર.ટી.આઈ. એકટ હેઠળની (આઈ.ડી.નં.૧૯૫) તા.૨૪/૦૪/૨૦૧૩ ની મૂળ અરજીના અનુસંધાને ફકત બે ઝોનમાંથી( સેન્ટ્રલ ઝોન, મધ્યસ્થ કચેરી) તરફથીજ માહિતી પુરી પાડવામાં આવેલ હોવાનુ જણાવેલ છે. જયારે બાકીના ઝોનમાંથી સમય મર્યાદામાં જવાબ આપવામાં આવેલ ન હોવાનું જણાવી નારાજ થઈ તા.૩૦/૦૫/૧૩ના રોજ અપીલ અરજી કરેલ છે.

શ્રી સમીરભાઈ જેરામભાઈ બોઘરા તરફથી આરટીઆઈ એકટ હેઠળની તા.૨૪/૦૪/૨૦૧૩ની અરજીથી કુલ ત્રણ મુદ્દાની માહિતી માંગેલ હતી. જે મુદ્દાથી માંગેલ માહિતીની વિગત નીચે મુજબ છે.

**મુદ્દા નં.૧:**– સુરત મહાનગરપાલિકામાં જન્મ–મરણ વિભાગમાં દરેક ઝોનમાં દત્તક વિધાન (રજીસ્ટ્રેશન) ના આધારે બાળકના જન્મના દાખલામાં માતા–પિતાનાં નામમાં ફેરફાર કરવા આવેલ અરજીમાં ફેરફાર કરેલ છે કે કેમ?

**મુદ્દા નં.૨:**–જો માતા–પિતાનાં નામમાં ફેરફાર કર્યો હોય સુધારા કર્યા હોય તો જન્મ–મરણ અધિનિયમની કંઈ કલમ (નિયમ) ના આધારે કરવામાં આવ્યો છે ?

**મુદ્દા નં.૩:**–આજ દિન સુધીમાં તમામ ઝોનમાં આવા દત્તક વિધાન (રજીસ્ટ્રેશન) ના આધારે કેટલા સુધારા કર્યા છે. તેની દાખલાની જુના તેમજ સુધારા કર્યા પછીની ઝેરોક્ષ નકલ આપવા યોગ્ય ધટતુ કરશોજી.

અરજદારની અરજીના મુદ્દાઓ પરત્વેની માહિતિ ફકત સેન્ટ્રલ ઝોન, મધ્યસ્થ કચેરી તરફથી માહિતી પૂરી પાડવામાં આવેલ છે તેવુ અરજદારે જણાવેલ હોય કાર્યપાલક ઈજનેરશ્રી વેસ્ટ ઝોન/ કતારગામ ઝોન/ વરાછા ઝોન/ સાઉથ ઝોન/ લિંબાયત ઝોન/ અઠવા ઝોન પ્રતિ અરજદારની તા.૨૪/૦૪/૧૩ ની અરજીના મુદ્દાઓ પરત્વે લાગત માહિતી પૂરી પાડવા તા.૩૦/૦૫/૨૦૧૩ ના રોજ અરજદાર દ્વારા કરવામાં આવેલ અપીલ અરજી પત્ર નં.પીએચડી/પીઓ/આરટીઆઈ/અપીલ/૨૩ તા.૦૬/૦૬/૧૩ થી તબદીલ કરવામાં આવેલ છે. જયારે અરજદારની આર.ટી.આઈ એકટ હેઠળની મુળ અરજીના અનુસંધાને જાહેર માહિતી અધિકારી અને મુખ્ય આરોગ્ય નિરીક્ષકશ્રી જન્મ–મરણ(મધ્યસ્થ)કચેરી પ્રતિ અપીલ અરજી સંદર્ભે પુર્તતા રીપોર્ટ કે અન્ય કોઈ રજુઆત હોય તો તે દિન–૫ માં મોકલવા બાબતે આરોગ્ય મહેકમ વિભાગ તરફથી પત્ર નં.પીએચડી/પીઓ/ આરટીઆઈ/અપીલ/ ૨૧ તા.૦૬/૦૬/૧૩ થી જણાવવામાં આવેલ હતું જે અન્વયે જાહેર માહિતી અધિકારી અને મુખ્ય આરોગ્ય નિરીક્ષકશ્રી જન્મ–મરણ(મધ્યસ્થ)કચેરી તરફથી પુર્તતા રીપોર્ટ સાથે અરજદારને આપેલ માહિતીની નોંધ વિભાગ સહિતની નકલ મોકલવામાં આવેલ છે જે મુજબ અરજદારની મુળ અરજીનો પ્રત્યુત્તર જાહેર માહિતી અધિકારી અને મુખ્ય આરોગ્ય નિરીક્ષકશ્રી જન્મ–મરણ(મધ્યસ્થ) કચેરી દ્વારા પત્ર.નં.પીએચડી/એમ.આર/૮૧ તા.૧૭/૦૫/૨૦૧૩ થી સમયમર્યાદામાં પુરો પાડવામાં આવેલ હોવાનું જણાય છે.

## –:: હુકમ ::–

અરજદારની મુળ અરજી,અપીલ અરજીની ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતા નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૨૪/૦૪/૨૦૧૩ ની અરજીનાં મુદ્દાઓ પરત્વે માંગેલ માહિતી જાહેર માહિતી અધિકારી અને મુખ્ય આરોગ્ય નિરીક્ષકશ્રી જન્મ–મરણ(મધ્યસ્થ)કચેરી તરફથી નિયત સમય મર્યાદામાં પુરી પાડવામાં આવેલ છે, તથા બાકીના ઝોનમાંથી બાકી રહેલ લાગત માહિતી સબબ અરજદારની અપીલ અરજી અરજદારની જાણ હેઠળ સંબધિત અધિકારીશ્રી પ્રતિ તબદીલ કરેલ છે. જેથી આ બાબતે વધુ કોઈ હુકમ કરવાનો રહેતો ન હોય અપીલ અરજી દફતરે કરવામાં આવે છે.

નં.પીએચડી/પીઓ/આરટીઆઈ/અપીલ/
તા. /૦૬/૨૦૧૩

આરોગ્ય અધિકારી અને
એપેલેટ ઓફિસર
સુરત મહાનગરપાલિકા.

# સુરત મહાનગરપાલિકા

RIGHT TO INFORMATION

અપીલ અરજી.FAP/20 .
આઈ.ડી.નં.૧૦૧.
તા.૦૪/૦૬/૨૦૧૩.

અરજદાર ::– શ્રી રમેશ કે. જાંગીડ.

સામાવાળા ::– ચીફ ફુડ ઈન્સ્પેકટર અને જાહેર માહિતી અધિકારી, સુરત મહાનગરપાલિકા.

ફરિયાદની હકીકત ::–

વિષય ::– આરટીઆઈ એકટ હેઠળ તા.૨૦/૦૪/૨૦૧૩ ની અરજી આઈ.ડી.નં.૧૬૮ ના અનુસંધાનમાં નમુનો 'ક' રજુ કર્યાના ૩૦ દિવસમાં નમુના 'ક' કે 'ગ' માં પ્રતિભાવ મળેલ ન હોવાનું જણાવી તા.૦૪/૦૬/૨૦૧૩ ના રોજ કરવામાં આવેલ અપીલ અરજી બાબત.

શ્રી રમેશ કે. જાંગીડ તરફથી તા.૨૭/૦૬/૨૦૧૨ ની અરજી સાથે તા.૦૭/૦૬/૧૨ નો બિડાણ કરેલ પત્ર મુજબની માહિતી માંગેલ હતી. જે નિયત સમયમર્યાદામાં પ્રત્યુત્તર મળેલ ન હોવાનું જણાવી તા. ૩૧/૦૭/૧૨ ના રોજ અપીલ અરજી કરેલ છે. જે આરોગ્ય ખાતા હસ્તકના ફુડ વિભાગને લાગત જણાય છે. જે મુદ્દાથી માંગેલ માહિતી ની વિગત નીચે મુજબ છે.

મુદ્દા નં. ૧ :– છેલ્લા પાંચ વર્ષમાં મનપાના આરોગ્ય તથા ફુડ વિભાગ ધ્વારા આપવામાં આવેલ હંગામી લાયસન્સની સંસ્થાનુ નામ,સંસ્થા માલિકનું નામ, સરનામુ,હંગામી લાયસન્સની સમય મર્યાદા સહિતની વિગતવાર માહિતી આપશો.

મુદ્દા નં. ૨ :– શહેરમાં વેચાણ કરતી કેરીના રસની સંસ્થાઓ પૈકીની જે જે સંસ્થાઓને આપના વિભાગે પ્લાસ્ટિક પેકીંગમાં રસનુ વેચાણ કરવા અંગેની પરમીશન આપી હોય (NON ISI) તેવી સંસ્થાઓના નામ, પરમીશન આપ્યા તારીખ તથા તેની સમયમર્યાદા સહિતની વિગતવાર માહિતી આપશો.

મુદ્દા નં. ૩ :–આપના વિભાગ તરફથી હંગામી લાયસન્સ આપ્યા બાદ સદર સંસ્થાઓ પૈકીની જે જે સંસ્થાઓમાંથી આપના વિભાગે (આરોગ્ય તથા ફુડ વિભાગે) તેમા વેચાણ થતી ફુડ પ્રોડકટસનુ સેમ્પલ લીધુ હોય તે સંસ્થાનુ નામ, સરનામાં, સેમ્પલ લીધા તારીખ સહિતની વિગતવાર માહિતી આપશો. તથા લીધેલા આ સેમ્પલ પૈકીના જે જે સેમ્પલ પાસ થયા હોય તેવી સંસ્થાની વિગતવાર માહિતી આપશો.(છેલ્લા પાંચ વર્ષની)

મુદ્દા નં. ૪ :– લીધેલ આ સેમ્પલ પૈકીના જે જે સેમ્પલ ફેઈલ થયા હોય તે સેમ્પલવાળી સંસ્થાઓ વિરૂધ્ધ આપના વિભાગે કરેલ કાર્યવાહીની નકલો સહિતની વિગતવાર માહિતી આપશો.

ઉપરોકત મુદ્દાની વિગતે ચકાસણી કરતા મુદ્દા આધારીત માહિતી ચીફ ફુડ ઈન્સ્પેકટર અને જાહેર માહિતી અધિકારીશ્રી, સુરત મહાનગરપાલિકા તરફથી નં.પીએચડી/ફુડ/૨૭૫ તા.૩૦/૦૫/૨૦૧૩ થી સમય મર્યાદાબાદ પુરી પાડવામાં આવેલ જણાય છે. જયારે ચીફ ફુડ ઈન્સ્પેકટર અને જાહેર માહિતી અધિકારીશ્રીએ અરજદારને પુરી પાડવામાં આવેલ માહિતી પરત્વે નિયત સમયમર્યાદામાં પ્રત્યુત્તર મળેલ ન હોવાનું જણાવી તા. ૩૧/૦૭/૧૨ ના રોજ અપીલ અરજી કરેલ છે. અપીલ અરજી તબકકે મજકુર અરજદારને રૂબરૂ સુનાવણી અર્થે અનુક્રમે તા.૧૨/૦૭/૨૦૧૩ ના રોજ આરોગ્ય અધિકારી અને અપીલ અધિકારી સુ.મ.ન.પા.ની આરોગ્ય ખાતાની મુગલીસરા, સુરતની કચેરીમાં હાજર રહેવા જણાવવામાં આવેલ હતું પરંતુ અરજદાર સુનાવણી અર્થે રૂબરૂ હાજર રહી શકયા ન હતા, ત્યાર બાદ રૂબરૂ સુનાવણી અર્થે અરજદારને ફરી તા.૨૬/૦૭/૨૦૧૩ ના રોજ હાજર રહેવા જણાવવામાં આવેલ હતું પરંતુ આરોગ્ય અધિકારી અને અપીલ અધિકારી સદર દીને અન્ય કામમાં રોકાયેલ હોવાથી અપીલ અરજી પરત્વેની સુનાવણી થઈ શકેલ ન હોવાથી ફરીથી અરજદારને તા.૦૭/૦૮/૨૦૧૩ના રોજ તેઓની અપીલ અરજી પરત્વે આરોગ્ય અધિકારી અને અપીલ અધિકારી સમક્ષ હાજર રહેવા જણાવેલ હતું તે મુજબ અરજદાર ઉકત સ્થળે રૂબરૂ સુનાવણી અર્થે હાજર રહયા હતા.

**–:: હુકમ ::–**

અરજદારની મુળ અરજી, અપીલ અરજી સંદર્ભે થયેલ રૂબરૂ સુનાવણી તથા અરજદાર ધ્વારા કરેલ રજુઆત ધ્યાને લઈ અરજદારની તા.૨૦/૦૪/૧૩ની અરજીથી માંગવામાં આવેલ માહિતી પરત્વે કેરીના રસ અંગે કોઈ હંગામી લાયસન્સ આપવામાં આવેલ નથી પરંતુ મેંગો મીલ્ક શેકને લાયસન્સ આપેલ હોય તો તે અનુસાર તથા મુદ્દા નં.૧ થી ૪ ની રેકર્ડ આધારિત માહિતી જાહેર માહિતી અધિકારી અને ફુડ ઈન્સ્પેકટરશ્રીએ દિન – ૭ માં અત્રેની કચેરીની જાણ હેઠળ અરજદારને પુરી પાડવા જણાવવામાં આવે છે. તેમજ ભવિષ્યમાં આર.ટી.આઈ.એકટ હેઠળની અરજીનો નિયત સમય મર્યાદામાં નિકાલ કરવા તાકીદ કરવામાં આવે છે.

નં.પીએચડી/પીઓ/આરટીઆઈ/અપીલ/
તા. /૦૮/૨૦૧૩

આરોગ્ય અધિકારી અને
એપેલેટ ઓફિસર
સુરત મહાનગરપાલિકા.

RIGHT TO INFORMATION

# સુરત મહાનગરપાલિકા

અપીલ અરજી.
આઈ.ડી.નં.–૧૧૮
તા.૧૯/૬/૨૦૧૩

અરજદાર ::–શ્રી સુરેશ એમ પટેલ.

સામાવાળા ::–આરોગ્ય અધિકારી અને એપેલેટ ઓફિસરશ્રી,સુરત મહાનગરપાલિકા.

ફરીયાદની હકીકતઃ–

વિષયઃ–આર.ટી.આઈ.એકટ હેઠળ શ્રી સુરેશ એમ પટેલની તા.૧૬/૦૫/૨૦૧૩ ની અરજીના અનુસંધાને માંગ્યા મુજબની માહિતી જાહેર માહિતી અધિકારી તરફથી સમયમર્યાદામાં આપવામાં આવેલ ન હોવાનું જણાવી તા.૧૯/૦૬/૨૦૧૩ ના રોજ કરેલ અપીલ અરજી બાબતે.

સંદર્ભ ::–અરજદાર મજકુરની પ્રથમ અપીલ SMC/PHD/FAP/23/DT.20/06/2013.

અરજદારશ્રીએ તા.૧૬/૦૫/૨૦૧૩ના રોજ (આઈ.ડી.નં.૩૮૭) થી ધોળકીયા ગાર્ડનની સામે આવેલ નવા મોહલ્લામાં રહેણાંકવાળી મિલ્કતમાં લુમ્સ (કાપડના) કારખાના બંધ કરવા માટે મોહલ્લાવાસીઓ ધ્વારા કરવામાં આવેલ ફરીયાદ બાબતની પાંચ મુદ્દાની માહિતી અંગની તા.૧૬/૦૫/૨૦૧૩ ની મુળ અરજી ડે.ઈજનેરશ્રી અને જાહેર માહિતી અધિકારીશ્રી સેન્ટ્રલ ઝોનનાં પત્ર નં.સે.ઝોન/આરટીઆઈ/જાવક/૫૯૯ તા.૨૦/૦૫/૨૦૧૩ થી આરોગ્ય અધિકારીશ્રી,કાર્યપાલક ઈજનેરશ્રી કતારગામ ઝોનને તબદીલ કરેલ જે આરોગ્ય મહેકમ વિભાગને નં.જીએડી/ઈએસટી/પીએચ/આરટીઆઈ/૪૮ તા.૨૭/૦૫/૨૦૧૩ ના રોજ મળેલ છે.

અરજદારની તા.૧૬/૦૫/૨૦૧૩ની આર.ટી.આઈ.ની અરજી સંદર્ભે આરોગ્ય મહેકમ વિભાગ તરફથી પત્ર નં.પીએચડી/પીઓ/આરટીઆઈ/૩૫ તા.૩૧/૦૫/૨૦૧૩ થી જાહેર માહિતી અધિકારીશ્રી અને સેનેટરી ઈન્સ્પેકટર (પ્રોસીકયુશન) આરોગ્ય વિભાગને માહિતી પુરી પાડવા તબદીલ કરવામાં આવેલ.ત્યાર બાદ ઉકત અરજી પરત્વેની માહિતી બાબતે જાહેર માહિતી અધિકારીશ્રી અને સેનેટરી ઈન્સ્પેકટર (પ્રોસીકયુશન) આરોગ્ય વિભાગ તરફથી અરજદારની તા.૧૬/૦૫/૨૦૧૩ની આર.ટી.આઈ.ની અરજી પરત્વેની માહિતી તેઓના અધિકારક્ષેત્રમાં આવતી ન હોય અન્ય સત્તા મંડળના અધિકારક્ષેત્રમાં આવતી હોવાનું જણાવી જાહેર માહિતી અધિકારીશ્રી અને સેનેટરી ઈન્સ્પેકટર (પ્રોસીકયુશન) આરોગ્ય વિભાગ તરફથી ડે.ઈજનેરશ્રી અને જાહેર માહિતી અધિકારીશ્રી કતારગામ ઝોનને અરજદારની આર.ટી.આઈ.ની અરજી પરત્વેની માહિતી પુરી પાડવા પત્ર.નં.જાવક નં.પીએચડી/પીઆઈ/૭૫ તા.૦૪/૦૬/૨૦૧૩ થી તબદીલ કરવામાં આવેલ હોવાનુ જણાય છે.

આમ અરજદારની અપીલ તબકકે કરેલ રજુઆત તથા જાહેર માહિતી અધિકારીશ્રી અને સેનેટરી ઈન્સ્પેકટર (પ્રોસીકયુશન) આરોગ્ય વિભાગ તરફથી ઉપર જણાવ્યા મુજબની હકીકતને ધ્યાને લેતા નીચે મુજબનો હુકમ કરી અપીલ અરજીનો નિકાલ કરવામાં આવે છે.

## –:: હુકમ ::–

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાનીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૧૬/૦૫/૨૦૧૩ ની અરજીના મુદ્દાઓ પરત્વેની માંગેલ માહિતી પરત્વે જાહેર માહિતી અધિકારીશ્રી અને સેનેટરી ઈન્સ્પેકટર (પ્રોસીકયુશન) આરોગ્ય વિભાગ તરફથી માંગેલ માહિતી તેઓના અધિકારક્ષેત્રમાં આવતી ન હોય તથા અન્ય સત્તા મંડળના અધિકારક્ષેત્રમાં આવતી હોવાથી  સંબંધિત સત્તા મંડળ ડે.ઈજનેર અને જાહેર માહિતી અધિકારીશ્રી કતારગામ ઝોન પ્રતિ માહિતીનો અધિકાર નિયમ ૪(૨) મુજબ  અરજી અરજદારશ્રીની જાણ હેઠળ તબદીલ કરવામાં આવેલ હોવાનું જણાય છે. આમ, અરજદારની અપીલ અરજી  પરત્વે બીજી કોઈ વધારાની કાર્યવાહી કરવાની રહેતી ન હોય અપીલ અરજી દફતરે કરવામાં આવે છે.

નં.પીએચડી/પીઓ/આરટીઆઈ/અપીલ/
તા.     /૦૬/૨૦૧૩

આરોગ્ય અધિકારી અને
એપેલેટ ઓફિસરશ્રી
સુરત મહાનગરપાલિકા.

# સુરત મહાનગરપાલિકા

અપીલ અરજી. **FAP/25.**
આઈ.ડી.નં.–
તા.૧૫/૦૬/૨૦૧૩

અરજદાર ::– શ્રી પ્રકાશભાઈ એમ. પટેલ.

સામાવાળા ::– જાહેર માહિતી અધિકારી અને મેડીકલ ઓફિસરશ્રી (આઈ.સી.ડી.એસ.), સુરત મહાનગરપાલિકા.

ફરિયાદની હકીકત ::–

વિષય ::– આરટીઆઈ એકટ હેઠળની (આઈ.ડી.નં.૨૨૫) તા.૨૯/૦૪/૨૦૧૩ ની મૂળ અરજીના અનુસંધાને પુરી પાડવામાં આવેલ માહિતી બાબતે જાહેર માહિતી અધિકારીના નિર્ણયથી નારાજ(**નારાજગીનું કારણ જણાવેલ નથી**) થઈ આરોગ્ય અધિકારી અને અપીલ અધિકારીશ્રીને તા.૧૫/૦૬/૧૩ના રોજ અપીલ અરજી કરવામાં આવેલ છે.

સંદર્ભ ::– અરજદાર મજકુરની અપીલ નં. **SMC/PHD/FAP/25/ DT.29/06/2013.**

શ્રી પ્રકાશભાઈ એમ પટેલ તરફથી આરટીઆઈ એકટ હેઠળ તા.૨૯/૦૪/૨૦૧૩ની અરજીથી કુલ અગીયાર મુદ્દાની માહિતી માંગેલ હતી. જે પૈકીના અપીલ અરજીનાં તમામ મુદ્દાઓ આરોગ્ય ખાતા હસ્તકના આઈ.સી.ડી.એસ વિભાગને લાગત જણાય છે. જે મુદ્દાથી માંગેલ માહિતીની વિગત નીચે મુજબ છે.

**મુદ્દા નં.૧**:– સુરત મહાનગરપાલિકામાં હાલમાં ૨૦૧૨ અને ૨૦૧૩ માં કુલ કેટલી આંગણવાડીઓ કાર્યરત છે ?

**મુદ્દા નં.૨** :– સુરત મહાનગરપાલિકામાં હાલમાં ૨૦૧૨ અને ૨૦૧૩ માં કુલ કેટલી મીની આંગણવાડીઓ કાર્યરત છે ?

**મુદ્દા નં.૩**:–સુરત મહાનગરપાલિકામાં એક આંગણવાડી કુલ કેટલી વસ્તીમાં આપવામાં આવેલ છે ?

**મુદ્દા નં.૪**:–સુરત મહાનગરપાલિકામાં " વસ્તી દીઠ " કેટલી આંગણવાડી મંજુર કરવામાં આવેલ છે ?

**મુદ્દા નં.૫**:–સુરત મહાનગરપાલિકામાં " વસ્તી દીઠ " કેટલી મીની આંગણવાડી મંજુર કરવામાં આવેલ છે ?

**મુદ્દા નં.૬**:–સુરત મહાનગરપાલિકાએ વર્ષ ૨૦૧૨ અને ૨૦૧૩ માં મીની આંગણવાડી જે વિસ્તારમાં ચાલે છે તે વિસ્તારમાં વસ્તી વધી હોય તેવા વિસ્તારમાં મોટી આંગણવાડીમાં ફેરબદલ કરેલ હોય તેવી આંગણવાડીનું લિસ્ટ વિગતવાર આપવું.

**મુદ્દા નં.૭**:–સુરત મહાનગરપાલિકામાં વસ્તી વધી હોય પરંતુ મીની આંગણવાડીને ફેરબદલ ન કરેલ હોય તેવી મીની આંગણવાડીનું લિસ્ટ આપવું.

**મુદ્દા નં.૮**:–સુરત મહાનગરપાલિકામાં કેટલી આંગણવાડી ભાડા ઉપર ચાલે છે અને માસિક ભાડું કેટલું છે તેની વિગતવાર માહિતી આપવી.

**મુદ્દા નં.૯**:–સુરત મહાનગરપાલિકામાં પોતાની (પાકી) આંગણવાડી કેટલી છે અને નવી કેટલી બનવાની છે અને કેટલા સમય સુધીમાં બનવાની છે તેની વિગતવાર માહિતી આપવી.

**મુદ્દા નં.૧૦**:–સુરત મહાનગરપાલિકામાં EWS કવાર્ટસમાં જે આંગણવાડી ચાલે છે તેનું ભાડું ૨૦૧૦ થી ૨૦૧૨ સુધી મળેલ છે. અને અત્યારે હાલમાં તે ભાડું બંધ કરેલ છે તો તેની વિગતવાર માહિતી આપવી

**મુદ્દા નં.૧૧**:–સુરત મહાનગરપાલિકામાં હાલમાં ચાલતી આઈ.સી.ડી.એસ. ની યોજનામાં છેલ્લી સુપરવાઈઝરની ભરતી (જગ્યાઓ) કયારે ભરવામાં આવી અને કેટલી સંખ્યામાં લીધેલ છે અને સુપરવાઈઝરની ભરતીમાં (પોસ્ટ માટે) કેટલી શૈક્ષણિક લાયકાત તેમજ કેટલા અનુભવની લાયકાત જોઈએ છે તેની વિગતવાર માહિતી આપવી.

**મુદ્દા નં.૧૨**:–સુરત મહાનગરપાલિકામાં હાલમાં આઈ.સી.ડી.એસ. યોજનામાં સુપરવાઈઝરની જગ્યાઓ કેટલી ખાલી પડેલ છે.તો તેની વિગતવાર માહિતી આપવી.

અરજદારની તા.૨૯/૦૪/૧૩ની મૂળ અરજીના અનુસંધાને જાહેર માહિતી અધિકારીશ્રી અને મેડીકલ ઓફિસરશ્રી આઈ.સી.ડી.એસ તરફથી અરજદારને પત્ર નં.એસ.એમ.સી./આઈ.સી.ડી.એસ/આઉટવર્ડ/૪૫ તા.૨૮/૦૫/૨૦૧૩ થી સમય મર્યાદામાં માહિતી પુરી પાડેલ હોવાનું જણાય છે. મજકુર અરજદારે તા.૧૫/૦૬/૨૦૧૩ ના રોજ અપીલ અરજી કરેલ છે, પરંતુ તેમાં તા.૨૯/૦૪/૧૩ની મૂળ અરજીના અનુસંધાને જાહેર માહિતી અધિકારી અને મેડીકલ ઓફિસરશ્રી આઈ.સી.ડી.એસ તરફથી પુરી પાડવામાં આવેલ માહિતી બાબતે કઈ બાબતે નારાજગી છે તેમ કોઈ કારણ દર્શાવેલ ન હોવાનું જણાતાં અરજદારને આર.ટી.આઈની નમુના 'ક' માં મળેલ પ્રતિભાવથી કયા કારણસર નારાજ થયા છો તે બાબતે આધાર/પુરાવા સહિતની વિગતો જણાવવા આરોગ્ય મહેકમ વિભાગમાંથી પત્ર નં.પીએચડી/પીઓ/આરટીઆઈ/અપીલ/૩૮ તા.૦૮/૦૭/૨૦૧૩ થી જણાવવામાં આવેલ પરંતુ અરજદાર ધ્વારા કોઈ પ્રત્યુત્તર મળેલ હોવાનુ જણાતું ન હોય નારાજગીનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. તેમજ જાહેર માહિતી અધિકારીશ્રીએ પોતાના ખાતાની અરજદારને માંગ્યા મુજબની તમામ માહિતી પુરી પાડવામાં આવેલ હોવાનુ જણાવેલ છે.

અરજદારની તા.૨૯/૦૪/૨૦૧૩ ની અરજીનાં મુદ્દાઓ પરત્વે જાહેર માહિતી અધિકારીશ્રીની ઉપરોકત રજુઆત ધ્યાને લેતા જાહેર માહિતી અધિકારી ધ્વારા ઉપરોકત વિગતે દફતરી ઉપલબ્ધ માહિતી નિયત સમયમર્યાદામાં પુરી પાડવામાં આવેલ છે.જયારે અરજદાર ધ્વારા અપીલ અરજીમાં મળેલ પ્રતિભાવથી કયા કારણસર નારાજ છે તે જણાવેલ નથી જે બાબતે ઉપરોકત વિગતે અપીલ તબકકે નારાજગીનુ કારણ રજુ કરવા જણાવેલ હોવા છતાં અરજદાર તરફથી કોઈ વિગત રજુ થયેલ નથી, વિગેરે બાબત ધ્યાને લેતા નીચે મુજબનો હુકમ કરી અપીલ અરજીનો નિકાલ કરવામાં આવે છે.

## –:: હુકમ ::–

અરજદારશ્રીને જાહેર માહિતી અધિકારીશ્રી ધ્વારા ઉપલબ્ધ રેકર્ડની માહિતી પુરી પાડતો પ્રત્યુત્તર સમયમર્યાદામાં પાઠવેલ હોય અપીલ સંદર્ભે વધુ કોઈ કાર્યવાહી કરવાની બાકી રહેતી ન હોય અપીલ અરજી દફતરે કરવામાં આવે છે.

નં.પીએચડી/પીઓ/આરટીઆઈ/અપીલ/
તા.   /૦૭/૨૦૧૩

આરોગ્ય અધિકારી અને
એપેલેટ ઓફિસર
સુરત મહાનગરપાલિકા.

RIGHT TO INFORMATION

# સુરત મહાનગરપાલિકા

નં.પીએચડી/પીઓ/આરટીઆઈ/અપીલ/
તા. /૦૮/૨૦૧૩

પ્રતિ,
શ્રી મહેન્દ્રકુમાર બી. પંચાલ.

**વિષયઃ–** આર.ટી.આઈ.એકટહેઠળની(આઈ.ડી.નં.૩૪૫)તા.૧૩/૦૫/૨૦૧૩ ની મૂળ અરજીના અનુસંધાને પુરી પાડવામાં આવેલ માહિતી બાબતે.

**સંદર્ભઃ–** (૧) આપની અપીલ તા.૩૦/૦૫/૨૦૧૩ ની SMC/PHD/FAP/NO/15.
(૨) અત્રેનો હુકમ નં.પીએચડી/પીઓ/આરટીઆઈ/અપીલ/૩૧ તા.૨૧/૦૬/૧૩
(૩) આપની ફરીથી કરેલ અપીલ તા.૦૫/૦૭/૨૦૧૩ની SMC/PHD/FAP/NO/29.

ઉપરોકત વિષયના સંદર્ભ–૩ અન્વયે જણાવવાનું કે આપની તા.૩૦/૦૫/૧૩ ની અરજી બાબતે કરેલ અપીલ અરજી નં. SMC/PHD/FAP/NO/15 ના અનુસંધાને નં.પીએચડી/પીઓ/આરટીઆઈ/અપીલ/૩૧ તા.૨૧/૦૬/૧૩ થી યોગ્ય તે હુકમ કરવામાં આવેલ છે. જેની નકલ રેડી રેફરન્સ સારૂ આ સાથે સામેલ કરેલ છે.

આર.ટી.આઈ. એકટ હેઠળની અરજી અંગે કરવામાં આવેલ પ્રથમ અપીલ હુકમ કે તેની અમલવારી બાબતે આપ નારાજ કે અસંતુષ્ટ હોય તો આર.ટી.આઈ.ની કલમ–૧૯(૩) હેઠળ રાજય માહિતી આયોગ ગુજરાત રાજય સેકટર–૧૮, ગાંધીનગરને પ્રથમ અપીલના હુકમથી દીન–૯૦માં નામદાર આયોગની બીજી અપીલ કરવા અથવા કલમ–૧૮ હેઠળ ફરીયાદ કરવાની જોગવાઈ છે. જે જાણશોજી.

આરોગ્ય અધિકારી અને
એપેલેટ ઓફિસર
સુરત મહાનગરપાલિકા.

# સુરત મહાનગરપાલિકા

અપીલ અરજી નં. **FAP/27 Dt.09/07/2013**
આઈ.ડી.નં. ૫૧૧
તા.૦૧/૦૭/૨૦૧૩

અરજદાર ::– શ્રી આશીત જીતેન્દ્રભાઈ ગાંધી.

સામાવાળા ::– (૧) એડી. માર્કેટ સુપ્રિન્ટેન્ડન્ટ અને જાહેર માહિતી અધિકારીશ્રી, (માર્કેટ વિભાગ)સુરત મહાનગરપાલિકા.

ફરિયાદની હકીકત ::–

વિષય ::– શ્રી આશીત જીતેન્દ્રભાઈ ગાંધી તરફથી આરટીઆઈ એકટ હેઠળ(આઈ.ડી.નંબર–૫૧૧) તા.૦૩/૦૬/૨૦૧૩ની મુળ અરજી પરત્વે કુલ ૦૪ મુદ્દાઓની માહિતી માંગેલ હતી જે મુદ્દાઓની માહિતી આપનાર માહિતી અધિકારીના અપૂરતા જવાબ થી નારાજ થયેલ હોવાનું જણાવી તા.૦૧/૦૭/૨૦૧૩ ના રોજ અપીલ અરજી કરેલ છે. જે મુદ્દાથી માંગેલ માહિતીની વિગત નીચે મુજબ છે.

**મુદ્દા નં. ૧:–** વર્ષ ૨૦૧૩–૧૪માં મટન માર્કેટ ચલાવવા થયેલા ઠરાવની નકલ આપવી.

**મુદ્દા નં. ૨ :–** વર્ષ ૨૦૧૩–૧૪માં મટન માર્કેટ નિભાવવા મંજુર થયેલા અંદાજપત્રોની નકલ આપવી.

**મુદ્દા નં. ૩ :–** વર્ષ ૨૦૧૩–૧૪માં મટન માર્કેટ દીઠ વેચાણકર્તાઓ ની વેચાણ વસ્તુ આધારિત સંખ્યા જણાવવી.

**મુદ્દા નં. ૪ :–** વર્ષ ૨૦૧૩–૧૪માં મટન માર્કેટ નિભાવવા મંજુર થયેલી રકમ જણાવશો. તેમજ આ માર્કેટ નિભાવવા થયેલો ખરેખરો ખર્ચ જણાવશો. મટન માર્કેટો દીઠ મેળવેલી ખરેખરી આવક જણાવશો. (કોષ્ટકના ઉદાહરણ મુજબ).

અરજદારની આર.ટી.આઈ એકટ હેઠળની તા.૦૩/૦૬/૨૦૧૩ ની મુળ અરજીના અનુસંધાને એડી. માર્કેટ સુપ્રિન્ટેન્ડન્ટ અને જાહેર માહિતી અધિકારીશ્રી, (માર્કેટ વિભાગ) પ્રતિ અપીલ અરજી સંદર્ભે આરોગ્ય મહેકમ વિભાગ ધ્વારા પત્ર નં.પીએચડી/પીઓ/ આરટીઆઈ/ અપીલ/૩૯ તા.૦૯/૦૭/૨૦૧૩ થી પુર્તતા રીપોર્ટ કે અન્ય કોઈ રજુઆત હોય તો તે દિન–૫ માં મોકલી આપવા જણાવેલ જે અન્વયે માર્કેટ સુપ્રિન્ટેન્ડન્ટ અને જાહેર માહિતી અધિકારીશ્રી તરફથી અપીલ અરજી તબકકે પુર્તતા રીપોર્ટ પત્ર.નં.પીએચડી/ માર્કેટ/૫૩૭ તા.૦૯/૦૭/૨૦૧૩ થી આરોગ્ય મહેકમ વિભાગને મોકલવામાં આવેલ જે તા.૧૦/૦૭/૧૩ ના રોજ આરોગ્ય મહેકમ વિભાગને પ્રાપ્ત થયેલ છે.

એડી. માર્કેટ સુપ્રિન્ટેન્ડન્ટ અને જાહેર માહિતી અધિકારીશ્રીએ તેમના પુર્તતા રીપોર્ટમાં જણાવ્યા મુજબ આર.ટી.આઈ. ની મૂળ અરજી પરત્વેના મુદ્દાઓ પરત્વેની માહિતી તેઓના કાર્યક્ષેત્રમાં આવતી ન હોય અને તે અન્ય જાહેર સત્તામંડળનાં અધિકારક્ષેત્રમાં આવતી હોવાનું જણાવી અરજદારને માહિતી પૂરી પાડવા તમામ ઝોનનાં જાહેર માહિતી અધિકારી અને નાયબ આરોગ્ય અધિકારીશ્રીઓને પત્ર.નં.પીએચડી/માર્કેટ/૩૫૮ તા.૦૭/૦૬/૨૦૧૩ થી સમયમર્યાદામાં તબદીલ કરવામાં આવેલ જણાય છે. અરજદારની અપીલ અરજીના સંદર્ભમાં મુદ્દા નં.૧ માં વર્ષ ૨૦૧૩–૧૪ માં મટન માર્કેટ ચલાવવા કોઈ ઠરાવ થયેલ ન હોય તેવી માહિતીની નકલ ઉપલબ્ધ નથી તેવુ જણાવેલ છે. મુદ્દા નં.૨ પરત્વે સુરત મહાનગરપાલિકા હદ વિસ્તારમાં આવેલ મટન માર્કેટો સેન્ટ્રલ ઝોન, વેસ્ટ (રાંદેર ઝોન) અને સાઉથ–ઈસ્ટ (લિંબાયત) ઝોનના તાબા હેઠળ આવેલ હોય આ માર્કેટોને નિભાવવા માટેના અંદાજપત્રો સદર ઝોનોની કચેરીમાં તૈયાર કરી મંજુર કરવામાં આવતા હોય તેવી નકલો સંબધિત ઝોન કચેરી મારફત મેળવી શકાશે તે બાબતની પુરક માહિતી પણ અપીલ અરજી તબકકે અરજદારને પુરી પાડવામાં આવેલ હોવાનું જણાય છે.

## –:: હુકમ ::–

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતા નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની આર.ટી.આઈ એકટ હેઠળની તા.૦૩/૦૬/૨૦૧૩ની અરજીથી માંગવામાં આવેલ માહિતીના મુદ્દાઓના અનુસંધાને જાહેર માહિતી અધિકારીશ્રી અને એડી. માર્કેટ સુપ્રિન્ટેન્ડન્ટ (માર્કેટ વિભાગ) ધ્વારા પત્ર.નં.પીએચડી/માર્કેટ/૩૫૮ તા.૦૭/૦૬/૨૦૧૩ થી તમામ ઝોનનાં જાહેર માહિતી અધિકારીશ્રી અને નાયબ આરોગ્ય અધિકારીશ્રીઓને લાગત માહિતી અરજદારને પુરી પાડવા સમયમર્યાદામાં અરજી તબદીલ કરવામાં આવેલ જણાય છે. તેમજ અપીલ અરજી તબકકે પણ અરજદારને પુરક માહિતી પુરી પાડવામાં આવેલ હોવાનુ જણાય છે.આમ અરજદારની અપીલ અરજી પરત્વે બીજી કોઈ વધારાની માહિતી આપવાની રહેતી ન હોય અપીલ અરજી દફતરે કરવામાં આવે છે.

નં.પીએચડી/પીઓ/આરટીઆઈ/અપીલ/
તા. /૦૭/૨૦૧૩

આરોગ્ય અધિકારી અને
એપેલેટ ઓફિસર
સુરત મહાનગરપાલિકા.

## સને ૨૦૧૩–૧૪

| અપીલ નં. /વર્ષ | માહિતીનું વિષય વસ્તુ | હુકમ નં.તારીખ |
|---|---|---|
| ૧૭<br>તા.૨૪/૦૭/૨૦૧૩ | આરટીઆઈ એકટ હેઠળ શ્રી રીઝવાન અહેમદ ઉસ્માની ની તા.૧૭/૦૫/૧૩ની અરજીથી સુ.મ.ન.પા. ના સાત ઝોનના પ્રત્યેક વોર્ડમાં કઈ કઈ જગ્યાએ ખાણી, પીણાની લારી તથા પાઠરણાવાળાઓની વિગેરે બાબતે કુલ ૧૩ જુદા–જુદા મુદ્દાઓની માહિતીની માંગણી કરતી અરજી બાબત. | પીએચડી/પીઓ/આરટીઆઈ/અપીલ/૬૦<br>તા.૨૭/૦૯/૧૩ |
| ૧૮<br>તા.૨૭/૦૮/૨૦૧૩ | આરટીઆઈ એકટ હેઠળ શ્રી નિર્મલકુમાર ઈંગલે ની તા.૦૧/૦૭/૨૦૧૩ ની અરજી (આઈ.ડી.નં.૭૧૭) બાબતે પાંડેસરા, ઉધના, લિંબાયત વિસ્તારમાં આવેલ હોસ્પિટલો અને ડિસ્પેન્સરીઓના બાયોવેસ્ટ કલેકશનની કામગીરી બાબતે મુદ્દા નં.૧ થી ૫ ની માહિતી આપવા બાબત. | પીએચડી/પીઓ/આરટીઆઈ/અપીલ/૫૯<br>તા.૨૫/૦૯/૧૩ |
| ૧૯<br>તા.૩૧/૦૮/૨૦૧૩ | આરટીઆઈ એકટ હેઠળ શ્રી નિર્મલકુમાર ઈંગલે ની તા.૦૧/૦૭/૨૦૧૩ ની અરજી (આઈ.ડી.નં.૭૧૭) બાબતે પાંડેસરા, ઉધના, લિંબાયત વિસ્તારમાં આવેલ હોસ્પિટલો અને ડિસ્પેન્સરીઓના બાયોવેસ્ટ કલેકશનની કામગીરી બાબતે મુદ્દા નં. ૫ ની માહિતી આપવા બાબત. | પીએચડી/પીઓ/આરટીઆઈ/અપીલ/૭૬<br>તા.૨૯/૧૧/૧૩ |
| ૨૦<br>તા.૦૪/૦૯/૨૦૧૩ | આરટીઆઈ એકટ હેઠળ શ્રી ધનસુખલાલ કનૈયાલાલ સુરતી ની તા.૧૭/૦૬/૨૦૧૩ ની અરજી (આઈ.ડી. નં.૬૧૨) થી તા.૦૧/૦૧/૨૦૧૩ ના રોજ કમિશ્નરશ્રીને ઉદેશીને કરેલ અરજી અનફીટ રાહે વર્ગ–૪ નાં કર્મચારીનાં આશ્રિતને વર્ગ–૪ માં નિમણુંક મેળવવા કર્મચારી ગં.સ્વ.ભાણીબેન ભીખીબેનની અરજી તથા નિયમ ૧૦૧/૯૯ ઠરાવનો ભંગ કરી લેવામાં આવેલ કર્મચારીનાં આશ્રિત વિગેરે બાબતે કુલ–૪ મુદ્દાની માહિતી આપવા બાબતે. | પીએચડી/પીઓ/આરટીઆઈ/અપીલ/૫૮<br>તા.૨૪/૦૯/૧૩ |
| ૨૧<br>તા.૦૫/૧૦ /૨૦૧૩ | આરટીઆઈ એકટ હેઠળ શ્રી જગતનારાયણ શર્મા ની તા.૧૮/૦૭/૨૦૧૩ની(આઈ.ડી.નં.૨૯૪/૬૦૦/૩૩૫૭) અરજીનાં મુદ્દા નં.૭ બાબતે તા.૧૭/૦૯/૨૦૧૩ થી ક્રાંતિ ક્રાઈમ ન્યુઝ અખબારમાં ઉધના ગામ ખાતે ભગવતી નગર સ્થિત ધરતી નમકીનની ફેકટરી અંગેના અહેવાલ બાદ કરવામાં આવેલ કાર્યવાહી તથા ચીફ ફુડ ઈન્સ્પેકટરની કામગીરી, વર્ક ડાયરી વિગેરે બાબતે ૧ થી ૭ મુદ્દાની માહિતી આપવા બાબત. | પીએચડી/પીઓ/આરટીઆઈ/અપીલ/૭૭<br>તા.૨૦/૧૨/૧૩ |
| ૨૨<br>તા.૧૭/૧૦/૨૦૧૩ | આરટીઆઈ એકટ હેઠળ શ્રી નરેશભાઈ નાનજીભાઈ બથવાર ની તા.૧૫/૦૭/૨૦૧૩ ની (આઈ.ડી.નં.૮૧૦) અરજીનાં મુદ્દા નં.૩ બાબતે તા.૧૩/૦૯/૨૦૧૩ ના રોજ અપીલ અરજી પરત્વે શ્રી કિરણ દોલતભાઈ દેસાઈ સને ૧૯૯૫ થી ૧૯૯૭ સુધી આર.પી.હોર્ટીકલ્ચર સર્વિસ પ્રાઈવેટ લીમીટેડમાં નોકરી કરેલ છે આ રીતે કિરણ દોલતભાઈ દેસાઈએ સુપરવાઈઝર તરીકે સદર ઈજારદારને ત્યાં નોકરી કરેલ હોય અને તા.૦૮/૦૮/૮૯ થી હંગામી ધોરણે એસ.એમ.સીમાં નોકરી કરતા હતા,બે જગ્યાએ કઈ રીતે નોકરી કરી શકે તે અંગેની માહિતી આપવા બાબતે. | પીએચડી/પીઓ/આરટીઆઈ/અપીલ/૭૧<br>તા.૧૨/૧૧/૧૩ |
| ૨૩<br>તા.૧૮/૧૦/૨૦૧૩ | આરટીઆઈ એકટ હેઠળ શ્રી કમલેશ જે માલી ની તા.૦૬/૦૯/૨૦૧૩ ની અરજીનાં મુદ્દા બાબતે મળેલ જવાબથી નારાજ થઈ તા.૧૧/૧૦/૨૦૧૩ ના રોજ કરેલ અપીલ અરજી પરત્વે મૂળ અરજીનાં મુદ્દા.નં.૧ અને ૨ અન્વયે સુરત મહાનગરપાલિકાની લેબોરેટરીને પી.એફ.એ. ની કલમ ૨૩(ee) મુજબ સરકારી ધોરણે નોટીફાઈડ કરેલ છે તે અંગેના દસ્તાવેજો તથા મુદ્દા.નં.૨ અન્વયે પી.એ.શ્રી રાય એ નિયમ ૬(૨) મુજબ બોર્ડની પરિક્ષા આપેલ હોય તો તેની માહિતી આપવા બાબત. | પીએચડી/પીઓ/આરટીઆઈ/અપીલ/૭૪<br>તા.૨૬/૧૧/૧૩ |

# સુરત મહાનગરપાલિકા

અપીલ અરજી નં. **SMC/PHD/FAP/31/2013-2014.**
**Dt.24/07/2013.**
આરોગ્ય મહેકમ વિભાગ.

અરજદાર ::–શ્રી રીઝવાન અહેમદ ઉસ્માની.

સામાવાળા ::–જાહેર માહિતી અધિકારીશ્રી માર્કેટ ખાતુ ,સુરત મહાનગરપાલિકા.

અરજદાર ધ્વારા તેઓની તા.૧૭/૦૫/૨૦૧૩ ની આઈ.ડી. નંબર વિનાની અરજીથી સુરત મહાનગરપાલિકાનાં જે સાત ઝોન આવેલા છે તે ઝોનનાં પ્રત્યેક વોર્ડમાં કઈ કઈ જગ્યાએ ખાણી, પીણાની લારી તથા પાથરણા વાળાઓની માહિતી વિગેરે બાબતે કુલ ૧૩ જુદા–જુદા મુદ્દાઓની માહિતીની માંગણી કરતી અરજી સામેલ રાખી એપેલેટ અધિકારીશ્રી માર્કેટ ખાતાને સંબોધીને તા.૧૨/૦૭/૨૦૧૩ થી "અમારી તા.૧૭/૦૫/૧૩ નાં પત્રમાં માંગેલ માહિતી આજ દિન સુધી આપેલ નથી" એમ જણાવી અપીલ અરજી કરેલ,સદરહુ અપીલ અરજી સંદર્ભે માર્કેટ વિભાગને માહિતી અધિકાર અધિનિયમ હેઠળની કોઈ અરજી મળેલ નથી કે તબદીલ થઈને આવેલ નથી તથા તે અરજી સંદર્ભે લાગત મુદ્દાઓની માહિતી વિવિધ ઝોનને લાગત હોય એમ જણાવી જરુરી કાર્યવાહી થવા એડી. માર્કેટ સુપ્રિન્ટેન્ડન્ટશ્રી ધ્વારા સેકશન ઓફિસરશ્રી આરોગ્ય પ્રતિ મોકલવામાં આવેલ હતી.

ઉપરોકત અરજી આરોગ્ય વિભાગને પણ મળેલ હોવાનું જણાતું ન હોય મુળ અરજી કયા વિભાગને પ્રાપ્ત થયેલ છે તે જાણી શકાતું ન હોય અપીલ અરજી પરત્વે કાર્યવાહી હાથ ધરી શકાય તેમ ન હોય સદર અરજી મહાનગરપાલિકાનાં કયા વિભાગ/ઝોન/સીવીક સેન્ટર પર અરજદારે જમાં કરાવેલ તે જણાવવાં સેકશન ઓફિસરશ્રી આરોગ્ય ધ્વારા પત્ર.નં.પીએચડી/પીઓ/આરટીઆઈ/અપીલ/૪૩ તા.૩૦/૦૭/૨૦૧૩ તથા યાદપત્ર નં.પીએચડી/પીઓ/આરટીઆઈ/અપીલ/૪૯ તા.૧૭/૦૮/૨૦૧૩ થી (રજીસ્ટર પોસ્ટ એ.ડી.)થી અરજદારશ્રીને જણાવવામાં આવેલ પરંતુ અરજદારશ્રી ધ્વારા કોઈ પણ પ્રકારનો પ્રત્યુત્તર પાઠવેલ ન હોય,અરજદારની અપીલ અરજી કાર્યપાલક ઈજનેરશ્રી તમામ ઝોન તથા જાહેર માહિતી અધિકારીશ્રી અને ચીફ ફુડ ઈન્સ્પેકટર ફુડ વિભાગ પ્રતિ અપીલ અરજી જરુરી કાર્યવાહી માટે અરજદારશ્રીની જાણ હેઠળ તબદીલ કરવામાં આવેલ છે.

આમ ઉપરોકત વિગતે માહિતી અધિકાર અધિનિયમ હેઠળ કોઈ અરજી માર્કેટ વિભાગને કે આરોગ્ય મહેકમ વિભાગને મળેલ નથી કે તબદીલ થઈને આવેલ નથી,જે સમગ્ર હકિકત ધ્યાને લેતાં અરજદારશ્રીની અપીલ અરજીમાં જણાવ્યાનુંસાર કોઈ નિર્ણય મળેલ નથી તે યોગ્ય જણાતું નથી તેમજ માહિતી પુરી નહી પાડવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

## –: હુકમ :–

અરજદારની ઉપરોકત વિગતેની તા.૧૭/૦૫/૨૦૧૩ થી આઈ.ડી.નંબર વિનાની અરજદારે અપીલ અરજી સાથે સામેલ કરેલ માહિતી અધિકાર અધિનિયમ અંતર્ગત કોઈ અરજી ઉકત વિગતે આરોગ્ય વિભાગને મળેલ નથી કે તબદીલ થઈને આવેલ નથી તથા અરજદારે કયા જાહેર માહિતી અધિકારીશ્રી/ઝોન/વિભાગને અરજી જમાં કરાવેલ છે તે બાબતે પુનરાવર્તીત ધોરણે પત્ર પાઠવી પૃચ્છા કરવા છતાં અરજદાર ધ્વારા કોઈ પ્રત્યુત્તર પાઠવવામાં આવેલ નથી તેમ છતાં અપીલ અરજી તમામ ઝોનનાં કાર્યપાલક ઈજનેરશ્રી તથા જાહેર માહિતી અધિકારીશ્રી અને ચીફ ફુડ ઈન્સ્પેકટર ફુડ વિભાગ પ્રતિ જરુરી કાર્યવાહી માટે તબદીલ કરવામાં આવેલ હોય, અપીલ અરજી સંદર્ભે વધુ કોઈ કાર્યવાહી કરવાની રહેતી ન હોય અરજી દફતરે કરવામાં આવે છે.

નં.પીએચડી/પીઓ/આરટીઆઈ/અપીલ/
તા. /૦૯/૨૦૧૩

આરોગ્ય અધિકારી અને
એપેલેટ ઓફિસર
સુરત મહાનગરપાલિકા.

# સુરત મહાનગરપાલિકા

અપીલ અરજી નં. SMC/PHD/FAP/32/2013. Dt.27/08/2013.
આરોગ્ય મહેકમ વિભાગ.

અરજદાર ::– શ્રી નિર્મલ કુમાર ઈંગલે.
સામાવાળા ::– સોલીડ વેસ્ટ મેનેજમેન્ટ વિભાગ, સુરત મહાનગરપાલિકા.

અરજદારશ્રી ધ્વારા તેઓની તા.૦૧/૦૭/૨૦૧૩ ની (આઈ.ડી.નં.૭૧૭) બાબતે મળેલ જવાબથી નારાજ થઈ તા.૨૮/૦૮/૨૦૧૩ ના રોજ અપીલ અરજી કરેલ છે. અરજદારે તેમની મૂળ અરજીમાં પાંડેસરા, ઉધના, લીંબાયત વિસ્તારમાં આવેલ હોસ્પિટલો અને ડીસ્પેન્સરીઓના બાયોવેસ્ટ કલેકશનની કામગીરી બાબતે ૧ થી ૫ મુદ્દાની માહિતીની માંગણી કરેલ.અરજદારની તા.૦૧/૦૭/૨૦૧૩ ની મુળ અરજી જે ડે.ઈજનેરશ્રી અને જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલ ઝોન ધ્વારા પત્ર નં.સે.ઝોન/આરટીઆઈ/જાવક/૧૦૯૨ તા.૦૬/૦૭/૨૦૧૩ થી પર્સોનેલ ઓફિસરશ્રી આરોગ્ય વિભાગને તબદીલ કરેલ હતી જે આરોગ્ય મહેકમ વિભાગની કચેરીને તા.૦૮/૦૭/૨૦૧૩ ના રોજ મળેલ છે.જે અનુસંધાને આરોગ્ય મહેકમ વિભાગ તરફથી અરજદારની જાણ હેઠળ પત્ર નં.પીએચડી/પીઓ/ આરટીઆઈ/૪૮ તા.૧૨/૦૭/૨૦૧૩ થી જાહેર માહિતી અધિકારી અને નાયબ આરોગ્ય અધિકારીશ્રી ઉધના ઝોન, લિંબાયત ઝોન તથા જાહેર માહિતી અધિકારી અને સોલીડ વેસ્ટ મેનેજમેન્ટ(સો.વે.મે.) વિભાગને અરજી સંપુર્ણ તબદીલ કરવામાં આવેલ હતી.

અરજદારને મળેલ માહિતી સંદર્ભે પ્રથમ અપીલ નં.CCC/C.ZONE/OUT/668 તા.૨૨/૦૮/૨૦૧૩ થી પાંડેસરા, ઉધના અને લિંબાયતમા આવેલ હોસ્પિટલો અને ડીસ્પેન્સરીથી કલેકટ કરતા બાયોવેસ્ટ બાબતની માહિતી આરોગ્ય મહેકમ વિભાગને લાગત ન હોવાનું જણાવી લિંબાયત ઝોનમાં તબદીલ કરવામાં આવેલ જે અરજી પરત્વે લિંબાયત ઝોનનાં નાયબ આરોગ્ય અધિકારીશ્રી તરફથી અત્રેના વિભાગને માહિતી લાગુ પડતી નથી તેમ જણાવેલ હોય નારાજ થઈ અપીલ અરજી કરેલ છે.

ઉપરોકત વિગતે ચકાસણી કરતાં આરોગ્ય મહેકમ વિભાગ તરફથી નાયબ આરોગ્ય અધિકારીશ્રી અને જાહેર માહિતી અધિકારી લીંબાયત ઝોન ઉપરાંત કાર્યપાલક ઈજનેરશ્રી અને જાહેર માહિતી અધિકારીશ્રી(સોલીડ વેસ્ટ મેનેજમેન્ટ) વિભાગને પણ અરજી તબદીલ કરવામાં આવેલ હોય જેના અનુસંધાને કાર્યપાલક ઈજનેરશ્રી અને જાહેર માહિતી અધિકારી સો.વે.મે. વિભાગ તરફથી અપીલ અરજી પરત્વે પુર્તતા રીપોર્ટ કે અન્ય કોઈ રજુઆત હોય તો પુરાવા સહિત માહિતી દિન–૫ માં મોકલી આપવા પત્ર નં.પીએચડી/પીઓ/આરટીઆઈ/અપીલ/૫૧ તા.૨૭/૦૮/૨૦૧૩ થી લેખિતમાં જણાવવામાં આવેલ હતું.

જે અન્વયે કાર્યપાલક ઈજનેરશ્રી અને જાહેર માહિતી અધિકારી સોલીડ વેસ્ટ મેનેજમેન્ટ વિભાગ ધ્વારા પત્ર નં.પીએચડી/ સો.વે.મે./આ.નં./૧૩૦૯ તા.૨૩/૦૮/૨૦૧૩ થી માહિતી અરજદારને પુરી પાડવામાં આવેલ હોવાનું જણાય છે.

વધુમાં અરજદાર ધ્વારા લીંબાયત ઝોનનાં પત્ર નં. સા.ઈ.ઝોન/આરોગ્ય/આ.નં./૫૨૮ તા.૧૯/૦૭/૧૩ ધ્વારા લિંબાયતમાં આવેલ હોસ્પિટલો અને ડીસ્પેન્સરીથી કલેકટ કરતા બાયોવેસ્ટ બાબતની માહિતી લાગુ પડતી નથી એમ પ્રશ્ન ઉપસ્થિત કરેલ હોય અપીલ અરજી અંગે ધટિત કાર્યવાહી સારૂ કાર્યપાલક ઈજનેરશ્રી અને અપીલ અધિકારી લિંબાયત ઝોન/ઉધના ઝોનને અપીલ અરજી પત્રનં.પીએચડી/પીઓ/આરટીઆઈ/અપીલ/૫૪ તા.૧૭/૦૯/૨૦૧૩ થી તબદીલ કરવામાં આવેલ છે.

## –:: હુકમ ::–

અરજદારની મુળ અરજી, અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૦૧/૦૭/૨૦૧૩ની અરજીથી માંગવામાં આવેલ માહિતી અન્વયે ઉપરોકત વિગતે કાર્યપાલક ઈજનેરશ્રી અને જાહેર માહિતી અધિકારી સોલીડ વેસ્ટ મેનેજમેન્ટ તરફથી અરજદારને માહિતી પુરી પાડવામાં આવેલ હોય આમ અરજદારની અપીલ અરજી પરત્વે કોઈ વિશેષ કાર્યવાહી કરવાની રહેતી હોવાનું જણાતુ ન હોય અપીલ અરજી દફતરે કરવામાં આવે છે. તેમજ ભવિષ્યમાં આર.ટી.આઈ.એકટ હેઠળની અરજીઓનો નિયત સમય મર્યાદામાં નિકાલ કરવા કાર્યપાલક ઈજનેરશ્રી અને જાહેર માહિતી અધિકારી સોલીડ વેસ્ટ વિભાગ (સો.વે.મે.) ને તાકીદ કરવામાં આવે છે.

નં.પીએચડી/પીઓ/આરટીઆઈ/અપીલ/
તા. /૦૯/૨૦૧૩

આરોગ્ય અધિકારી અને
એપેલેટ ઓફિસરશ્રી
સુરત મહાનગરપાલિકા.

# સુરત મહાનગરપાલિકા

અપીલ અરજી નં.SMC/PHD/FAP/33/2013.
Dt.27/08/2013.
આરોગ્ય મહેકમ વિભાગ

અરજદાર ::–શ્રી નિર્મલ કુમાર ઈંગલે.
સામાવાળા ::–કાર્યપાલક ઈજનેરશ્રી અને જાહેર માહિતી અધિકારી સોલીડ વેસ્ટ મેનેજમેન્ટ વિભાગ, સુરત મહાનગરપાલિકા.

અરજદારશ્રી ધ્વારા તેઓની તા.૦૧/૦૭/૨૦૧૩ ની (આઈ.ડી.નં.૭૧૭) અરજીનાં મુદ્દા નં.૫ બાબતે મળેલ જવાબથી નારાજ થઈ તા.૨૭/૦૮/૨૦૧૩ ના રોજ અપીલ અરજી કરેલ છે. અરજદારે તેમની મૂળ અરજીમાં પાંડેસરા, ઉધના, લીંબાયત વિસ્તારમાં આવેલ હોસ્પિટલો અને ડીસ્પેન્સરીઓના બાયોવેસ્ટ કલેકશનની કામગીરી બાબતે ૧ થી ૫ મુદ્દાની માહિતીની માંગણી કરેલ. અરજદારની તા.૦૧/૦૭/૨૦૧૩ ની મુળ અરજી જે ડે.ઈજનેરશ્રી અને જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલ ઝોન ધ્વારા પત્ર નં.સે.ઝોન/આરટીઆઈ/જાવક/૧૦૯૨ તા.૦૬/૦૭/૨૦૧૩ થી પર્સોનેલ ઓફિસરશ્રી આરોગ્ય વિભાગને તબદીલ કરેલ હતી જે આરોગ્ય મહેકમ વિભાગની કચેરીને તા.૦૮/૦૭/૨૦૧૩ ના રોજ મળેલ છે. જે અનુસંધાને આરોગ્ય મહેકમ વિભાગ તરફથી અરજદારની જાણ હેઠળ પત્ર નં.પીએચડી/પીઓ/ આરટીઆઈ/૪૮ તા.૧૨/૦૭/૨૦૧૩ થી જાહેર માહિતી અધિકારી અને નાયબ આરોગ્ય અધિકારીશ્રી ઉધના ઝોન,લિંબાયત ઝોન તથા કાર્યપાલક ઈજનેરશ્રી અને જાહેર માહિતી અધિકારી સોલીડ વેસ્ટ મેનેજમેન્ટ(સો.વે.મે.) વિભાગને અરજી સંપુર્ણ તબદીલ કરવામાં આવેલ હતી.

અરજદારની પ્રથમ અપીલ નં.CCC/C.ZONE/OUT/691 તા.૨૯/૦૮/૨૦૧૩ થી પાંડેસરા, ઉધના અને લિંબાયતમાં આવેલ હોસ્પિટલો અને ડીસ્પેન્સરીથી કલેકટ કરતા બાયોવેસ્ટ બાબતની કાર્યપાલક ઈજનેરશ્રી અને જાહેર માહિતી અધિકારી સોલીડ વેસ્ટ મેનેજમેન્ટ(સો.વે.મે.) વિભાગ તરફથી પત્ર નં.પીએચડી/ સો.વે.મે./ આ.નં./૧૩૦૯ તા.૨૩/૦૮/૨૦૧૩ થી મળેલ માહિતી પૈકીનાં "મુદ્દા નં.૫ નો જવાબ અસંતોષકારક અને અસ્પષ્ટ માલુમ પડે છે " તેમ જણાવી નારાજ થઈ અપીલ અરજી કરેલ છે. મુદ્દા નં.૫ મુજબ અરજદારશ્રી ધ્વારા" સદર એજન્સીનું નામ, ઈજારદારનું નામ, સંપર્ક નંબર, કેટલા વર્ષ માટે ઈજારો આપવામાં આવેલ છે. અને ઈજારો મેળવ્યે થી આજદીન સુધી કરેલ કામગીરીની સંપૂર્ણ માહિતી વિગતવાર પ્રમાણિત નકલમાં આપશોજી. "મુજબની માહિતી માંગેલ છે.

ઉપરોકત વિગતે આરોગ્ય મહેકમ વિભાગ તરફથી કાર્યપાલક ઈજનેરશ્રી અને જાહેર માહિતી અધિકારી સોલીડ વેસ્ટ મેનેજમેન્ટ (સો.વે.મે.)વિભાગને અરજદારની મુળ અરજીનાં મુદ્દા નં.૫ નાં અનુસંધાને આપવા જોગ પુરક માહિતીની વિગતો તથા વિલંબ વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતા સહ પહોંચતી કરવા પત્ર.નં.પીએચડી/ પીઓ/આરટીઆઈ/અપીલ/૫૩ તા.૧૩/૦૯/૨૦૧૩ તથા પત્ર નં.પીએચડી/પીઓ/આરટીઆઈ/અપીલ/૫૬ તા.૨૦/૦૯/૨૦૧૩ થી લેખિતમાં જણાવવામાં આવેલ હતું. તે મુજબ કાર્યપાલક ઈજનેરશ્રી અને જાહેર માહિતી અધિકારી સોલીડ વેસ્ટ મેનેજમેન્ટ વિભાગ ધ્વારા પત્ર નં.પીએચડી/સો.વે.મે./આ.નં./૧૫૧૯ તા.૨૬/૦૯/૨૦૧૩ થી પૂર્તતા રીપોર્ટ રજુ કરવામાં આવેલ છે.

અરજદાર મજકુરની ઉકત મુદ્દા નં.૫ થી માંગવામાં આવેલ માહિતી અન્વયે કાર્યપાલક ઈજનેરશ્રી અને જાહેર માહિતી અધિકારી સોલીડ વેસ્ટ મેનેજમેન્ટ ધ્વારા પુરી પાડવામાં આવેલ માહિતીની વિગત ધ્યાને લેતાં એજન્સીનું નામ, સંપર્ક નંબર, ઈજારાની મુદ્દતની માહિતી પુરી પાડવામાં આવેલ હોવાનું જણાય છે."જયારે ઈજારો મેળવ્યેથી આજદીન સુધી કરેલ કામગીરીની માહિતી અનુસંધાને એજન્સી ધ્વારા કરવામાં આવતી કામગીરીની માહિતી સદર એજન્સી પાસેથી ઉપલબ્ધ થઈ શકશે. "તે મુજબનો પ્રત્યુત્તર અરજદારને પાઠવવામાં આવેલ જણાય છે. પરંતુ અપીલ અરજીના મુદ્દા નં.૫ પરત્વેનો જવાબ અસ્પસ્ટ માલુમ પડે છે તેમ જણાવતાં મજકુર અરજદારને તેઓની અપીલ અરજીનાં અનુસંધાને રૂબરુ સુનાવણી અર્થે આરોગ્ય અધિકારી અને અપીલ અધિકારીશ્રી સુરત મહાનગરપાલિકાની આરોગ્ય ખાતાની મુખ્ય કચેરી મુગલીસરા સુરત ખાતે અનુક્રમે પત્ર.નં.પીએચડી/પીઓ/આર.ટી.આઈ/અપીલ/૬૨ તા.૦૫/૧૦/૨૦૧૩, પત્ર. નં.પીએચડી/પીઓ/આર.ટી.આઈ./અપીલ/૬૫ તા.૨૩/૧૦/૨૦૧૩ અને પત્ર નં.પીએચડી/પીઓ/આર.ટી.આઈ/ અપીલ/૭૩ તા.૧૪/૧૧/૨૦૧૩ ના રોજ એમ ત્રણ વખત અત્રેની કચેરીએથી જણાવવામાં આવેલ હતુ પરંતુ ઉકત તમામ દિને રૂબરુ સુનાવણી અર્થે અરજદાર હાજર રહયા નથી.

## —:: હુકમ ::—

અરજદારની મુળ અરજી, તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં તથા ઉકત વિગતે અરજદારે ઉપસ્થિત કરેલ અપીલ અરજીના મુદ્દા.નં.૫ ના અનુસંધાને ત્રણ વખત રૂબરુ સુનાવણી અર્થે હાજર રહેવા જણાવેલ હોવા છતાં અરજદાર રૂબરુ સુનાવણી અર્થે હાજર રહયા નથી. પરંતુ અપીલ અરજીના મુદ્દા.નં.૫ બાબતે અરજદારે ઉપસ્થિત કરેલ નારાજગી અંગે ખાતા પાસે સદર બાબતે જો રેકર્ડ આધારીત માહિતી ઉપલબ્ધ હોય તો તે આર.ટી.આઈ.એકટની કલમ–૭(૬) હેઠળ અરજદારને વિનામુલ્યે દિન–૭ માં અત્રેની કચેરીની જાણ હેઠળ પુરી પાડવા કાર્યપાલક ઈજનેરશ્રી અને જાહેર માહિતી અધિકારી સોલીડ વેસ્ટ મેનેજમેન્ટ વિભાગને જણાવવામાં આવે છે.

નં.પીએચડી/પીઓ/આરટીઆઈ/અપીલ/
તા.      /૧૧/૨૦૧૩

આરોગ્ય અધિકારી અને
એપેલેટ ઓફિસરશ્રી
સુરત મહાનગરપાલિકા.

# સુરત મહાનગરપાલિકા

RIGHT TO INFORMATION

અપીલ અરજી નં. SMC/PHD/FAP/36/2013-2014.
Dt.05/09/2013.
આરોગ્ય મહેકમ વિભાગ.

અરજદાર ::– શ્રી ધનસુખભાઈ કનૈયાલાલ સોલંકી.
સામાવાળા ::– જાહેર માહિતી અધિકારી અને સેકશન આફિસરશ્રી (આરોગ્ય), સુરત મહાનગરપાલિકા.

અરજદાર ધ્વારા તેઓની તા.૧૭/૦૬/૨૦૧૩ ની અરજી(આઈ.ડી.નં.૬૧૨) થી તા.૦૧/૦૧/૨૦૧૩ ના રોજ કમિશ્નરશ્રીને ઉદેશીને કરેલ અરજી અનફીટ રાહે વર્ગ–૪ નાં કર્મચારીનાં આશ્રિતને વર્ગ–૪ માં નિમણુંક મેળવવા કર્મચારી ગં.સ્વ.ભાણીબેન ભીખીબેનની અરજી તથા નિયમ ૧૦૧/૯૯ ઠરાવનો ભંગ કરી લેવામાં આવેલ કર્મચારીનાં આશ્રિત વિગેરે બાબતે કુલ–૪ મુદ્દાની માહિતીની માંગણી કરેલ અરજદારની તા.૧૭/૦૬/૨૦૧૩ ની મુળ અરજી ડે.ઈજનેરશ્રી અને જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલ ઝોન ધ્વારા પત્રનં.સે.ઝોન/આર.ટી.આઈ/જાવક/૯૦૬ તા.૧૮/૦૬/૨૦૧૩ થી પર્સોનેલ ઓફિસરશ્રી આરોગ્ય મહેકમ વિભાગને તબદીલ કરેલ હતી જે અરજી આરોગ્ય મહેકમ વિભાગની કચેરીને તા.૨૦/૦૬/૨૦૧૩ ના રોજ પ્રાપ્ત થયેલ છે. જે અનુસંધાને આરોગ્ય મહેકમ વિભાગ તરફથી જે તે સત્તામંડળનાં કાર્યક્ષેત્રને લાગત વિભાગને અરજદારની જાણ હેઠળ પત્ર નં.પી.એચ.ડી/પી.ઓ/આર.ટી.આઈ/૪૩ તા.૨૬/૦૬/૨૦૧૩ થી સેકશન ઓફિસર અને જાહેર માહિતી અધિકારીશ્રી મધ્યસ્થ મહેકમ વિભાગને તબદીલ કરવામાં આવેલ હતી.

અરજદારને મળેલ માહિતી સંદર્ભે અનફીટ રાહે વર્ગ–૪ ના કર્મચારીનાં આશ્રિતને વર્ગ–૪ માં નિમણુંક મેળવવા કર્મચારી ગં.સ્વ.ભાણીબેન ભીખીબેનની અરજી તથા નિયમ ૧૦૧/૯૯ ઠરાવનો ભંગ કરી લેવામાં આવેલ કર્મચારીનાં આશ્રિત વિગેરે બાબતે જાહેર માહિતી અધિકારીશ્રી અને સેકશન ઓફિસર (આરોગ્ય મહેકમ) વિભાગમાંથી ૩૦ દિવસ પૂર્ણ થયેલ હોવા છતાં કોઈપણ પ્રકારનો પ્રતયુત્તર આપવામાં આવેલ નથી તેમ જણાવી તા.૦૪/૦૯/૨૦૧૩ના રોજ પ્રથમ અપીલ અરજી કરેલ છે. અરજદારે તેમની મુળ અરજીમાં ૧થી ૪ મુદ્દાની માહિતી માંગેલ જે તમામ મુદ્દાઓ આરોગ્ય મહેકમ વિભાગને લાગત જણાતાં ન હોય અને તે મધ્યસ્થ મહેકમ વિભાગને સંપુર્ણ લાગત જણાતાં હોય અરજદારે માંગેલ માહિતી પરત્વે જાહેર માહિતી અધિકારી અને સેકશન આફિસરશ્રી (મધ્યસ્થ મહેકમ) વિભાગને અરજદારશ્રીની જાણ હેઠળ અરજી સંપુર્ણ તબદીલ કરેલ છે.

અરજદાર ધ્વારા 'ના' ના મળેલ પ્રતિભાવથી નારાજ થઈ પ્રથમ અપીલ અરજી કરેલ છે તથા સદર અપીલ જે તે ખાતાને લાગતી હોય ત્યા તબદીલ કરશોજી એમ જણાવેલ જે બાબતે ઉકત વિગતે અરજદાર ધ્વારા માહિતી માંગતી અરજીમાં માંગવામાં આવેલ માહિતી /દસ્તાવેજની વિષય વસ્તુ બીજા જાહેર સત્તામંડળને લાગત જણાતી હોય જાહેર માહિતી અધિકારી અને સેકશન આફિસરશ્રી (મધ્યસ્થ મહેકમ) પ્રતિ સંપુર્ણ તબદીલ કરવામાં આવેલ હોવાનું જણાય છે જયારે અરજદાર ધ્વારા અપીલ અરજીમાં જે વિભાગને લાગત હોય તે વિભાગને અપીલ અરજી તબદીલ કરવા જણાવેલ હોય અપીલ અરજી અપીલ અધિકારી અને પર્સોનેલ ઓફિસરશ્રી (મધ્યસ્થ મહેકમ) વિભાગને સંપુર્ણ તબદીલ કરવામાં આવેલ છે.

–:: હુકમ ::–

અરજદારની તા.૧૭/૦૬/૨૦૧૩ ની અરજીથી માંગવામાં આવેલ માહિતીનાં મુદ્દાઓ આરોગ્ય મહેકમ વિભાગને લાગત જણાતાં ન હોય અને તે મધ્યસ્થ મહેકમ વિભાગને સંપુર્ણ લાગત જણાતાં હોય જાહેર માહિતી અધિકારીશ્રી અને સેકશન ઓફિસર (આરોગ્ય મહેકમ) વિભાગ તરફથી જે તે સત્તામંડળના કાર્યક્ષેત્રને લાગત વિભાગને અરજદારની જાણ હેઠળ અરજી તબદીલ કરવામાં આવેલ છે તથા અરજદાર ધ્વારા પ્રથમ અપીલ કરી સંબંધિત વિભાગને અપીલ અરજી તબદીલ કરવા જણાવેલ હોય અપીલ અરજી અરજી અપીલ અધિકારી અને પર્સોનેલ ઓફિસરશ્રી (મધ્યસ્થ મહેકમ)વિભાગને તબદીલ કરવામાં આવેલ હોય અપીલ અરજી સંદર્ભે કોઈ વિશેષ કાર્યવાહી કરવાની રહેતી ન હોય,અપીલ અરજી દફતરે કરવામાં આવે છે.

નં.પીએચડી/પીઓ/આરટીઆઈ/અપીલ/
તા. /૦૯/૨૦૧૩

અપીલ અધિકારી અને
પર્સોનેલ ઓફિસર
સુરત મહાનગરપાલિકા.

# સુરત મહાનગરપાલિકા

RIGHT TO INFORMATION

અપીલ અરજી નં.SMC/PHD/FAP/40/2013.
Dt.05/10/2013.
આરોગ્ય મહેકમ વિભાગ.

અરજદાર ::– શ્રી જગતનારાયણ શર્મા.

સામાવાળા ::–જાહેર માહિતી અધિકારી અને ચીફ ફુડ ઈન્સ્પેકટરશ્રી, ફુડ વિભાગ, સુરત મહાનગરપાલિકા.

અરજદારશ્રી ધ્વારા તેઓની તા.૧૮/૦૭/૨૦૧૩ ની (આઈ.ડી.નં.૨૯૪/૬૦૦/૩૩૫૭) અરજીનાં મુદ્દા નં.૭ બાબતે માહિતી મળેલ ન હોય તથા અન્ય માહિતી ખોટી અને અધુરી પુરી પાડવામાં આવેલ હોવાનું જણાવી નારાજ થઈ તા.૧૭/૦૯/૨૦૧૩ ના રોજ અપીલ અરજી કરેલ છે. અરજદારે તેમની મૂળ અરજીમાં ક્રાંતિ ક્રાઈમ ન્યુઝ અખબારમાં ઉધના ગામ ખાતે ભગવતી નગર સ્થિત ધરતી નમકીનની ફેકટરી અંગેના અહેવાલ બાદ કરવામાં આવેલ કાર્યવાહી તથા ચીફ ફુડ ઈન્સ્પેકટરની કામગીરી, વર્ક ડાયરી વિગેરે બાબતે ૧ થી ૭ મુદ્દાની માહિતીની માંગણી કરેલ હતી. અરજદારની તા.૦૧/૦૭/૨૦૧૩ ની મુળ અરજી જે ઈ.ચા.નાયબ આરોગ્ય અધિકારીશ્રી સાઉથ ઝોન ઉધના ધ્વારા પત્ર નં.સા.ઝોન/આઉટ/૨૯૪ તા.૨૦/૦૭/૨૦૧૩ થી ચીફ ફુડ ઈન્સ્પકટરશ્રી ફુડ વિભાગને તબદીલ કરેલ હતી.

અરજદારની પ્રથમ અપીલ નં.CCC/S.ZONE/IN/646 તા.૧૭/૦૯/૨૦૧૩ થી ક્રાંતિ ક્રાઈમ ન્યુઝ અખબારમાં ઉધના ગામ ખાતે ભગવતી નગર સ્થિત ધરતી નમકીનની ફેકટરી અંગેના અહેવાલ બાદ કરવામાં આવેલ કાર્યવાહી તથા ચીફ ફુડ ઈન્સ્પેકટરની કામગીરી, વર્ક ડાયરી વિગેરે બાબતે ૧ થી ૭ મુદ્દાની માહિતીની પત્ર નં.પીએચડી/ફુડ/૬૯૨ તા.૨૭/૦૮/૨૦૧૩ થી પુરી પાડવામાં આવેલ જણાય છે પરંતુ અરજદારની આરટીઆઈ ની અરજીનાં મુદ્દા નં.૭ ની માહિતીની નકલ મળેલ ન હોવાનું તથા તેઓને મળેલ માહિતી ખોટી અને અધુરી પુરી પાડવામાં આવેલ હોવાનું જણાવેલ છે.

ઉપરોકત વિગતે આરોગ્ય મહેકમ વિભાગ તરફથી જાહેર માહિતી અધિકારીશ્રી અને ચીફ ફુડ ઈન્સ્પેકટરશ્રી આરોગ્ય વિભાગ તરફથી અરજદારની મુળ અરજીનાં મુદ્દા નં.૭ નાં અનુસંધાને આપવા જોગ પુરક માહિતીની વિગતો તથા વિલંબ વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતા સહ પહોંચતી કરવા પત્ર.નં.પીએચડી/ પીઓ/આરટીઆઈ/અપીલ/૫૩ તા.૧૩/૦૯/૨૦૧૩ તથા પત્ર નં.પીએચડી/પીઓ/આરટીઆઈ/અપીલ/૫૬ તા.૨૦/૦૯/૨૦૧૩ થી લેખિતમાં જણાવવામાં આવેલ હતું. પરંતુ જાહેર માહિતી અધિકારીશ્રી અને ચીફ ફુડ ઈન્સ્પેકટર આરોગ્ય વિભાગ ધ્વારા કોઈ પૂર્તતા રીપોર્ટ રજુ કરવામાં આવેલ નથી.

અરજદાર મજકુરની ઉકત મુદ્દા નં.૧થી ૭ થી માંગવામાં આવેલ માહિતી અન્વયે જાહેર માહિતી અધિકારીશ્રી અને ચીફ ફુડ ઈન્સ્પેકટર આરોગ્ય વિભાગ ધ્વારા અરજદાર મજકુરને પત્ર નં.પીએચડી/ફુડ/ ૬૯૨ તા.૨૭/૦૮/૨૦૧૩ થી પુરી પાડવામાં આવેલ જણાય છે. પરંતુ અપીલ અરજીનાં મુદ્દા નં.૭ પરત્વેનો જવાબ સાચો નથી અમને વર્ક ડાયરીની કોઈ નકલ મળેલ નથી તેમ જણાવેલ છે જયારે મજકુર અરજદારને તેઓની આરટીઆઈની અરજીનાં અનુસંધાને મુદ્દા નં.૭ થી માંગેલ માહિતી બાબતે જાહેર માહિતી અધિકારીશ્રી અને ચીફ ફુડ ઈન્સ્પેકટર ધ્વારા પુરી પાડવામાં આવેલ માહિતીમાં નકલ સામેલ કરેલ છે તેવુ જણાતાં અરજદારને રૂબરુ સુનાવણી અર્થે આરોગ્ય અધિકારી અને અપીલ અધિકારીશ્રી સુરત મહાનગરપાલિકાની આરોગ્ય ખાતાની મુખ્ય કચેરી મુગલીસરા સુરત ખાતે અનુક્રમે પત્ર.નં.પીએચડી/પીઓ/આર.ટી.આઈ/ અપીલ/૬૪ તા.૨૨/૧૦/૨૦૧૩, પત્ર.નં.પીએચડી/પીઓ/આર.ટી.આઈ/અપીલ/૭૨ તા.૧૪/૧૧/૨૦૧૩ અને પત્ર નં.પીએચડી/પીઓ/આર.ટી. આઈ/અપીલ/૭૫ તા.૨૮/૧૧/૧૩ ના રોજ એમ ત્રણ વખત અત્રેની કચેરીએથી જણાવવામાં આવેલ હતુ પરંતુ ઉકત તમામ દિને રૂબરુ સુનાવણી અર્થે અરજદાર હાજર રહયા નથી.

**—:: હુકમ ::—**

અરજદારની મુળ અરજી, તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં તથા ઉકત વિગતે અરજદારે ઉપસ્થિત કરેલ અપીલ અરજીના મુદ્દા.નં.૭ ના અનુસંધાને ત્રણ વખત રૂબરુ સુનાવણી અર્થે હાજર રહેવા જણાવેલ હોવા છતાં અરજદાર રૂબરુ સુનાવણી અર્થે હાજર રહયા નથી. પરંતુ અપીલ અરજીના મુદ્દા.નં.૭ બાબતે અરજદારે ઉપસ્થિત કરેલ નારાજગી અંગે ખાતા પાસે ઉપલબ્ધ રેકર્ડ આધારીત માહિતી આર.ટી.આઈ.એકટની કલમ–૭(૬) હેઠળ અરજદારને વિનામુલ્યે દિન–૭ માં અત્રેની કચેરીની જાણ હેઠળ પુરી પાડવા જાહેર માહિતી અધિકારીશ્રી અને ચીફ ફુડ ઈન્સ્પેકટર આરોગ્ય વિભાગને જણાવવામાં આવે છે.

નં.પીએચડી/પીઓ/આરટીઆઈ/અપીલ/
તા.    /૧૨/૨૦૧૩

આરોગ્ય અધિકારી અને
એપેલેટ ઓફિસરશ્રી
સુરત મહાનગરપાલિકા.

# સુરત મહાનગરપાલિકા

અપીલ અરજી નં.
SMC/PHD/FAP/42/2013.
Dt.17/10/2013.
આરોગ્ય મહેકમ વિભાગ.

અરજદાર ::— શ્રી નરેશભાઈ નાનજીભાઈ બથવાર.

સામાવાળા ::— નાયબ આરોગ્ય અધિકારીશ્રી અને જાહેર માહિતી અધિકારી વેકસીનેશન વિભાગ, સુરત મહાનગરપાલિકા.

અરજદારશ્રી ધ્વારા તેઓની તા.૧૫/૦૭/૨૦૧૩ ની (આઈ.ડી.નં.૮૧૦) અરજીનાં મુદ્દા નં.૩ બાબતે મળેલ જવાબથી નારાજ થઈ તા.૧૩/૦૯/૨૦૧૩ ના રોજ અપીલ અરજી કરેલ છે. અરજદારે તેમની મૂળ અરજીમાં મજકુર શ્રી કિરણ દોલતભાઈ દેસાઈ સને ૧૯૯૫ થી ૧૯૯૭ સુધી આર.પી.હોર્ટીકલ્ચર સર્વિસ પ્રાઈવેટ લીમીટેડમાં નોકરી કરેલ છે જો આ રીતે કિરણ દોલતભાઈ દેસાઈએ સુપરવાઈઝર તરીકે સદર ઈજારદારને ત્યાં નોકરી કરેલ હોય અને તા.૮/૮/૮૯ થી હંગામી ધોરણે એસ.એમ.સીમાં નોકરી કરતા હતા,બે જગ્યાએ કઈ રીતે નોકરી કરી શકે સમય સુપરવાઈઝર અને તા.૮/૮/૮૯ થી હંગામી ધોરણે એસ.એમ.સીમાં પોલીયોના ડોઝ પીવડાવવામાં સમય અંગેની માહિતી અને બે જગ્યાએ નોકરી કરવા અંગેની માહિતી બાબતની માંગણી કરેલ.અરજદારની તા.૧૫/૦૭/૨૦૧૩ ની મુળ અરજી જે નાયબ આરોગ્ય અધિકારીશ્રી અને જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલ ઝોન ધ્વારા અરજદારની જાણ હેઠળ પત્ર નં.સી.ઝેડ/આરટીઆઈ/ આરોગ્ય/આઉટ/૯૦ તા.૦૬/૦૭/૨૦૧૩ થી નાયબ આરોગ્ય અધિકારીશ્રી અને જાહેર માહિતી અધિકારી વેકસીન વિભાગને આંશિક તબદીલ કરેલ હતી જે અનુસંધાને વેકસીન વિભાગ તરફથી અરજદારને પત્ર નં.પીએચડી/વીઅસસી/૩૧૬ તા.૧૭—૨૫/૦૭/૨૦૧૩ થી સમયમર્યાદામા સુરત મહાનગરપાલિકામાં પલ્સ પોલીયો ઈમ્યુનાઈઝેશનની કામગારી અંગે ફરજ બજાવવા માટેના ઓર્ડર અત્રેની કચેરીએથી સુરત મહાનગરપાલિકાના તાલીમાર્થી, હંગામી, કાયમી કર્મચારીઓ તથા અન્ય સેવાભાવી સંસ્થાઓ તેમજ નવી સિવિલ, સ્મીમેર, આયુર્વેદીક, સી.ડી. પચ્ચીગર હોમિયોપેથી જેવી કોલેજોના મેડીકલ સ્ટુડન્ટો, અને વિવિધ નર્સિંગ કોલેજના સ્ટુડન્ટોના કામગીરી અંગેના હુકમો કાઢવામાં આવે છે. અને પલ્સ પોલીયો કાર્યક્રમમાં આ કામગીરી માટે સમય સવારે ૮:૦૦ થી ૫:૦૦ નો હોય છે જયારે તમોએ માંગેલ માહિતીમાં કિરણ દોલતભાઈ દેસાઈ તા.૦૮/૦૮/૧૯૯૮ થી હંગામી ધોરણે ફરજ બજાવતાં હોવાનું જણાવેલ છે. તે માંગેલ માહિતીનો રેકર્ડ અત્રે ઉપલબ્ધ નથી તે મુજબનો પ્રત્યુત્તર પાઠવેલ છે.

અરજદાર ધ્વારા ઉપરના પ્રત્યુત્તરથી નારાજ થઈ ઉકત વિગતે તા.૧૭/૧૦/૨૦૧૩ ના રોજ અપીલ કરેલ છે.જે અન્વયે તઓશ્રી ધ્વારા શ્રી કિરણ દોલતભાઈ દેસાઈની અરજી તા.૨૦/૦૭/૨૦૧૩ ના રોજ વેકસીન વિભાગમાં તબદીલ કરેલ છે "પરંતુ કોઈ માહિતી અમો અરજદારને આપેલ નથી" મુજબની રજુઆત કરેલ છે. જેના અનુસંધાનમાં આરોગ્ય મહેકમ વિભાગ તરફથી પત્ર નં.પીએચડી/પીઓ/આરટીઆઈ/અપીલ/૬૬ તા.૨૩/૧૦/૨૦૧૩ થી અરજદારશ્રીને તથા પત્ર નં.પીએચડી/પીઓ/આરટીઆઈ/અપીલ/૬૭ તા.૨૩/૧૦/૨૦૧૩ થી નાયબ આરોગ્ય અધિકારીશ્રી અને જાહેર માહિતી અધિકારી વેકસીનેશન વિભાગને અરજદારની અપીલ સંદર્ભે પુર્તતા રીપોર્ટ કે અન્ય કોઈ રજુઆત હોય તો દિન—૫ માં મોકલી આપવા જણાવેલ.જે અન્વયે અરજદાર તરફથી કોઈ નકકર પુરાવા રજુ કરવામાં આવેલ નથી કે આજદિન સુધી કોઈ લેખીતમાં પુર્તતા રજુ થયેલ નથી. જયારે જાહેર માહિતી અધિકારી અને નાયબ આરોગ્ય અધિકારીશ્રી વેકસીનેશન વિભાગ તરફથી પત્ર નં.પીએચડી/વીઅસસી/૩૧૬ તા.૧૭—૨૫/૦૭/૨૦૧૩ થી મજકુર અરજદારને વેકશીનેશન વિભાગને લાગત માહિતી ઉકત વિગતે પુરી પાડવામાં આવેલ હોવાનુ જણાય છે.

જયારે કિરણ દોલતભાઈ દેસાઈ તા.૦૮/૦૮/૧૯૯૮ થી હંગામી ધોરણે ફરજ બજાવતાં હોવાનું જણાવેલ છે.તે માંગેલ માહિતીનો રેકર્ડ ઉપલબ્ધ નથી તે મુજબનો પ્રત્યુત્તર પાઠવેલ છે. વધુમાં આર.ટી.આઈ એકટની કલમ ૨(એફ), અને ૨(જે) હેઠળ અને માહિતી અધિકારની વ્યાખ્યા અન્વયે જાહેર સત્તામંડળ પાસેની અથવા તેનાં નિયંત્રણ હેઠળની દફતરી ઉપલબ્ધ માહિતી પુરી પાડવાની જોગવાઈ છે.

## —:: હુકમ ::—

અરજદારની મુળ અરજી, અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતા ઉકત વિગતે નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૧૫/૦૭/૨૦૧૩ ની આર.ટી.આઈ.ની અરજીથી માંગવામાં આવેલ માહિતી સંદર્ભે જાહેર માહિતી અધિકારી અને નાયબ આરોગ્ય અધિકારીશ્રી વેકસીન વિભાગ ધ્વારા દફતરી ઉપલબ્ધ હકીકતલક્ષી માહિતી પત્ર નં.પીએચડી/વીઅસસી/૩૧૬તા.૧૭—૨૫/૦૭/૨૦૧૩ થી સમયમર્યાદામાં અરજદારને પુરી પાડવામાં આવેલ હોવાનું જણાય છે.

આમ અપીલ સંદર્ભે વધુ કોઈ કાર્યવાહી કરવાની રહેતી ન હોય,અપીલ અરજી દફતરે કરવામાં આવે છે.

નં.પીએચડી/પીઓ/આરટીઆઈ/અપીલ/
તા. /૧૧/૨૦૧૩

ઈ.ચા.આરોગ્ય અધિકારી અને
એપેલેટ ઓફિસરશ્રી
સુરત મહાનગરપાલિકા.

# સુરત મહાનગરપાલિકા

અપીલ અરજી નં. SMC/PHD/FAP/44/2013. Dt.18/10/2013.

આરોગ્ય મહેકમ વિભાગ.

અરજદાર ::– શ્રી કમલેશ જે માલી.

સામાવાળા ::– જાહેર માહિતી અધિકારી અને ઓફીસર ઈન્ચાર્જ પબ્લીક હેલ્થ લેબોરેટરી, સુરત મહાનગરપાલિકા.

અરજદારશ્રી ધ્વારા તેઓની તા.૦૬/૦૯/૨૦૧૩ ની (આઈ.ડી.નં.–) અરજીનાં મુદ્દા બાબતે મળેલ જવાબથી નારાજ થઈ તા.૧૧/૧૦/૨૦૧૩ ના રોજ અપીલ અરજી કરેલ છે. અરજદારે તેમની મૂળ અરજીનાં મુદ્દા.નં.૧ અન્વયે સુરત મહાનગરપાલિકાની લેબોરેટરીને પી.એફ.એ.ની કલમ ૨૩(ee) મુજબ સરકારી ધોરણે નોટીફાઈડ કરેલ છે તે અંગેના દસ્તાવેજો તથા મુદ્દા.નં.૨ અન્વયે પી.એ.શ્રી રાય એ નિયમ ૬(૨) મુજબ બોર્ડની પરિક્ષા આપેલ હોય તો તેની માહિતી અથવા સર્ટિફીકેટ આપવા બાબત માંગણી કરેલ.અરજદારની તા.૦૬/૦૯/૨૦૧૩ ની મુળ અરજી જે જાહેર માહિતી અધિકારી અને ચીફ ફુડ ઈન્સ્પેકટરશ્રી ફુડ વિભાગ ધ્વારા પત્ર નં.પી.એચ.ડી./ફુડ/૭૭૪ તા.૧૨/૦૯/૨૦૧૩ થી જાહેર માહિતી અધિકારી અને ઓફીસર ઈન્ચાર્જ પબ્લીક હેલ્થ લેબોરેટરીને તબદીલ કરેલ હતી જે અનુસંધાને જાહેર માહિતી અધિકારી અને ઓફીસર ઈન્ચાર્જ પબ્લીક હેલ્થ લેબોરેટરી ધ્વારા અરજદારને પત્રનં.પીએચડી/પીએચએલ/આઉટ/૪૫૨ તા.૦૧/૧૦/૨૦૧૩ થી અરજદાર મજકુરને સમયમર્યાદામાં માહિતી પુરી પાડવામાં આવેલ જણાય છે.

અરજદાર ધ્વારા ઉપરના પ્રત્યુત્તરથી નારાજ થઈ ઉકત વિગતે તા.૧૧/૧૦/૨૦૧૩ ના રોજ અપીલ કરેલ છે.જે અન્વયે તઓશ્રી ધ્વારા સુરત મહાનગરપાલિકાની લેબોરેટરીને પી.એફ.એ.ની કલમ ૨૩(ee) મુજબ સરકારી ધોરણે નોટીફાઈડ કરેલ છે તે અંગેના દસ્તાવેજો તથા મુદ્દા.નં.૨ અન્વયે પી.એ.શ્રી રાય એ નિયમ ૬(૨) મુજબ બોર્ડની પરિક્ષા આપેલ હોય તો તેની માહિતી અથવા સર્ટિફીકેટ આપવા બાબત માંગણી કરેલ છે. જેના અનુસંધાનમાં આરોગ્ય મહેકમ વિભાગ તરફથી પત્ર નં.પીએચડી/પીઓ/આરટીઆઈ/અપીલ/૬૯ તા.૨૩/૧૦/૨૦૧૩ થી અરજદારશ્રીને તથા પત્ર નં.પીએચડી/પીઓ/આરટીઆઈ/અપીલ/૬૯ તા.૨૩/૧૦/૨૦૧૩ થી જાહેર માહિતી અધિકારી અને ઓફીસર ઈન્ચાર્જ પબ્લીક હેલ્થ લેબોરેટરીને તેઓના અપીલ સંદર્ભે પુર્તતા રીપોર્ટ કે અન્ય કોઈ રજુઆત હોય તો દિન–૫ માં મોકલી આપવા જણાવેલ. જે અન્વયે અરજદાર તરફથી કોઈ નકકર પુરાવા રજુ કરવામાં આવેલ નથી કે આજદિન સુધી કોઈ લેખીતમાં પુર્તતા રજુ કરેલ નથી. જયારે જાહેર માહિતી અધિકારી અને ઓફીસર ઈન્ચાર્જ પબ્લીક હેલ્થ લેબોરેટરી તરફથી પત્ર.નં.પીએચડી/પીએચએલ/આઉટ/૫૦૮ તા.૨૯/૧૦/૨૦૧૩ થી તેમનો પુર્તતા રીપોર્ટ રજુ કરેલ છે. જે અનુસંધાને અરજદારને અપીલ અરજી પરત્વે ચોકકસ કયા પ્રકારની માહિતીની જરૂરરીયાત છે તે જાણી શકાતુ ન હોય અરજદારને રૂબરુ સુનાવણી અર્થે તા.૨૨/૧૧/૨૦૧૩ ના રોજ સાંજે ૪.૦૦ કલાકે આરોગ્ય અધિકારી અને એપેલેટ ઓફીસરશ્રી સમક્ષ હાજર રહેવા જણાવવામાં આવેલ હતુ તે મુજબ મજકુર અરજદાર તથા જાહેર માહિતી અધિકારીશ્રી અને ઓફીસર ઈન્ચાર્જ (પબ્લીક હેલ્થ લેબોરેટરી) ઉકત સ્થળે રૂબરુ સુનાવણી અર્થે હાજર રહયા હતા.

આમ અરજદારની અપીલ તબકકે કરેલ રજુઆત તથા જાહેર માહિતી અધિકારીશ્રી અને ઓફીસર ઈન્ચાર્જ (પબ્લીક હેલ્થ લેબોરેટરી) તરફથી ઉકત વિગતે રજુ કરવામાં આવેલ પુર્તતા રીપોર્ટ ધ્યાને લઈ નીચે મુજબનો હુકમ કરી અપીલ અરજીનો નિકાલ કરવામાં આવે છે.

## –:: હુકમ ::–

અરજદારની મુળ અરજી, અપીલ અરજી સંદર્ભે થયેલ રૂબરૂ સુનાવણી તથા અરજદાર ધ્વારા ઉપસ્થિત કરેલ રજુઆત ધ્યાને લઈ અરજદારની તા.૦૬/૦૯/૨૦૧૩ ની અરજીથી માંગવામાં આવેલ માહિતીનાં મુદ્દા પરત્વે પુરી પાડવામાં આવેલ માહિતી પૈકીની બાકી રહેલ માહિતી અત્રેની કચેરીની જાણ હેઠળ દિન–૦૭ માં અરજદારને આર.ટી.આઈ ની કલમ–૭(૬)હેઠળ વિના મુલ્યે પુરી પાડવા જાહેર માહિતી અધિકારીશ્રી અને ઓફીસર ઈન્ચાર્જ (પબ્લીક હેલ્થ લેબોરેટરી) ને જણાવવામાં આવે છે.

નં.પીએચડી/પીઓ/આરટીઆઈ/અપીલ/
તા. /૧૧/૨૦૧૩

આરોગ્ય અધિકારી અને
એપેલેટ ઓફિસરશ્રી
સુરત મહાનગરપાલિકા.